પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ 3 ॥

ૐ નમો અરિહંતાણં

ૐ હ્રીં નમો અરિહંતાણં

ૐ હ્રીં શ્રીં નમો અરિહંતાણં

ૐ હ્રીં શ્રીં ક્લીં નમો અરિહંતાણં

ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લીં નમો અરિહંતાણં

ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લીં બ્લૂં નમો અરિહંતાણં

ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લીં બ્લૂં હ્મ્લ્વ્ર્યૂં નમો અરિહંતાણં

ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લીં બ્લૂં હ્મ્લ્વ્ર્યૂં અર્હં નમો અરિહંતાણં

ૐ હ્રીં અર્હં નમો અરિહંતાણં ।

## પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

૧ અક્ષરના મંત્રો: (a) ૐ। (b) અ। (c) સિ।

૨ અક્ષરના મંત્રો: (a) ૐ હ્રીં। (b) સિદ્ધ। (c) અસિ।

૪ અક્ષરના મંત્રો: (a) અરિહંત। (b) અ સિ સાહુ।

૫ અક્ષરના મંત્રો: (a) અસિઆઉસા।
(b) નમો સિદ્ધાણં।

૬ અક્ષરના મંત્રો: (a) અરિહંત સિદ્ધ।
(b) ૐ નમ: સિદ્ધેભ્ય:।
(c) નમોઽર્હત્સિદ્ધેભ્ય:।
(d) અરિહંત સિસા।

૭ અક્ષરનો મંત્ર: ૐ હ્રીં શ્રીં અર્હં નમ:।

૮ અક્ષરનો મંત્ર: ૐ નમો અરિહંતાણં।

૧૩ અક્ષરનો મંત્ર:
ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રૌં હ્ર: અસિઆઉસા નમ:।

૧૪ અક્ષરનો મંત્ર:
ૐ અરિહંત સિદ્ધ સયોગી કેવલી સ્વાહા।

૧૬ અક્ષરના મંત્રો:
(a) 'અરિહંત સિદ્ધ આયરિય ઉવજ્ઝાય સાહુ।'
(b) 'નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય:।'

૩૫ અક્ષરનો મંત્ર: નવકારનાં પ્રથમ પાંચ પદ.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

|| ૩ ||



## પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પુનર્મુદ્રણ : આવૃત્તિ - ૨ : ફેબ્રુઆરી - ૨૦૨૧

ह्रीँ


## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## ☐ VOLUME - 3 (Reprint - 1)

February 2021
200 Copies / 224 Pages
For Private Circulation only.

---

## ☐ PUBLISHER



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com


---


## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ☐ ENHANCED & DESIGNED BY



Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500



## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle


---


## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.

શ્રીઁ

# પુનર્મુદ્રણ વેળાએ...

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથશ્રેણી અત્યારે અધ્યાત્મપૂજ્યો તથા આરાધકોમાં સ્વાધ્યાયની પરમ શ્રેણી બની રહી છે. આ ગ્રંથનાં જેમ-જેમ ભાગો છપાતાં જાય છે, તેમ-તેમ અનેકોના હાથમાં અને હૃદયમાં રમતા થઈ રહ્યા છે. પ્રથમ તો કલ્પના પણ ન હતી કે આ ભાગોને આટલા જલ્દી પુનર્મુદ્રિત કરવા પડશે, કિન્તુ ઉત્તરોત્તર માંગ વધતી જતી હોવાના કારણે પ્રથમ બે ભાગની નવી આવૃત્તિ છપાયા પછી આજે ત્રીજા ભાગની પણ બીજી આવૃત્તિ પ્રકટ થવા જઈ રહી છે, તેનો હર્ષ છે.


પૂજ્ય સાહેબજીનાં ચિંતનો-અનુપ્રેક્ષાઓ ઉપરાંત તેમને જે કાંઈ સારૂં, ઉપયોગી કે જે લખાણની ઉપર કંઈક વિશેષ ચિંતન કરવા જેવું લાગ્યું હોય, તે માટે તેમ જ અન્ય દર્શનીઓના પદાર્થોને સમન્વયદ્રષ્ટિથી ચિંતવવા માટે પણ આ ડાયરીઓમાં સર્વ નોંધી રાખેલ. વિશેષતા તો એ છે કે સાહેબજીએ તે તે નોંધો કોઈની પાસે લખાવવાને બદલે સ્વયંના હસ્તાક્ષરમાં જ લખી છે અને ફરી તેમના અક્ષરોમાં જ આપણા સુધી પહોંચે, તેવો અમારો આગ્રહ એટલા માટે રહ્યો છે કે આ અક્ષરોમાં ગોપિત સાહેબજીના આંતરભાવોની સ્પર્શના આપણને પણ થાય.

હાં! પૂર્વે કેટલાક પુણ્યાત્માઓનો મત હતો કે સાદા અક્ષરોમાં આ લખાણ લેવાથી મેટર વધુ સમાઈ શકે પણ... અનેકોનું મંતવ્ય હતું કે સાહેબજીના અક્ષરોમાં અમોને તેઓનું ભાવસાંન્નિધ્ય પણ સાંપડે છે, માટે તેમના હસ્તાક્ષરમાં જ રાખો. સાહેબજીના અંગ્રેજીલિપિનું લખાણ પણ સુવાચ્ય અને સુરમ્ય હોવાથી વાચકને ગમે છે, તેથી તે પણ જેમ છે, તેમ જ રાખીને પ્રગટ કરાવવાથી ખૂબ જ ઉપયોગી બની રહ્યું છે. **સાધ્વીજી જિનમતિશ્રીજી મહારાજ**, મુંબઈ-વડોદરાનાં પરમ ગુરૂભકતાત્મા સુશ્રાવક **સી.કે.મહેતા** તથા અમારા રાજકોટનાં સુશ્રાવકરત્ન શશીકાંતભાઈનાં પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નાં યોગદાનને અંતરનાં ભાવોથી અનુમોદીએ છીએ.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

૦૫.૦૨.૨૦૨૧

જામનગર



# 'સાધ્યવ્યાધિકલ્પ' સમા આ હસ્તાક્ષરો...



મૈત્ર્યાદિભાવ સંપન્ન, પરમપૂજ્ય પરમગુરુદેવ પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી કહેતાઃ ‘‘સાધનાની સિદ્ધિ માટે આરાધના રુપે જાપ, ચિંતન કે લેખન - જે કંઈ કરો તેનું પરમ સાતત્ય અને અનુસંધાન જોઈએ.’’ સાહેબજી જે કહેતા તે તેમના જીવનમાં હોય જ અને પોતે પ્રાયઃ તેને અનુભવસિદ્ધ કરીને જ કહે. એનું પ્રત્યક્ષ પ્રમાણ એટલે રોજનીશીરૂપે લખાયેલ ચિંતન-લેખનની આ અદ્‌ભૂત હસ્તલિખિત ડાયરીઓ. એના લખાણને જોતાં સ્પષ્ટ અનુભવાય કે સાહેબજીને હૃદયસ્થ આત્મા-આત્મદ્રવ્ય ગુણો-મૈત્ર્યાદિભાવો-પંચપરમેષ્ઠિ અને એને અનુસરતા પોતાના તત્ત્વચિંતનો ઉપરાંત જે કંઈ અન્ય ચિંતનો વાંચવા-જાણવા-સાંભળવા મળ્યાં, તેને પણ અહીં સમાવિષ્ટ કર્યા છે.

વિચાર આવે છે કે જ્યારે પૂજ્યશ્રીએ આ ચિંતનો ડાયરીમાં નોંધ્યા હશે ત્યારે કલ્પના પણ નહીં કરી હોય કે મહામૂલાં આ ચિંતનો સાંપ્રતકાળે અને અનાગતમાં અનેક આત્માઓને અધ્યાત્મિક ભાવોથી ભાવિત બનાવી પરમગતિના દ્વાર ખોલી આપશે!

સાહેબજી બહુધા ‘નવકારવાળા મહારાજ’ તરીકે ઓળખાતા અને આજે પણ ઓળખાય છે. શ્રી નવકારના ૬૮ અક્ષરો તો આપણને પૂણ્યબળે જન્મસંપ્રાપ્ત છે જ, કિન્તુ જ્ઞાન-ક્રિયા, વ્યવહાર-નિશ્ચય, દ્રવ્ય-ભાવ, દર્શન-જ્ઞાન-ચારિત્ર તથા દેવ-ગુરુ-ધર્મ વગેરે ધર્મનાં સઘળા અંગોની સાધના એક નવકાર મહામંત્રની સાધનામાં જ કેવી અદ્‌ભૂત રીતે સમાવિષ્ટ છે, તે આ ડાયરીઓ દ્વારા સુસ્પષ્ટ થાય

શ્રીં

છે. એના મનનથી આપણામાં પણ પવિત્રતાનું વિશેષ બળ પ્રગટે છે. રાગ-દ્વેષ તથા અહં-મમ એ બેનો પ્રણાશ કરવા આ સર્વ ચિંતનો આપણા સૌ માટે મહાઔષધિરૂપ નીવડે તેમ છે. પૂજ્યપાદ્ પંન્યાસજી ભગવંતના ચિંતનોના ચાહક એવા પૂજ્યો કે આરાધક ભાવિકોને 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' જેમ જેમ મળતા જાય છે, તેમ તેમ તેઓનાં હૃદયનાં ઉદ્ગારો સાંભળતા કે વાંચતા આનંદ થાય છે કે પૂજ્યશ્રીની ૩૭ વર્ષની વિદાય પછી પણ શબ્દદેહે જાણે પ્રભુ મળ્યાં! સાંભળ્યા- વાંચ્યાના આનંદ સાથે તાત્ત્વિકભાવોનું અનુભાવન કરતા આ ભાવિકો પૂજ્ય સાહેબજી માટે કેવી ઉચ્ચ ભાવના સાથે આંતરહર્ષને વ્યકત કરીને અધ્યાત્મભાવને સફળ કરી રહ્યા છે તે માટે અહોભાવ પણ પ્રગટે છે.

ખરા ધન્યવાદ તો છે અમારા સુશ્રાવક સી.કે.મહેતાને, કે જેઓ અવિહડ ગુરુભક્તિનાં પ્રભાવે આવા અતિકિંમતી ભાવોને ઉત્તમ સ્વાધ્યાયના સંગ સાથે શબ્દદેહે દર્શન કરાવી અપાવવા પોતાના વિશાળ અર્થભંડારનો સુયોગ્ય સદુપયોગ કરીને આપણા સુધી પહોંચાડવામાં મહાનિમિત્ત બની રહ્યાં છે.

બીજા ધન્યવાદને પાત્ર છે અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈનાં પુત્રવધુ એવા સુશ્રાવિકા ભારતીબેન દિપકભાઈ મહેતા (રાજકોટ), કે જેઓ આ અત્યંત કપરા, કલિષ્ટ કામને સહજતાપૂર્વક દિવસ-રાત એક જ કાર્યને સંપન્ન કરવા ૩૦ જણાની ટીમને સાથે લઈને કલ્પી ન શકાય તેમ ઉચ્ચકોટીની ગુરુભક્તિ કરી રહ્યાં છે.

સંપાદનમાં અમારૂં નામ એ પણ જાણે અમારા પ્રત્યેની ગુરુભક્તિનો જ પ્રત્યક્ષ પુરાવો છે. આ રીતે જેમ-જેમ ડાયરીઓનું સેટીંગ થતું જાય છે અને ગ્રંથની પ્રસ્તુતિ થતી જાય છે, તેમ-તેમ તેને પ્રકાશિત કરીને મોક્ષાર્થીઓ સુધી પહોંચાડવાનું અમારા માટે આનંદરૂપ બની રહ્યું છે. પરમસુખના અર્થી આપણે સૌ કોઈ 'સાધ્યવ્યાધિકલ્પ' સમા આ હસ્તાક્ષરો દ્વારા પરમતત્ત્વને શીઘ્રાતિશીઘ્ર પામીએ તેવી અભિલાષા!

વજ્રસેન વિ.

૧૮.૦૧.૨૦૧૮
હાલાર તીર્થ, આરાધનાધામ.

હેમપ્રભ વિ.

હ્રીં

# અમૂલ્યનું મૂલ્યાંકન...
# કઈ રીતે શક્ય?



'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની શૃંખલામાં આગળ વધીને આજે ત્રીજા મણકામાં જ્યારે મારા ગુરુમહારાજની અનુપ્રેક્ષાઓને અને તત્ત્વના બહુપરિમાણી શબ્દોને તેનાં અક્ષરત્વની સાક્ષીએ ઝીલવાનો પ્રયત્ન કરું છું, ત્યારે એવું લાગે છે જાણે આ હસ્તાક્ષરોમાં વીંટાયેલ કો' પાવન તત્ત્વ મને આજે પણ ભીતર - બહાર તરાશે છે!

તેઓના જ્ઞાન-કર્મ-ભક્તિયોગનાં પ્રતિબિંબ સમા આ ગ્રંથોમાંથી પસાર થતાં થતાં 'આવા અધ્યાત્મયોગી ગુરુમહારાજ મને સાંપડ્યા છે...' એવા અહોભાવથી ઘણીવાર બંને આંખો એકસામટા અનેક ચોમાસા જોઈ લે છે... અને હું થઈ જાઉં છું એ આનંદવૈભવમાં તરબતર! આ ડાયરીઓમાં સાહિત્યિક બનવાનો ક્યાંય પ્રયાસ નથી - બસ, છે તો પરમતત્ત્વનાં શરણે જઈ લાધેલા તેઓનાં સત્યોનું સંધાન!

આ અક્ષયપાત્રમાંથી વહેતું અમૃત મને આ વાર્ધક્યની વયે, જ્યારે એકાંતિક એકલતાનો કોલાહલ જીરવવો આકરો બનતો હોય છે, ત્યારે વિષાદયોગને બદલે સમતાયોગમાં સ્થિર થવા માટે આલંબનરૂપ બની રહ્યું છે, તે માટે આજે ય હું મારા ગુરુમહારાજનો અને પં. શ્રી વજ્રસેનવિજયજીનો પરમ ઋણી બનું છું. આ અમૂલ્ય ભક્તિનાં આલંબને તેઓનું અનુશરણ લેવાની પાત્રતા મારામાં દિન-પ્રતિદિન વિકસતી જ રહે તેવી પ્રભુને અરજ.

૧૮.૦૧.૨૦૧૮
મુંબઈ

સી. કે. મહેતા









સરસ્વતિ નમસ્તુભ્યં
વરદે કામરૂપિણિ ।
વિદ્યારંભં કરિષ્યામિ
સિદ્ધિર્ભવતુ મે સદા ॥

## श्री पार्श्वनाथ प्रभाविक स्तोत्र

ॐ ह्रीँ श्रीँ तं नमह पासनाहं
ॐ ह्रीँ श्रीँ धरणिंदं नमंसियं दुह विनासं ।
ॐ ह्रीँ श्रीँ जस्स पभावेण सया
ॐ ह्रीँ श्रीँ नासंति उवद्दवा सव्वे ॥१॥
ॐ ह्रीँ श्रीँ तह समरंताणं मणो
ॐ ह्रीँ श्रीँ न होइ वाहि न तं महा दुक्खं ।
ॐ ह्रीँ श्रीँ नामंपि हु मंतसमं
ॐ ह्रीँ श्रीँ पयडं नत्थी संदेहो ॥२॥
ॐ ह्रीँ श्रीँ जल जलण भय तह
ॐ ह्रीँ श्रीँ सप्प सिंह चोरारी संभवे खिप्पं ।
ॐ ह्रीँ श्रीँ जो समरइ पासनाहं
ॐ ह्रीँ श्रीँ क्लीँ पहवइ न कयावि किं तस्स ॥३॥
ॐ ह्रीँ श्रीँ ह्रां ह्रीँ इहलोगट्ठी - परलोगट्ठी
ॐ ह्रीँ श्रीँ जो समरइ पासनाहं तु ।
ॐ ह्रीँ श्रीँ ह्रीं ह्रूं ह्रैं ग्रौं ग्रां ग्रीं ग्रः । तं तह
सिज्झइ खिप्पं । इह नाह समरह भगवंतं ॥४॥
ॐ ह्रीँ श्रीँ क्लीँ भ्रां भ्रीं भ्रूं क्लौं क्लीँ
कलीकुंड दंड स्वामीने नमः स्वाहा ॥५॥

ह्रीँ

## આ સ્તોત્ર સુફળદાયી નીવડે તે માટેની અર્થવિધિ

દિવાળીને દિવસે ઉપવાસ અથવા તો આયંબિલ કરીને શ્રી પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમા આગળ બેસી દશાંગ ધૂપ રાખીને ૧૦૮ વાર જાપ કરવો. તે સાધ્યા પછી છ માસ સુધી રોજ ૭ વાર ગણવાથી સર્વ ઉપદ્રવ - શત્રુઓ ક્ષય પામીને દરેક સુખ ઉપજે, લક્ષ્મીની પ્રાપ્તિ થાય. આ મંત્ર વિધિએ કરીને પવિત્ર થઈને ત્રિકરણ યોગે રોજ ૭ વાર ભણે તો અવશ્ય રાજ્યલક્ષ્મીને પામે.

આ મંત્ર લખીને કમરે બાંધે તો અવશ્ય પુત્ર થાય.

સ્તોત્રને વિધિપૂર્વક પલાળી ઘોળીને જેહને પાઈએ, તેહને ડાકિની - શાકિની - ભૂત - પ્રેતાદિ ઉપદ્રવ મટે.

ઘરે રાખી વિધિપૂર્વક પૂજન કરે તો ઋદ્ધિ-સિદ્ધિ પામે.

કષ્ટ પડે ત્યારે પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમા આગળ દશાંગ ધૂપાદિ રાખીને આ મંત્રનો ૧૨॥ હજાર જાપ કરે, તો શ્રી પદ્માવતી દેવી પ્રસન્ન થાય, ચિંતવેલ કાર્ય સફળ થાય, સર્વત્ર જય થાય, ઈચ્છિત ફળે.

જાપ શરૂ કરતાં પૂર્વેથી બ્રહ્મચર્ય પાળવું,

ભૂમિશયન પણ કરવું.

૩ આયંબિલ કરીને જાપ પૂરો કરવો.

ह्रीँ

રાજનગર, અષાઢ સુદી ૧૪

## શાસ્ત્રોક્ત, પ્રત્યક્ષ ફળદાયી,
## રહસ્યમય અને મહત્વના કેટલાક મંત્રો

ॐ ह्रीँ श्रीँ अरहंत नवपद सिद्धचक्राय नमः ।

વિધિઃ આ મંત્ર આયંબિલની ઓળીમાં રેશમી રક્ત વસ્ત્ર પહેરીને ૯ દિવસ સુધી રોજ નવપદજીની અષ્ટપ્રકારી પૂજા કરીને, ધૂપ-દીપ સહિત ૯૦૦ વાર ગણીને જાપ કરે. આયંબિલની ઓળીમાં પહેલા તથા છેલ્લા દિવસે જરૂર આયંબિલ કરવું. ઉપર લખ્યા મુજબ કરવાથી રોગ-કષ્ટાદિક ઉદ્વેગ તત્કાલ ટળે છે. ઘણાં સુખ-સંપત્તિની પ્રાપ્તિ સાથે મનમાં ચિંતવેલું કાર્ય અવશ્ય સિદ્ધ થાય. આમાં સંદેહ નહિ માટે શ્રદ્ધાપૂર્વક કાર્ય કરવું.

o

'ॐ ह्रीँ थंभणपासजिणंद सिद्धे मह वांछित पूरय स्वाहा ।'

o

'ॐ ह्रीँ श्री वासुपूज्यस्वामि सर्वसाय नमः ।'

o

'વસહ જિણ ફુલિંગ' આ મંત્રની રોજ-રોજ અચૂક એક માળા ગણવાથી સર્વત્ર જય-સુખ-સૌભાગ્ય પામે.

ह्रीँ

## દિવાળીમાં ગણવાનો અનુભૂત મંત્ર

ॐ ह्रां ह्रीं ह्रुं ह्रूं ह्रें ह्रैं ह्रों ह्रौं ह्रः असिआउसा
ज्ञान दर्शन चारित्रेभ्यो नमो नमः ।

વિધિઃ આ મંત્ર દિવાળીની રાત્રી અથવા ચાહે તો રવિવારના રોજે આયંબિલ તપ કરીને, પાર્શ્વનાથની પ્રતિમા આગળ નવપદજીની આગળ અષ્ટપ્રકારી પૂજા કરીને ઉપર કહ્યા મુજબનો મંત્ર ૮૦૦૦ વાર ગણીને તે દિવસ તથા રાત્રીએ પૂરો કરીને ઉઠવું. વસ્ત્ર રક્ત રેશમના હોવા જોઈએ, તો તે જ રાત્રીના સમયે તત્કાલ સ્વપ્નમાં આવીને સર્વ વાતનો ખુલાસો કરી જાય, એમાં કોઈ જાતનો સંદેહ નહિ. જે કાર્ય મનમાં ધારણા કરે તે મળે, મહાસુખી થાય. ઇતિ સમાપ્તં.

o

ॐ नमो भगवओ गोयम सामिस्स सिद्धस्स बुद्धस्स अक्खीणमहाणस लद्धीसंपन्नस्स भगवत् भास्कर आणय आणय पूरय पूरय मम गृहे लक्ष्मीलाभं कुरु कुरु ऋद्धिं वृद्धिं कुरु कुरु स्वाहा ।

o

ॐ ह्रीं ऐं क्लीं ब्लूं ह्रीं फुट् फुट् स्वाहा ।

હ્રીં

ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લૂં અર્હં પાર્શ્વનાથાય નમઃ ।

ૐ નમો ભગવતે શ્રી પાર્શ્વનાથાય ધરણેન્દ્ર પદ્માવતી સહિતાય અટ્ટે મટ્ટે ક્ષુદ્ર વિઘટ્ટે ક્ષુદ્રાન્ સ્તંભય સ્તંભય દુષ્ટાન્ ચૂરય ચૂરય વિધ્વંસય વિધ્વંસય શત્રૂન્ સંહારય સંહારય મનોવાંછિતં સર્વ સુખં કુરુ કુરુ સ્વાહા ।

ૐ હ્રીં શ્રીં ક્લીં ધરણેન્દ્ર પદ્માવતી સહિતાય અતુલબલ વીર્ય પરાક્રમાય સર્વ વ્યાધિ વિનાશનાય સર્વ પાપ ક્ષયંકરાય સર્વ કર્મમલ ચૂરણાય સર્વ કષ્ટ-દુષ્ટ નિવારણાય શ્રી પાર્શ્વનાથાય નમો નમઃ ઋદ્ધિં સિદ્ધિં મમ સમીહિતં કુરુ કુરુ સ્વાહા । - વર્ણ એકનવતિઃ ।

'ૐ હ્રીં શ્રીં ક્લીં પાર્શ્વનાથાય નમઃ ।'

'ૐ નમો ભગવતે શ્રી પાર્શ્વનાથાય
શ્રીં ક્લીં હ્રીં ધરણેન્દ્ર પદ્માવતી સહિતાય નમઃ ।'

- ધ્વજપટ ઉપર શ્રી શંખેશ્વરજી

'ૐ સોઽહં ૐ હંસઃ સોઽહં ૐ'

વ્યવહાર વડે આત્મસમદર્શિત્વ વિકસે છે,
સામાયિક વડે આત્મસમવર્તિત્વ વિકસે છે.

The height of religion is to discern how little we need but how much we own! - Puritan

'सज्जन संगो मा भूद्
यदि संगो, माऽस्तु तत्पुनः स्नेहः ।
स्नेहो यदि, मा विरहो
यदि विरहो, माऽस्तु जीवितस्याऽऽशा ॥'

:अज्ञात:

સજ્જન સાથે સંગ ન થાઓ, જો સંગ થાય તો સ્નેહ ન થાઓ, જો સ્નેહ થાય તો વિરહ ન થાઓ અને જો વિરહ થાય તો જીવનની આશા ન રહે (અર્થાત્ સજ્જન સાથેનો સંગ જીવનભર રહે).

o

Try to do that alone for which you are intend by nature. If you do otherwise, it is a failure for the self.

ह्रीं

## Palitana (Kathiawar), 30-6-1947

### મારા આત્માને સાચી શિખામણ

(૧) આજ સુધી પર(જીવ કે જડ)ને કિંચિત્માત્ર
લાભ કે નુકસાન તેં કર્યું જ નથી.

(૨) આજ સુધી કોઈ જડ કે જીવે કિંચિત્માત્ર
તને લાભ કે નુકસાન કર્યું જ નથી.

(3) આજ સુધી તેં સતત તારા માટે
એકલો નુકસાનનો જ ધંધો કર્યો છે અને
સાચી સમજણ નહિ કરે, ત્યાં સુધી તે ધંધો ચાલશે જ.

(૪) તે નુકસાન તારી ક્ષણિક અવસ્થા(પર્યાય)માં જ થયું
છે, તારી વસ્તુ અંદર જીવદ્રવ્યમાં નથી થયું.

(૫) તારી ચૈતન્યવસ્તુ ધ્રુવ - અવિનાશી છે. માટે તે
ધ્રુવસ્વભાવ તરફ લક્ષ (દૃષ્ટિ) દે તો શુદ્ધતા પ્રગટે,
નુકસાન ટળે, ઉપરાંત અટળ લાભનો ધંધો પણ થાય.

0

### મિથ્યાત્વસહિતનું જ્ઞાન જ અજ્ઞાન કહેવાય છે.

રાગ-દ્વેષ અને મોહ - એ
જીવના અજ્ઞાનમય પરિણામ છે.
તેને ચિદ્વિકાર - ચિદાભાસ પણ કહે છે.

હ્રીં

જીવ અવગુણનો ૬ પ્રકારે કર્તા છે જ નહિ.

(૧) રાગ-દ્વેષનો હું કર્તા નહિ:

જીવ પોતાના ક્ષાયિક સ્વભાવનો સ્વાધીનપણે કર્તા છે.

(૨) રાગ-દ્વેષ મારા કામ નહિ:

ક્ષાયિક સ્વભાવ જીવનું કર્મ છે,
કારણ કે જીવ પોતે તેને પામે છે.

(૩) રાગ-દ્વેષનું હું સાધન નહિ:

શુદ્ધ આત્મિક પરિણામથી ક્ષાયિક સ્વભાવનું સાધન કરે છે,
તેથી જીવ પોતે કરણકારક છે, તે સત્ય છે.

(૪) રાગ-દ્વેષને મેં રાખ્યા નહિ:

શુદ્ધ પરિણામ કરીને જીવ પોતાને જ તે પરિણામ આપે છે,
પોતે જ તેનો સ્વીકાર કરે છે,
માટે સંપ્રદાનકારક છે.

(૫) રાગ-દ્વેષ મારામાંથી થયા નહિ:

સાંસારિક અશુદ્ધ પરિણામને છોડીને
જીવ પોતાના સ્વાભાવિક ક્ષાયિકસ્વભાવને પામે છે.

(૬) રાગ-દ્વેષ મારા આધારે રહ્યા નહિ:

જીવ પોતે પોતાના શુદ્ધ, અનંતશક્તિયુક્ત
ક્ષાયિક સ્વભાવનો આધાર છે.

હ્રીં

## કેવલી અને શ્રુતકેવલી

વસ્તુનું સ્વરૂપ જાણવાની અપેક્ષાએ કેવળજ્ઞાની અને શ્રુતજ્ઞાની બન્ને સમાન છે. ફેર એટલો છે કે કેવળજ્ઞાની સંપૂર્ણ-અનંત જ્ઞાનશક્તિઓથી જાણે છે, શ્રુતજ્ઞાની કેટલીક જ્ઞાનશક્તિઓથી જાણે છે. જેમ કોઈ પુરુષ દિવસે સૂર્યના પ્રકાશથી દેખે છે, તેમ કેવળજ્ઞાની કેવળજ્ઞાનથી પોતાના સ્વરૂપને દેખે છે તથા જેમ કોઈ પુરુષ રાત્રિએ દીપકના પ્રકાશથી દેખે છે, તેમ સંસારપર્યાયરૂપ રાત્રિમાં સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાની ભાવશ્રુત - જ્ઞાનરૂપ વિવેકદીપકથી પોતાને દેખે છે.

આ રીતે શ્રુતકેવલી અને કેવલી સમાન છે.

## સમ્યગ્દર્શન

પ્રશમાદિ સમ્યગ્દર્શનનાં ખરા (નિશ્ચય) લક્ષણ નથી. ખરું (નિશ્ચય) લક્ષણ પોતાના શુદ્ધાત્માની પ્રતીતિ છે. સમ્યગ્દૃષ્ટિ પોતાના આત્માને પરમાર્થે ત્રિકાળી શુદ્ધ, ધ્રુવ, અખંડ, ચૈતન્યસ્વરૂપ માને છે. તત્ત્વનું સ્વરૂપ યથાર્થ સમજવાથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. જે પદાર્થ જેમ અવસ્થિત છે, તેમ તેનું હોવું તે 'તત્ત્વ' છે.

તેનો નિશ્ચય તે 'તત્ત્વાર્થ' છે.

તત્ત્વાર્થની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. નિશ્ચયથી 'શુદ્ધ આત્માનો પ્રતિભાસ' તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

અભેદદૃષ્ટિમાં આત્મા તે જ સમ્યગ્દર્શન છે.

સમ્યગ્જ્ઞાનથી અધિગમ, અજ્ઞાનનાશ, ઉપેક્ષા, રાગ-દ્વેષરહિતતા, સુખ, સંતોષ આદિ ઉત્પન્ન થાય છે.

## અનેકાન્તનું પ્રયોજન

અનેકાન્તવાદને 'પ્રમાણજ્ઞાન' પણ કહેવામાં આવે છે. અનેકાંત પણ સમ્યગ્ એકાન્ત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી. મિથ્યાદૃષ્ટિને અર્થાત્ અજ્ઞાનીને જ રાગ-દ્વેષ, મોહ-રૂપી આસ્રવો હોય છે. મિથ્યાદૃષ્ટિને અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય તે જ બંધનું કારણ છે, ઉપરાંત અજ્ઞાનમય અધ્યવસાય એ જ બંધનું કારણ છે, પછી તે શુભ હો કે અશુભ, તેથી ભેદ પડતો નથી.

## અનેકાન્તસિદ્ધિ

'એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈપણ કરી શકે' એ માન્યતામાં નીચેના દોષો આવે:

(૧) સંકર: બે દ્રવ્યો એકરૂપ થઈ જાય.
જેમ સાધક - ભાવ્ય ભાવક.

(૨) <u>વ્યતિકર</u>: જીવ જડરૂપ થઈ જાય
અને જડ જીવરૂપ થઈ જાય.

(૩) <u>અધિકરણ</u>: બે દ્રવ્યોનું અધિકરણ - સ્વક્ષેત્રરૂપ
આધાર એક થઈ જાય.

(૪) <u>અન્યોન્યાશ્રય</u>: જીવ કર્મને બાંધે, કર્મને છોડે અને
કર્મ નબળા પડે તો જીવ ઊંચો આવે.

ધર્મ કરી શકે એવું માનવામાં પરસ્પરાશ્રયદોષ છે, કોઈક 'બંને સ્વઅપેક્ષાએ 'સત્' છે, પરઅપેક્ષાએ 'અસત્' છે' એ નિયમ એમાં જળવાતો નથી.

(૫) <u>સંશય</u>: જીવ પોતાના ત્રિકાળીસ્વભાવને જાણી શકે છે, છતાં તેને ટાળવાનો પ્રયત્ન કરે નહિ અને એવું માને કે કર્મ પાતળાં પડે અને માર્ગ આપે તો ધર્મ થઈ શકે, તો તે જૂઠ છે અને તેથી સંશય ટળતો નથી, કારણકે પોતે જડ કર્મ કે તેના ઉદયને કે રસને દેખતો નથી, તેથી તેને પડી જવાનો ભય ટળે નહિ. દ્રવ્યની અવસ્થા પોતાના કારણે બદલાય છે, એવું ન માનતાં કર્મના કારણે પલટાય છે, એવું માને તેનો સંશય ટળે નહિ, નિશ્ચય થાય નહિ. તે વિના પુરુષાર્થ ન થાય અને પુરુષાર્થ વગર કદી ધર્મ કે સમ્યગ્દર્શન થાય જ નહિ.

સંશય એ સમ્યગ્જ્ઞાનનો દોષ છે.

(૬)અનવસ્થાઃ જો એક દ્રવ્ય બીજાનું અને બીજું દ્રવ્ય ત્રીજાનું કાર્ય કરે, એમ પરંપરા માનીએ તો અનંત દ્રવ્યો છે, તેમાં કયું દ્રવ્ય કયા દ્રવ્યનું કાર્ય કરે, તેનો કોઈ નિયમ રહે નહિ, તેથી અનવસ્થા દોષ આવે. જો દરેક દ્રવ્ય પોતાનું જ કાર્ય કરે અને પરનું કાર્ય ન કરી શકે, એવો નિયમ સ્વીકારીએ તો જ વસ્તુની યથાર્થ વ્યવસ્થા જળવાઈ રહે અને અનવસ્થા દોષ આવે નહિ.

(૭)અપ્રતિપત્તિઃ દરેક દ્રવ્યનું દ્રવ્યપણું, ક્ષેત્રપણું, કાળપણું (પર્યાયપણું) અને ભાવપણું (ગુણપણું) જે પ્રકારે છે, તે પ્રકારે તેનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. જીવ શું કરી શકે અને શું ન કરી શકે તથા જડ શું કરી શકે અને શું ન કરી શકે, તેનું જ્ઞાન ન કરવું અને તત્ત્વજ્ઞાન કરવાની ના પાડવી, તે અપ્રતિપત્તિ દોષ છે.

(૮)વિરોધઃ એક દ્રવ્ય પોતે પોતાથી સત્ છે અને પરથી પણ સત્ છે, એમ માનીએ તો વિરોધ દોષ આવે છે.

પોતાનું કાર્ય કરે અને
પરનું પણ કાર્ય કરે, તે વિરુદ્ધ છે.

(૯)અભાવઃ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે, તો તે

દ્રવ્યનો નાશ થાય. આજે એક દ્રવ્યનો નાશ થાય તો
ક્રમે કરીને સર્વ દ્રવ્યોનો નાશ થાય,
એ પ્રમાણે અભાવ દોષ આવે છે.

## જ્ઞાની

જ્ઞાનીનો જ્ઞાન જ સ્વભાવ છે, કર્તાપણું સ્વભાવ નથી. કર્તાપણું હોય તો કર્મ બાંધે. જ્ઞાતાપણું હોવાથી કર્મ બાંધતો નથી અને પૂર્વે બંધાયેલાં જે કર્મો સત્તામાં રહેલાં છે, તેનો જ્ઞાતા જ રહે છે, જ્ઞાતારૂપે જ કર્મનિર્જરા કરે છે. શુદ્ધનયથી ચ્યુત થવું એટલે શુદ્ધતાના ભાનથી રહિત થવું પણ શુદ્ધ ઉપયોગથી ચ્યુત થવું એમ નહિ, કેમકે શુદ્ધોપયોગ રૂપ રહેવાનો કાળ અલ્પ છે. અલ્પકાળ પછી તેનાથી છૂટી જ્ઞાન અન્ય જ્ઞેયોમાં ઉપયુક્ત થાય છે.

## જિનબિંબ દર્શન

જિનબિંબ દર્શનથી જે ભવ પોતાના સંસ્કારને
શુદ્ધ આત્મા તરફ વાળે,
તેને નિધત્ત અને નિકાચિતરૂપ મિથ્યાત્વાદિ
કર્મકલાપનો પણ ક્ષય દેખવામાં આવ્યો છે,
તેથી જિનબિંબ દર્શન સમ્યક્ત્વની ઉત્પત્તિનું
પ્રધાન કારણ થઈ, સદા નમસ્કરણીય બને છે.

ह्रीं

## સ્વાનુભવ કેમ થાય?

જેમ પરોન્મુખ થવાથી પરનું જ્ઞાન થાય છે, તે જ જો સ્વોન્મુખ થાય તો પોતાને જાણવાવાળો સ્વયમેવ થઈ જાય છે, માત્ર ઉપયોગ બદલવાની જરૂર છે અને ત્યારે આ સહેજે જ સમજમાં આવી જાય છે.

### :વ્યવહાર-નિશ્ચય ષટ્કારકનું સ્વરૂપ:

| વ્યવહાર | નિશ્ચય |
|---|---|
| (૧) કુંભકાર ઘટનો કર્તા છે. | (૧) માટી ઘટને કરે છે. |
| (૨) ઘટ કુંભકારનું કર્મ છે. | (૨) માટી ઘટરૂપ થાય છે. |
| (૩) દંડચક્ર ચીવર કરણ છે. | (૩) માટી ઘટપરિણમનને કરે છે. |
| (૪) જલાહરણાદિ ક્રિયા માટે ઘટ અપાય છે. | (૪) માટી ઘટ પરિણમનરૂપ થઈને પોતે પોતાને જ સોંપે છે. |
| (૫) મૃત્પિંડ અવસ્થા છોડીને ઘટ અવસ્થાને પ્રાપ્ત થાય છે. | (૫) માટી પોતે જ પોતાની પિંડ અવસ્થા છોડીને ઘટ અવસ્થારૂપ થાય છે. |
| (૬) ભૂમિના આધારથી ઘટકર્મ કરાય છે. | (૬) માટી પોતામાં જ ઘટ પરિણમનને કરે છે. |

# વ્યવહાર અને નિશ્ચય

વીતરાગે કહેલો વ્યવહાર અશુભમાંથી છોડાવી જીવને શુભભાવમાં લઈ જાય છે. તેનું દૃષ્ટાંત દ્રવ્યલિંગી મુનિ છે અને તે ભગવાને કહેલાં વ્રત વગેરે નિરતિચાર પાળે છે, તેથી જીવ નવમા ગ્રૈવેયકે જાય છે, પરંતુ તેનો સંસાર કાયમ રહે છે.

પ્રભુએ કહેલો નિશ્ચય શુભાશુભથી છોડાવી જીવને શુદ્ધ ભાવ-મોક્ષમાં લઈ જાય છે. તેનું દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિ છે, કે જે નિયમા મોક્ષ પ્રાપ્ત કરે છે.

જીવ પોતે પોતા વડે પોતામાંથી વિકલ્પ કરે છે, અર્થાત્ પોતે પોતા વડે પોતામાંથી વિકલ્પ ટાળે તો ટળી શકે.

જેમ વ્યવહારથી 'પાણીનો ઘડો' કહીએ તે પાણીના સંયોગે પણ તે નિશ્ચયથી તો માટીનો જ ઘડો રહેલ છે, તેમ નરનારકાદિ જીવની અવસ્થા વ્યવહારથી પુદ્ગલ કર્મના સંયોગ-સંબંધથી છે, નિશ્ચયથી પરમાર્થે નહિ.

'નિશ્ચયના વિચારોથી વ્યવહારને ઉવેખવો, એ મહામિથ્યાત્વ છે' એમ જૈન ધર્મ કહે છે.

કેટલીક વખત નિશ્ચય દૃષ્ટિ કરતાં વ્યવહાર દૃષ્ટિની પ્રધાનતા ગણાય.

હ્રીં

એમ તબલાં કે નગારું ચામડાનું હોવા છતાં ય વ્યવહારમાં તેની અપવિત્રતા માનવામાં આવી નહિ, એમ શાસ્ત્રકારી હકીકતો જુદી છે ને ધર્મ અને વ્યવહાર વસ્તુ જુદી છે, તેમ ધર્મમાં પણ સામૂહિક જીવનનો વ્યવહાર અને આત્મદૃષ્ટિ અલગ-અલગ વસ્તુઓ છે. જાતિવાદના અભિમાનને દૂર કરવા કહેવાયેલાં વચનોને વળગીને 'જાતિવાદ જ નહિ' એ પ્રમાણે વિધાન કરવું, એ નર્યું અજ્ઞાન છે. દરેક હકીકતની મર્યાદાઓ અને મર્મ સમજી વર્તન કરાય, તો જ હિતાવહ છે.

જૈન ધર્મમાં જણાવ્યા મુજબ પુદ્ગલો ક્યાં-ક્યાં અને કેવી રીતે સારા-નરસાં રહે છે અને શુભાશુભ અસર કેવી રીતે કરે છે, તે તથા એના હેતુઓ જાણવાથી સ્પર્શા-સ્પર્શનો પ્રશ્ન વધુ સ્પષ્ટ થશે.

## નિશ્ચય અને વ્યવહારની સમજણ

(૧) એક દ્રવ્યમાં અનેક પર્યાય - અનેક પર્યાયમાં એક દ્રવ્ય.

(૨) વ્યવહારમાં કર્તા છે, નિશ્ચયમાં અકર્તા છે.

(૩) વ્યવહારથી ભોક્તા છે, નિશ્ચયથી અભોક્તા છે.

(૪) વ્યવહારથી મરણ છે, નિશ્ચયથી અમરણ છે.

(૫) વ્યવહારથી બોલે - વિચારે છે,
નિશ્ચયથી અબોલી - અવિકલ્પી છે.

(૬)વ્યવહારથી ભોજનધારી છે, નિશ્ચયથી અભોજી છે.
(૭)મોતીની માળા બનાવવામાં વિકલ્પ છે, પહેરવામાં નહિ.

(૮)આત્મા કર્તા - ભોક્તા છે - નહિ.

રાગાદિ કરનારા ભાવ અને ભોગવનારા ભાવ એ સર્વ નય પ્રમાણ તથાપિ સર્વ વિકલ્પ વિધિ ત્યાજ્ય, કેમકે આત્માનો અનુભવ નિર્વિકલ્પ છે.

(૯)જ્ઞાનનો એ સહજ સ્વભાવ છે કે જ્ઞેયાકારે જ્ઞાન પરિણમન પામે, તો પણ જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે અને જ્ઞેય જ્ઞેયરૂપ જ રહે. બંને એકમેક થાય નહિ. કોઈ વસ્તુ અન્ય વસ્તુનો સ્વભાવ ગ્રહણ કરે નહિ, એવી અનાદિકાળની મર્યાદા છે. જ્ઞાન જ્ઞેયાકાર બને છે, એવી વૈશેષિકની મતિ મિથ્યા છે. જ્ઞાન જ્ઞેયાકાર નહિ બને, ત્યારે મુક્તિ છે, એ વાત પણ ખોટી છે.

(૧૦)જગતને વિષે સર્વ ભાવ, પદાર્થ, દ્રવ્ય અસહાયપણે વર્તે છે. કોઈ કોઈનો સહાયકારી નહિ. એક વસ્તુ અન્ય વસ્તુ સાથે મળે નહિ. જગતમાં જેટલી વસ્તુ છે, તેટલાને જીવ જાણે છે. સર્વ જ્ઞેય વસ્તુ જીવના જ્ઞાનમાં પરિણમે છે, તો પણ જીવ સર્વ વસ્તુથી જુદો જ રહે છે. એમ પોતપોતાના લક્ષણ જુદા છે, તેથી જુદા રહે છે.

ह्रीं

## પ્રતિક્રમણ

જે આત્મા ત્રણે કાળના કર્મોથી
પોતાને ભિન્ન જાણે છે, શ્રદ્ધે છે અને અનુભવે છે,
તે આત્મા પોતે જ પ્રતિક્રમણ છે,
પોતે જ પ્રત્યાખ્યાન છે અને પોતે જ આલોચના છે.
પ્રતિક્રમણસ્વરૂપ, પ્રત્યાખ્યાનસ્વરૂપ અને આલોચનાસ્વરૂપ
આત્માનું નિરંતર અનુભવન, તે જ નિશ્ચયચારિત્ર છે.

પ્રશસ્ત રાગ સમ્યગ્દૃષ્ટિને દંડ સમાન તથા
મિથ્યાદૃષ્ટિને વ્યાપાર સમાન પ્રતિભાસે છે.

નિશ્ચય ધર્મ વીતરાગભાવ છે. આત્માએ પોતાનું સ્વરૂપ સમજી, પોતાના સ્વરૂપમાં એકાગ્ર થવું, તે નિશ્ચય ભક્તિ છે. જ્યાં વીતરાગ થઈ જ્ઞાતાદૃષ્ટારૂપ પ્રવર્તે, ત્યાં જ નિર્બંધતા છે. આવી દશા ન થાય, ત્યાં સુધી પ્રશસ્તરાગરૂપ પ્રવર્તે પણ તેને હેય માનીને આત્મા પોતે જ પોતાના રાગાદિભાવને છોડીને વીતરાગ થાય છે. સ્યાદ્વાદનું ફળ ભેદજ્ઞાન અને વ્રતાદિ ક્રિયાનું ફળ નિવૃત્તિરૂપ થાય તેમ કરવાની જરૂર છે. પરની રક્ષા કરવાથી, ધ્યાનથી તથા મંદ કષાય વખતે અશુભ પરિણામોથી સ્વરક્ષા કરવી, તે દયા છે.

## સમ્યગ્દર્શનનું કારણ તથા ઉપાય

માત્ર શુભભાવ જ નહિ પણ આત્મતત્ત્વની સમજણ પણ સાથે હોય, એ સમ્યગ્દર્શનનું મુખ્ય કારણ છે.

આત્માના સાચા સ્વરૂપને નહિ સમજનાર શુભભાવ અથવા કે પુણ્યને પવિત્રતા માને છે.

આત્માના સ્વરૂપને સમજનારા શુભ-અશુભભાવરહિત અથવા કે મિથ્યાત્વ, રાગ-દ્વેષરહિત સંપૂર્ણ અકષાયભાવ - વીતરાગતાને પવિત્રતા માને છે.

સમ્યગ્દર્શનનો ઉપાય વ્રત નહિ પણ જ્ઞાન છે.

જ્ઞાનનું સાધન ગુરુ, શાસ્ત્ર અને ઉપદેશ ઈત્યાદિ છે.

### દશ પ્રકારનાં સમ્યગ્દર્શન

આજ્ઞા, માર્ગ, બીજ, ઉપદેશ,
સૂત્ર, સંક્ષેપ, વિસ્તાર, અર્થ,
અવગાઢ અને પરમ અવગાઢ.

o

પરના અપરાધના કારણે કોઈ બંધ નથી. પોતાના અપરાધના કારણે અથવા કે પોતે અજ્ઞાનપણે પરિણમે, ત્યારે જ પોતાને કર્મનો બંધ થાય છે.

હ્રીં

જ્યાં સુધી
યથાર્થ જ્ઞાન અને
શ્રદ્ધાનની
પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શન
ન થાય, ત્યાં સુધી
જેનાથી યથાર્થ
ઉપદેશ મળે છે,
તે જિનવચનોનું
શ્રવણ, ગ્રહણ, ધારણ,
જિનગુરુભક્તિ, જિનબિંબદર્શન
ઈત્યાદિ
વ્યવહારમાર્ગમાં પ્રવૃત્ત થવું,
એ પ્રયોજનવાન છે.
વ્યવહારમાર્ગ ત્યારે કહેવાય,
કે જ્યારે તે માર્ગ
નિશ્ચયમાર્ગ નહિ, એમ નક્કી કરે.
વ્યવહારનય પરમાર્થનો
પ્રતિપાદક છે, કિન્તુ પરમાર્થે
પહોંચાડનાર નહિ.

ह्रीँ

## સાચી સામાયિક

'હું માત્ર જ્ઞાયક છું...'

એવા સ્વભાવની દૃઢ પ્રતીતિ, તે સમ્યક્ત્વ સામાયિક.
તેની અલ્પાંશ એકાગ્રતા, તે દેશવિરતિ સામાયિક.
તેની સર્વાંશ એકાગ્રતા, તે સર્વવિરતિ સામાયિક.
તેનું સમ્યગ્જ્ઞાન, તે શ્રુત સામાયિક.

જેટલા અંશે પરાવલંબનના ભેદરહિત અને
સ્વભાવના બોધથી, ભાનથી, લક્ષથી, વલણથી,
અરાગી શાંત સ્થિરતા રહેવી, તેટલી સાચી સામાયિક છે.

આ પ્રમાણે વસ્તુસ્વરૂપ સમજ્યા વિના બહારની પ્રવૃત્તિમાં અભિમાન - કર્તાપણું આવ્યા વિના રહે નહિ. પરથી ભિન્ન અક્રિય સ્વભાવનું લક્ષ આવ્યા વિના અનાસક્તિ, નિઃસ્પૃહતા કે સાચું નિષ્કામપણું આવે નહિ.

## આસક્તિ - અહંકાર

જે પર નિમિત્ત ઉપર વજન આપે છે, તેને પરનું સ્વ ઉપર કર્તાપણું કે સ્વનું પર ઉપર કર્તાપણું અંતરમાં રહેલું જ છે અને તે જ આસક્તિ, સ્પૃહાવાનપણું કે અહંકાર છે. પર્યાયદૃષ્ટિનું ફળ મોહ - અહંકાર - સંસાર છે, દ્રવ્યદૃષ્ટિનું ફળ નિર્મોહતા - નિરહંકારતા - વીતરાગતા છે.

'હું શુદ્ધ છું' એવું ચિંતવન શુભ ભાવ છે, પરન્તુ તેનાથી ગુણ પ્રગટે નહિ. જ્યારે જીવ યથાર્થ આત્માસિદ્ધ સ્વરૂપની ઓળખાણ કરે અને મન-ઈંદ્રિયથી ભિન્ન નિરાવલંબી, અવિકારી સ્વભાવની પ્રતીતિ કરે, શ્રદ્ધા કરે અને એમાં સ્થિરતા કરે, ત્યારે પવિત્રતા અંશે અંશે પ્રગટે છે અને રાગનો નાશ થતો જાય છે. યથાર્થ ઓળખાણ પછી જીવ જ્યારે સ્વભાવ તરફ લક્ષ કરે, એકાગ્રતા કરે, તે શુભ રાગ નથી, કારણકે દૃષ્ટિ આખા વીતરાગ સ્વભાવ ઉપર છે.

શ્રદ્ધામાં રાગનો નાશ એટલે
રાગમાં મારાપણાંની કલ્પના.
રાગનું ધણીપણું ટળતાં ક્રમે-ક્રમે રાગ ટળે છે.
શ્રવણ-મનનના રાગથી પણ ગુણ થતો નથી.

o

પોતાનો જે રીતે પારમાર્થિક સ્વભાવ છે, તે રીતે પોતાના જાણવામાં ન આવે, તો પોતે ક્યાંક પોતાની હયાતિ માની રહેશે તો ખરો. એ રીતે 'રાગ-દ્વેષ, પરવાળો હું છું' એમ માની પરમાં હયાતિ માની જીવ રખડે છે, તેથી અનેક ગતિમાં ભવભ્રમણ થાય છે.

## અનંતો પુરૂષાર્થ

'અનંત જ્ઞાનાનંદસ્વરૂપ છું અને વિકારસ્વરૂપ નહિ' એવી શ્રદ્ધા કરવામાં જ્ઞાનની અનંતી ક્રિયા થઈ, અનંતો પુરૂષાકાર પુરૂષાર્થ થયો. શ્રદ્ધા કરવામાં જ્ઞાનની અનંતી ક્રિયા અને કેવળ જ્ઞાયક સ્વભાવ એટલે જ્ઞાનાનંદમાં ઠરવામાં શ્રદ્ધાની અનંતી ક્રિયા થઈ. કેવળ જ્ઞાયક સ્વભાવ સ્વરૂપ જાણવામાં ચારિત્રની અનંતી ક્રિયા થઈ.

આ સિવાય જ્ઞાનની, શ્રદ્ધાની કે ચારિત્રની બાહ્ય ક્રિયાઓ માત્ર વ્યવહાર માર્ગે છે, તે ક્રિયાઓ નિશ્ચયના લક્ષવાળાની સફળ છે, અન્યથા નિષ્ફળ છે, દેવાદિ ગતિ આપી નિગોદાદિ દુર્ગતિમાં પાડનાર છે.

## સાચી સમજણ

સાચી સમજણ કરવામાં અનંતો સવળો પુરૂષાર્થ છે. પોતાના પરિણામ માટે પર ઉપર દૃષ્ટિ ન રહી, તેથી અનંતા પરદ્રવ્યો પ્રત્યેનો રાગ-દ્વેષ નહિ કરવારૂપ અનંતી તપશ્ચર્યા આવી ગઈ. પરની ઇચ્છાનો નિરોધ તે સંવર રૂપ અને સાચી માન્યતા ટકાવી રાખવામાં અનંતો પુરૂષાર્થ આવી ગયો. પોતાની માન્યતાનો ઊંધો લક્ષ અનંતુ નુકસાન કરે છે અને સવળો લક્ષ અનંતો લાભ કરે છે.

હ્રીં

બહારના સંયોગોની આત્મસ્વરૂપમાં નાસ્તિ છે.
જે પોતામાં નથી, તે પોતાને લાભ-હાનિ કરે નહિ.
જ્ઞાનથી જ્ઞાન સ્વભાવને જાણતાં રાગ-દ્વેષનો નાશ થાય.
જ્ઞાન સ્વભાવને જાણવામાં
કાંઈપણ અનુકૂળ - પ્રતિકૂળ હોઈ શકે નહિ.
સાચી સમજણ સાચી રુચિ વગર થાય નહિ.
પરપદાર્થની રુચિ અંતરથી ખસીને
આત્માની રુચિ અંતરથી જાગે,
ત્યારે સાચી સમજણ થાય છે.
જ્ઞાનઘન આત્માની શ્રદ્ધા થતાં અનંતી નિર્જરા
થઈ જાય છે અને તેમાં સ્થિરતા વધતાં
કેવળજ્ઞાન થાય છે, એવો આ ભેદજ્ઞાનનો મહિમા છે.
ભેદજ્ઞાનનો નકાર અનંતો સંસાર વધારનાર છે.
પર સાથે એકપણાની બુદ્ધિ તે અભેદજ્ઞાન છે.
પર સાથે ભેદપણાની બુદ્ધિ છે, તે જ્ઞાન છે.

આત્મનિર્ણય

જે આત્મસાધનામાં જ રક્ત હોય, તે સાધુ છે પણ
પરના કર્તૃત્વ, ભોક્તૃત્વ કે સ્વામિત્વમાં માને કે વર્તે,
તો તે ઘોર સંસારી અને મિથ્યાદૃષ્ટિ જ છે.

હ્રીં

રોગરહિત થયાં પહેલાં રોગરહિતપણાંનો યથાર્થ નિર્ણય
જેમ આપ્તવચન, અનુમાન, તર્ક અથવા સ્વસંવેદનાદિ
વડે થઈ શકે છે, તે જ રીતે મુક્ત દશા થયાં પહેલાં
મુક્તપણાંનો યથાર્થ નિર્ણય થઈ શકે છે.

પ્રથમથી જ તેનો નિર્ણય જો ન થાય,
તો તેમાં કારણરૂપ ચારિત્ર થઈ શકે જ કેવી રીતે?

દ્રવ્યકર્મજનિત કિંચિત સુખ-દુઃખનું
કારણ દેહાદિ શરીરને 'નોકર્મ' કહે છે. ઇંદ્રિય, મન,
વચન, શ્વાસોશ્વાસ - એ સર્વે શરીરના જ અંગો છે.

## જિનદેવ

વિઘ્ન કે દુઃખનું મૂળ કારણ અજ્ઞાન-રાગાદિ છે પણ
અનિષ્ટસંયોગ, ઇષ્ટવિયોગ આદિ નહિ. તેનો પ્રતિકાર
સમ્યગ્જ્ઞાનાદિ છે. તેના સ્વરૂપનો ઉપદેશ આપી પ્રવૃત્તિ
કરાવવાવાળા શ્રી જિનેશ્વર ભગવંત છે, તેથી તેમને
દુઃખ અથવા વિઘ્નના હરનાર જાણીને પૂજવા યોગ્ય છે.
વિષયસુખના કર્તા તથા રોગાદિ વિઘ્નના હર્તા તેઓ નહિ.

સત્ય વચન (શાસ્ત્ર)થી સર્વજ્ઞતાનો
અને શાંત મુદ્રાવંત પ્રતિમાથી વીતરાગતાનો
સાચો નિર્ણય અથવા નિશ્ચય થાય છે.

## ઇચ્છા

ઇચ્છા એ રોગ છે, આકુળતા તેનું ચિહ્ન છે, અજ્ઞાન તેનું કારણ છે. તે ઇચ્છાના ચાર પ્રકાર છે:

(૧)મોહ ઇચ્છા: પોતે કર્મજનિત પર્યાયરૂપ પોતાને માને, કર્મજનિત પર્યાયમાં અહંત્વ-મમત્વ ધારણ કરે અને તેના સંયોગ-વિયોગે સુખ, દુઃખ, હર્ષ, શોક આદિ કરે.

(૨)કષાય ઇચ્છા: પરદ્રવ્યને અનિષ્ટ માની તેને અન્યથા પરિણમાવવાની, બગાડવાની, તેની સત્તાનો નાશ કરવાની, તેનો સંબંધ કરી સંબંધ બનાવી રાખવાની રાગદ્વેષાત્મક, ક્રોધ-માન-માયા-લોભાત્મક વૃત્તિઓ, તે કષાય છે.

(૩)ઇંદ્રિયોને પ્રિય એવા પરદ્રવ્યો, તેને રતિરૂપ ભોગવવાની ઇચ્છા થવી તે ભોગેચ્છા. જીવનો સ્વભાવ ચૈતન્યસ્વરૂપ, સર્વ દ્રવ્યોના સામાન્ય-વિશેષ સ્વરૂપને પ્રકાશવાવાળો છે.

(૪)ભૂખ, તરસ, ટાઢ, તાપ, વ્યાધિ, વેદના, કામવિકારાદિને મટાડવા પરદ્રવ્યોના સંબંધની ઇચ્છા. જુદાપણાંની શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા વિણ આત્મા મુક્ત ન થાય. ક્ષણિક ઇચ્છાને પોતાની માનવી તે સંસાર છે. વીતરાગની શાંત મુદ્રાને દેખી શાંતભાવ તથા અંતરંગમાં વીતરાગભાવનો નિશ્ચય થાય છે, એ પરમ ઉપકાર છે.

હ્રીં

## અજ્ઞાનરૂપી પાડો

મિથ્યાત્વ અને અજ્ઞાનરૂપી જે પાડો અનંતાનુબંધી કષાય વડે અનંતા ચારિત્રરૂપી ઘાસના પૂળા ખાઈ ગયો છે, તે એક તણખલારૂપી બાહ્યવ્રતથી ડરે નહિ. માટે તે પાડાને જ પ્રથમ આત્મજ્ઞાનરૂપી બંધનથી બાંધવો જોઈએ.

આત્મજ્ઞાનનું બળ વધે તો જ મિથ્યાત્વ-અજ્ઞાન ઘટે. નિમિત્ત પરદ્રવ્યનું કાંઈ કરે છે, એમ માનીએ તો મિથ્યાશ્રદ્ધાનનો દોષ આવે છે. નિમિત્ત નહિ એમ માનીએ તો મિથ્યાજ્ઞાનનો દોષ આવે છે. છ એ દ્રવ્યો પોતપોતાના સ્વરૂપમાં સર્વે સદા અસહાય પરિણમે છે. કોઈ દ્રવ્યનું કોઈ દ્રવ્ય કદી પણ પ્રેરક નહિ. રાગ-દ્વેષનું કારણ મિથ્યાત્વરૂપી મદિરાનું પાન છે.

## કોનો દોષ? ગંભીર ભૂલ

દ્રવ્યકર્મો કે બીજો કોઈ પદાર્થ જીવને બિલકુલ પરવશ કે કનડી શકતા નહિ. જીવને અનાદિ કાળથી પરનાં દોષ જોવાનો જ અભ્યાસ છે, તેથી શાસ્ત્ર વાંચતા તે 'અસદ્ભૂત વ્યવહારનય'નાં વચનોનો પરમાર્થ ભાવ નહિ સમજવાથી દ્રવ્યકર્મો ઉપર દોષ નાંખે છે.

પોતાનો દોષ છે, છતાં તે જોતો નથી, એ મહાદોષ છે. અસત્ એટલે દ્રવ્યકર્મો દોષ કરાવતાં નથી અને વ્યવહાર એટલે તેમ છતાં લોકોનો તેમ બોલવાનો પ્રસિદ્ધ વ્યવહાર છે, તેથી જ્ઞાનીઓ પણ સમજાવવા માટે તે ભાષાનો પ્રયોગ કરે છે. તે અસદ્ભૂત વ્યવહારનય છે, એવું સ્પષ્ટ હોવા છતાં 'દ્રવ્ય કર્મો જીવને પજવે છે કે કનડે છે' એમ ખરેખર માનવું, તે ગંભીર ભૂલ છે.

## સાચી ઉદાસીનતા

સમ્યગ્દૃષ્ટિ પરદ્રવ્યોને બૂરા જાણતો નથી પણ પોતાના રાગભાવને જ બૂરો જાણે છે. પોતે સરાગ ભાવને છોડે છે, તેથી તેના કારણોનો પણ ત્યાગ થાય છે. વસ્તુ વિચારતા કોઈ પરદ્રવ્ય ભલાં-બૂરાં છે જ નહિ.

રાગ-દ્વેષનું ઉપજવું, તે પોતાનો જ અપરાધ છે. પરદ્રવ્યોનો દોષ જોવો, તે મિથ્યાભાવ છે. 'રાગાદિ બૂરા છે' એવા તેને પ્રતીત પણ નથી. અજ્ઞાની પરદ્રવ્યનાં દોષ જોઈ તેમાં દ્વેષરૂપ ઉદાસીનતા કરે છે. જ્ઞાની કોઈને ભલા-બૂરા જાણે નહિ. પોતાને પોતારૂપ, પરને પરરૂપ જાણે. 'પર સાથે મારું કાંઈપણ પ્રયોજન નથી' એવું માનીને સાક્ષીભૂત રહે, એ સાચી ઉદાસીનતા.

ह्रीं

શુદ્ધ આત્માનો અનુભવ - તે સાચો મોક્ષમાર્ગ છે.
શુદ્ધ એટલે સ્વભાવથી અભિન્ન અને પરભાવથી ભિન્ન.

## નય - કુનય

ઉપદેશ અને આજ્ઞાના વાક્યો વ્યવહારનયથી જ લખાય અને બોલાય. શ્રોતા તથા અભ્યાસીને વ્યવહારનય ત્યારે જ કાર્યકારી કે જો તે તેનો પરમાર્થ સમજે. જો તેમ ન સમજે તો તેને માટે તે કોઈ નય જ નહિ પણ કુનય છે, કેમકે તેણે વ્યવહારનયના વચનોને 'પરમાર્થનય'ના વચનો ગણ્યાં.

વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નહિ, કારણકે નિશ્ચયનો વિષય અભેદ એકરૂપ છે, તેથી ગુરુ અનેક પ્રકારે ભેદ કરી વ્યવહાર દ્વારા પરમાર્થને એટલે ભેદ દ્વારા અભેદને સમજાવે છે.

મિથ્યાદર્શન એટલે સ્વરૂપની અણસમજણ.

અજ્ઞાન - અવિદ્યા - ચિદાભાસ એકાર્થક છે.

## પ્રતિજ્ઞા

વીતરાગ આજ્ઞા છે કે શાસ્ત્રનાં વચનોને પ્રમાણ, નય આદિથી સમજવા અને તેની પરીક્ષા કર્યા પછી સત્ય-અસત્યનો નિર્ણય કરવો. તે પ્રમાણે સમજ્યા

વગર નિષેધવા નહિ. એ નિષેધ તો મહામિથ્યાત્વને પોષે છે. મહાત્મા મર્યા તેનો બંધ નહિ પણ જાણી દ્વેષ કર્યો, તેનો બંધ છે. વિષયસેવનાદિ ક્રિયા કે પ્રમાદ-ગમનાદિ ક્રિયા પરિણામ વિના હોતી નથી. એ ક્રિયા ઉદ્યમી થઈને કરે અને હિંસાદિ થાય તેને ગણે નહિ, 'પરિણામ શુદ્ધ છે' એમ માને, તો તે મહાદોષ છે. આત્માનું અને પ્રતિજ્ઞાનું સ્વરૂપ સમજી પ્રતિજ્ઞા કરવી જોઈએ છે, નહિ તો 'Cart before the horse' જેવી અવસ્થા થાય છે. પ્રતિજ્ઞા નહિ કરવી તે આશા અગર રાગભાવ છે. એ રાગભાવથી કાર્ય કર્યા વિના પણ અવિરતિનો બંધ થયા જ કરે છે.

## ભેદજ્ઞાન

જેને પરદ્રવ્યમાં અને પરદ્રવ્યથી થતાં ભાવોમાં આત્મ-બુદ્ધિપૂર્વક પ્રીતિ - અપ્રીતિ થાય છે, તેને સ્વ - પરનું શ્રદ્ધાન નથી - ભેદજ્ઞાન નથી. જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી જ ભલું - ભૂંડું માની રાગ-દ્વેષ કરે છે, ત્યાં સુધી તે સમ્યગ્દૃષ્ટિ નથી. મિથ્યાદૃષ્ટિ કાં તો વ્યવહારને સર્વથા છોડી ભ્રષ્ટ થાય છે અથવા તો નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના વ્યવહારથી જ મોક્ષ માને છે

ह्रीँ

અને પરમાર્થતત્ત્વમાં દૃઢ રહે છે.

સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા,
એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે:
જેમ સર્વ અન્ય દ્રવ્યોથી જુદાપણાને લીધે દ્રવ્ય શુદ્ધ છે.

૦ સ્વરૂપમાં અનુત્સાહ તે આળસ છે.
સ્વરૂપમાં ઉત્સાહ તે જ સાચો પ્રયત્ન છે.

સ્વરૂપવિશ્રાંતનિસ્તરંગચૈતન્યપ્રતપનાત્ તપઃ ।
ઇચ્છાનિરોધસ્તપઃ ।

સ્વરૂપની સ્થિરતારૂપ નિસ્તરંગ - તરંગ વગરનું નિર્વિકલ્પ ચૈતન્યનું પ્રતપન થવું - દેદીપ્યમાન થવું, તે જ નિશ્ચયથી તપ છે.

સ્વવશ એટલે આત્માને વશ. આત્માને પ્રથમ ઓળખે, તે જ આત્માને વશવર્તી બની શકે. ઊંધી માન્યતાને વશ થવું, તે જ મોટામાં મોટું પરવશપણું છે. શુભ-અશુભ બન્ને ભાવોથી આત્માના નિજગુણ - જ્ઞાન, દર્શન, ચારિત્ર, સાચી માન્યતા, જ્ઞાન, સ્થિરતા ઇત્યાદિ છે. આત્માના શુદ્ધ સ્વભાવને વશ થાય તે સ્વવશ અને રાગના વશ થાય તે પરવશ. ધર્મ અનુષ્ઠાન એટલે ધર્મને અનુસરીને આત્મસ્થિત રહેવું, તે ધર્માનુષ્ઠાન.

જેટલે અંશે પોતાનાં સુધારો થશે, તેટલે અંશે પોતે પોતાને દાન આપ્યું. દાન પોતાના લાભ માટે છે, પોતાનો લોભ ઓછો થશે તે પોતાને લાભ છે. 'પોતે પોતાના સ્વરૂપનું દાન પોતાને કરે છે' એ દાનનો નિશ્ચય અર્થ છે.

## સ્વદયા

જીવ અનાદિથી પોતાની શુદ્ધતાની હિંસા કરી રહ્યો છે. તે ટાળવા એ પોતાની અહિંસા કે સ્વદયા છે. 'આ આત્મા અનાદિકાળથી મિથ્યાત્વાદિ વડે ગ્રસાયો છે, તેથી તત્ત્વ પામતો નથી, જિનાજ્ઞા પાળી શકતો નથી.' એમ ચિંતવી તેનાથી બચવા પ્રયાસ કરવો તે સ્વદયા છે.

## પરદયા

પરજીવને મારી નહિ નાંખવાનો કે દુઃખ નહિ દેવાનો પોતાનો શુભ ભાવ, તે પરદયા છે.

## સ્વરૂપ દયા

સૂક્ષ્મ વિવેકથી સ્વરૂપ વિચારણા કરવી, તે સ્વરૂપ દયા છે.

## નિશ્ચય દયા

શુદ્ધ સાધ્ય ઉપયોગ, તેમાં એકતા ભાવ, અભેદ ઉપયોગ, તે નિશ્ચય દયા છે.

હ્રીં

## બ્રહ્મચર્યધર્મ

પોતાના સ્વરૂપની સમજણ રાખવા,
આત્માને આત્મભાવે ઓળખવો, 'આ સંસાર તે મારો નહિ,
હું એથી ભિન્ન, પરમ અસંગ, સિદ્ધસદૃશ, શુદ્ધ છું;'
એવા આત્મસ્વભાવ વર્તના, તે બ્રહ્મચર્યધર્મ છે.
શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય જીવે અનંતવાર
અગિયાર અંગનું જ્ઞાન મેળવ્યું, છતાં ફોગટ ગયું.

## રોગનો ત્રાસ - પુદ્ગલનું ફળ

'રોગ શરીરમાં થાય છે. શરીર તો જડ રજકણોનું બનેલું છે. હું જીવ છું, શરીર જડ અને પર દ્રવ્યાદિ બગડે - સુધરે, તેથી મારું કાંઈ બગડે - સુધરે નહિ. જીવનું શરીર તો જ્ઞાનશરીર છે. તે સદા અચળ - નિરાકુળ છે, તેથી રોગની વેદના મને છોઈ શકે નહિ. જ્ઞાનસ્વભાવવાળા રૂપનો જ હું ભોગવટો કરનારો છું. પુદ્ગલથી થયેલી રોગરૂપ અવસ્થા તે વેદતો જ નહિ.' આવી સાચી સમજણ કરનારને વેદનાનો ત્રાસ નાશ પામે છે. આ સિવાય બીજો કોઈ ઉપાય નહિ. અજ્ઞાનીનો પુદ્ગલનો ભાવ 'પરથી પોતાને અગવડ થાય' એ માન્યતા ઉપર રચાયેલો છે.

જીવોને પુણ્યનો પણ તો અનાદિકાળથી જ છે. પુણ્ય પુદ્ગલ છે. તે પૂરાય છે, ગળે છે, વધે છે, ઘટે છે. તેનું ફળ ક્ષણિક અથવા ઉત્પન્નધ્વંસી છે. પુદ્ગલનો સંયોગ - વિયોગ છે, તેનાથી સાચું સુખ હોય નહિ. પોતાના સ્વરૂપની અણસમજણ એ જ મોટું પાપ, અકાજ, દુષ્કૃત છે. જે પોતાના આત્માને જાણે, તેને અરક્ષા ભય રહે નહિં, કોઈ આત્માને કોઈ નુકશાન પહોંચાડી શકે નહિ, તે પોતે પોતાથી જ રક્ષિત છે.

આત્મામાં એવી વસ્તુ નથી કે
જાળવવી પડે
રક્ષા કરવામાં આવે તો રહે,
નહિ તો નષ્ટ થઈ જાય.

આત્મા
એક સ્વતંત્ર ચૈતન્ય વસ્તુ છે.
તે પોતે પોતાથી જ રક્ષિત છે.
જીવ અનાદિથી પોતાનું સ્વરૂપ ભૂલ્યો છે,
માટે તે ભૂલથી પાછું ફરીને
પોતાનું યથાર્થ સ્વરૂપ સમજવું,
એ પરમ ધર્મ છે.

ह्रीँ

જામનગર (પાઠશાળા), જેઠ સુદ ૫, સં. ૨૦૬૫

તીર્થંકરનો માર્ગ એ સેવાનો માર્ગ છે.

સર્વ જીવોની સેવાની વૃત્તિ સર્વના નાયક બનાવે છે.

<u>ધર્મની શરૂઆત સેવાભાવથી થાય છે.</u>

કોઈ એક બાળ જીવની નિઃસ્વાર્થ ભાવે સેવાથી ધર્મનો પ્રારંભ થાય છે. બાળ જીવ પરત્વે એ સેવા-ભાવ જગાવો, એ તીર્થંકર દેવોની કૃપા સિવાય શક્ય નથી. પોતાને મળેલી શક્તિઓનો ઉપયોગ પરજીવની સેવામાં કરવાને બદલે સ્વશરીર અને મનના તરંગોની સેવામાં જ જીવ કરે છે. શરીર એ ગધેડો અને મન એ વાંદરાની ઉપમા ધારણ કરે છે. રાસભની સેવા ન હોય પણ તેની પાસે ડંડુકા મારીને પણ કામ લેવાનું હોય,

મર્કટનું તો પ્રજાપતિ પણ સમજે છે.

વાનરને વશ કરીને મદારી પણ પોતાનું કાર્ય કરાવે છે. માનવ એટલે માનવ તેના બદલે બંનેની સેવા જ કરે, તો તે પ્રજાપતિ કે મદારીથી પણ બુદ્ધિમાં ઉતરતો જ ગણાય. તે બેને વશ કરીને નિરાશંસ ભાવે અન્ય જીવોની

દ્રવ્યસેવા તથા ભાવસેવા કરનારો જ

તીર્થંકર દેવોનો સાચો સેવક ગણાય.

# વિશ્વપ્રેમ

પ્રેમ બે પ્રકારના છે:

(૧) રાગરહિત પ્રેમ (૨) રાગસહિત પ્રેમ.

રાગરહિત પ્રેમ તે વિશ્વપ્રેમ છે, કેમકે તેમાં સર્વ દ્રવ્યો પ્રત્યે સમભાવ છે, રાગ-દ્વેષ નહિ. વિશ્વપ્રેમનું બીજું નામ સમાનભાવ કે સમભાવ છે. વસ્તુઓ, ગુણો અને તેની અવસ્થાઓ જેમ છે તેમ જાણવા, તે પ્રત્યે રાગ-દ્વેષ ન કરવા, તે સાચો વિશ્વપ્રેમ.

<u>રાગરહિત પ્રેમને પૂર્ણપણે અમલમાં લાવનાર છે</u>
<u>વીતરાગી જીવો અને સિદ્ધ ભગવંતો.</u>

તેથી જ શાસ્ત્રમાં તેમને 'અકષાય કરૂણાસાગર' કહ્યા. આપણને જ સુખ આપવાનો ભાવ કરે, તેને વિશ્વ એટલે બધાં પ્રત્યે પ્રેમ ન રહે. જીવ જ્યાં સુધી પોતાનું સાચું સ્વરૂપ ન સમજે, ત્યાં સુધી તે પર પ્રત્યે રાગ-દ્વેષ ઓછો કે વધારે કર્યા વિના રહેશે જ નહિ.

આજ કોઈ પ્રત્યે રાગ કરશે, તો તે ભાવ વિકલ્પી દ્વેષાદિ પલટો ખાધા વગર રહેશે જ નહિ. જીવ જો પોતાનું સ્વરૂપ સમજે તો જ સર્વ પદાર્થો પ્રત્યે યથાર્થ ભાવ રાખી શકે. તેનું નામ જ 'વિશ્વપ્રેમ' છે.

કોઈ દ્રવ્યનું પરિણમન કોઈ દ્રવ્યને આધીન નહિ, એમ નક્કી કરી પરવસ્તુઓ પ્રત્યે રાગ-દ્વેષ ન કરવા અને નિરાકુળતા પ્રગટ કરવી, તેનું જ નામ વિશ્વપ્રેમ છે. આવા વીતરાગ - સામ્યભાવી જીવો જ વિશ્વપ્રેમી છે.

વિશ્વ એટલે સંસારી અને સિદ્ધ જીવો.
અનંતાનંત પુદ્ગલ દ્રવ્યો એટલે
ધર્મ, અધર્મ, આકાશ અને કાળ.

વિશ્વપ્રેમ કઈ રીતે થઈ શકે?

જેના અંતરમાં આકુળતા છે, તે દુઃખી છે.
તે જેને નહિ, તે સુખી છે.
રાગ-દ્વેષ આદિ કષાયિક ભાવોથી
મનમાં આકુળતા થાય છે,
કોઈ રાગાદિ ભાવથી આ જીવ
'બાહ્ય પદાર્થ પોતાની ઇચ્છા
અને અનુકૂળતા મુજબ પરિણમે'
તેમ ઇચ્છે છે.

બાહ્ય પદાર્થ તો તેના પરિણમન સ્વભાવ મુજબ અન્ય પ્રકારે પરિણમે છે, ત્યારે જીવને આકુળતા થાય છે. હવે કાં તો પોતાના રાગદ્વેષાદિભાવ દૂર થાય અથવા

સર્વ દ્રવ્યો પોતાની ઈચ્છા મુજબ પરિણમે,
તો આકુળતા મટે. સર્વ દ્રવ્યો પોતાને આધીન નથી.
કોઈ બીજા કોઈ દ્રવ્ય પોતાની ઈચ્છા મુજબ પરિણમે,
તો પણ સર્વ કાર્ય ઈચ્છાનુસાર જ થાય, એ બનતું નથી.
ખરો ઉપાય રાગાદિ ભાવોને દૂર કરવાનો છે.
તે પોતાથી બની શકે એમ છે.
રાગ-દ્વેષાદિ ભાવો પોતાનો સ્વભાવભાવ નથી પણ
અજ્ઞાનજન્ય અને અસ્થિરતાથી ઊભો થયેલ ભાવ છે.
એટલે નક્કી એ થયું કે કોઈનું પરિણમન કોઈને
આધીન નથી. આમ નિશ્ચય કરી પર વસ્તુઓ પ્રત્યે
રાગ-દ્વેષ ન કરવા અને નિરાકુળતા પ્રગટ કરવી,
એનું જ નામ 'વિશ્વપ્રેમ' છે.
આ રીતે વિશ્વપ્રેમ એ જ આકુળતા ટાળવાનો અને
નિરાકુળતા મેળવવાનો રાજમાર્ગ બને છે અને
તે માટે દ્રવ્યોની સ્વતંત્રતાનું સાચું ભાન છે.
એ ભાન જેમ-જેમ સ્થિર થતું જાય છે, તેમ-તેમ
પર વસ્તુવિષયક રાગ-દ્વેષો ઓછાં થતાં જાય છે અને
રાગ-દ્વેષજન્ય આકુળતાથી થતી પીડા પણ શમતી જાય છે,
નિરાકુળ સ્થિતિજન્ય અનુપમ સુખનો આનંદ મળે છે.

ह्रीँ

સુખ, શાંતિ કે તેનું કારણ ધર્મ કેવી રીતે થાય?

તે માટે બે વસ્તુ જોઈએ: ક્રિયાવિશુદ્ધિ અને દેવ-ગુરુ-ધર્મ ઉપરના પ્રેમ, રુચિ, બહુમાન, ભક્તિ અને આદર, જે તત્ત્વજ્ઞાનથી થાય, તે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. (૧) માત્ર ક્રિયાવિશુદ્ધિ પૂરતી નથી. તે તો દરેક જીવે અનેકવાર કરી છે. એ વિશુદ્ધિ ભાવસહિત હોય તો તે સાધન બને છે. બાહ્યસાધનની સાથે અંતરસાધન જોઈએ. તે યથાર્થ જ્ઞાન કે અખંડ નિરપેક્ષ સ્વભાવની અચળ શ્રદ્ધા થવા કાર્યવાહ છે.

તે જ અંતરસાધન કે નિશ્ચય સાધન છે.

સ્વભાવની નિશ્ચય શ્રદ્ધા વિના બાહ્યસાધન અનેકવાર કર્યાં છે, છતાં નિશ્ચય ધર્મ થયો નહિ. મારો આત્મસ્વભાવ નિરપેક્ષ છે, બંધમોક્ષના ભેદરહિત છે, સ્વતંત્ર છે, પર નિમિત્તના આશ્રયરહિત છે. એના જોરે જ શુદ્ધતા પ્રગટે છે. સુખ, શાંતિ કે મુક્તિનું નિશ્ચય સાધન સ્વભાવની યથાર્થ શ્રદ્ધા છે. તે સત્ સમાગમથી પ્રાપ્ત થાય છે. (૨) કર્મવિપાકનો વિચાર કરવાથી અશુભ પરિણામોની મંદતા થાય છે અને શુભ પરિણામો જાગે છે, તેનું જ નામ દેવ-ગુરુ-ધર્મ ઉપરનો પ્રેમ છે.

હ્રીં

સ્વભાવ એ જ વસ્તુનો ધર્મ હોવાથી આત્મા પોતે જ ધર્મસ્વરૂપ છે. આત્માનો ધર્મ સદા આત્મામાં જ છે, પરમાં નહિ. એવા ધર્મના સ્વરૂપની શંકા કે વિપર્યય એ જ મૂળ અધર્મ છે. તેને ટાળવા સ્વભાવને ઓળખવો, એ જ એક ઉપાય છે. એ ઓળખાણ ધર્મના સાચા સ્વરૂપને ઓળખવાની ખરેખરી તાલાવેલી કે રુચિથી જ થશે.

વર્તમાનમાં જે જે સંયોગો મળે છે, તે બધાની ચિંતન પૂર્વકાળે કરી છે. પૂર્વે જે ભાવ કર્યા હતા, તેવો જ બદલો વર્તમાનમાં યથાયોગ્ય મળી રહ્યો હોય છે. ઇચ્છા હોય કે ન હોય પણ જેની ચિંતન કરી દીધી છે, તેનો બદલો મળવાનો જ મળવાનો. માટે જે સંયોગો મળે, તેને માણી લેવા. તેને ટાળવાની કે ન હોય તેવા સંયોગોને મેળવવાની માથાકૂટ કદી ફળશે નહિ. એ જ એક શાંતિ, સુખ, મુક્તિ અને ભુક્તિ મેળવવાનો ખરો માર્ગ છે.

જાણવાનું પ્રયોજન 'જાણવું' એ જ ન હોઈ શકે. જાણવાનું પ્રયોજન માણવું તે છે. માણવાનું તો અસ્તિરૂપ સ્વાશ્રિતભાવનું જ થઈ શકે. નાસ્તિરૂપ પરાશ્રિતભાવને માણી ન જ શકાય. અનેકાંત સ્વભાવને જાણી સ્વાશ્રિત ભાવમાં લીન થવું, એ જ એક આદરણીય છે.

ह्रीं

## આત્મસ્વરૂપનું અજ્ઞાન

જેને આત્મસ્વરૂપનું જ્ઞાન ન હોય, તેને સાચા જ્ઞાન, સાચી પ્રતીતિ, સાચા ચારિત્ર અને વીર્ય હણાય છે, તેના આવરણ બંધાય છે, તે ઘાતિકર્મ છે, તે પાપ છે. અજ્ઞાનીને શુભભાવ વખતે પણ ચારે ઘાતીયાં કર્મ બંધાય છે. આત્મસ્વરૂપના અજાણને આત્માના નિજ ગુણ જેટલા કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય વગેરેને હણનારા પાપકર્મ બંધાય જ છે. સમ્યગ્દર્શન થાય, તે જ વખતે મિથ્યાત્વ અને અનંત સંસારને વધારનારા ક્રોધ-માન-માયા-લોભ બંધાતા જ નથી અને બાકી પાપ ક્રમે-ક્રમે તેને નહિ બંધાતા છેવટે પાપબંધથી રહિત તે થઈ શકે છે. જેને આત્મસ્વરૂપનું ભાન નથી,

તેનું કષાયચક્ર ચાલુ જ રહે છે.

શુભ પછી તેને તુરંત જ અશુભ આવે છે.

## શુભભાવ

અશુભભાવની માફક શુભભાવ ક્ષણિક છે, ઉત્પન્ન-ધ્વંસી છે, વિકારી છે. બંને મોહરાજાની ફોજના સરદાર છે. પ્રાણી જીવે કે મરે, તેની સાથે પુણ્ય-પાપનો સંબંધ નથી, પોતાના ભાવની સાથે તેનો સંબંધ છે.

જીવ શુભભાવ કરે, પછી આખા બ્રહ્માંડને લાભ-નુકસાન થાય તે થાય તો પુણ્ય અને અશુભભાવ કરે, પછી આખા બ્રહ્માંડને લાભ-નુકસાન થાય તે થાય કે ન થાય, તો પણ તે પાપ જ ગણાય.

શુભભાવ કરતાં જેમ પુણ્યનો બંધ છે, તેમ આત્મ-સ્વરૂપથી અજાણ્યા જીવોને સાથે જ પાપનો બંધ થાય છે. અજ્ઞાન જીવ માને છે કે 'હું બીજાને મારું, જીવાડું, સુખી-દુઃખી કરું' પણ તે સત્ય નથી. પરવસ્તુનું પરિણમન જીવને આધીન નથી અને પર ઉપર કોઈનો અધિકાર ચાલતો નથી, તેથી પિતા-પુત્ર, શિક્ષક-વિદ્યાર્થી, તીર્થંકર કે કેવળી બીજાનું કાંઈ કરી શકતાં નથી, માત્ર પોતે જ પોતાની અંદર પોતાના ભાવ ફેરવવાનો પુરુષાર્થ કરી શકે છે. પદાર્થોનો નિયમ જ અટલ છે.

લૌકિક પુણ્યની માન્યતામાં ખોટી માન્યતાનું
પાપ સાથે જ રહેલ છે, એટલે
ખોટી માન્યતા એ બધા દુઃખો અને રાગ-દ્વેષોનું
મૂળ હોવાથી મહાપાપ ગણાયું છે.

o

અંગ્રેજીમાં કહેવત છે કે:

Man proposes, God disposes.

ह्रीँ

# મિથ્યાત્વ

પરનું કર્તૃત્વ અને સ્વામિત્વ જીવ ધારણ કરે છે,
ત્યાં સુધી તેને અનંતાનુબંધી રાગ-દ્વેષ ટળતા નથી.
પરપદાર્થોમાં ઈષ્ટાનિષ્ટની કલ્પના મિથ્યાત્વ છે.
જીવ પરનું કાંઈ કરી શકે નહિ.
પોતે પોતામાં જ વિકલ્પો કે
અવિકલ્પો ભાવ કરી શકે.

સંપૂર્ણ અવિકારી ભાવ ન પ્રગટે, ત્યાં સુધી અશુભભાવ ટાળી શુભ ભાવ કરવો, પરન્તુ તેને અવિકલ્પ માનવો નહિ. આમ માનવાથી પરવસ્તુ જે અનંત છે, તે ઉપરનું મમત્વ અભિપ્રાયમાંથી છૂટી જાય છે અને પોતાના અશુભભાવ ટાળવા. લોભાદિ કષાય ઘટાડવા માટે દાન, દયા, વ્રત, તપ, પૂજા, ભક્તિ ઈત્યાદિ કરે, તે પરના ભલા માટે કરતો નથી, તેથી તેનું અભિમાન આવતું નથી અને પર ગમે તેમ વર્તે, તેથી તેને પોતાને રાજી-નારાજી થતી નથી. પોતે પોતામાં સ્થિર રહેવા પ્રયત્ન કરે છે અને ન રહી શકે, ત્યારે અશુભમાંથી બચવા શુભમાં પ્રવર્તે છે,
તો પણ તેમાં શુભમાં કે રાગમાં
પોતાપણું સ્વામિત્વ માનતો નથી, તેથી અબંધ રહે છે.

ह्रीं

## તત્ત્વનિર્ણય

તત્ત્વનિર્ણયરૂપ ધર્મ બાળ, વૃદ્ધ, રોગી, નિરોગી, ધનવાન, નિર્ધન, સુખિઆ, દુખિઆ ઈત્યાદિ સર્વ અવસ્થામાં પ્રાપ્ત થવા યોગ્ય છે. જે પુરુષ પોતાના હિતનો વાંછક છે, તેણે તો સર્વથી પહેલાં આ તત્ત્વનિર્ણય રૂપ કાર્ય જ કરવું યોગ્ય છે. જેને સાચા ધર્મી થવું હોય, તેણે તો જ્ઞાની તથા શાસ્ત્રના આશ્રયે તત્ત્વનિર્ણય કરવો યોગ્ય છે. તત્ત્વનિર્ણય થયા વિના જે કાંઈ તપ, વૈરાગ્ય, સંયમ, સંતોષ, ત્યાગ, દાન, દયા, પૂજા, સ્તોત્ર ઈત્યાદિ થાય છે, તે બધાં અસત્ય છે. માટે આગમનું સેવન, યુક્તિનું અવલંબન, પરંપરાથી ગુરૂઓનો ઉપદેશ અને સ્વાનુભવ દ્વારા તત્ત્વનિર્ણય કરવો, એ પ્રથમ ધર્મ - કર્તવ્ય છે.

## ભાવરક્ષા

જીવનું અને પોતામાં થતી ભૂલનું સ્વરૂપ જાણી આપણે ભૂલથી પાછું ફરવું જોઈએ. આત્મામાં થતી આ ક્રિયાનું નામ સાચું પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ તે આત્માનો શુદ્ધ ભાવ છે, તેથી જે આત્માને સમજે નહિ, તેને સાચી પ્રતિક્રમણની ક્રિયા ક્યાંથી હોય? પ્રતિક્રમણમાં છ કાય જીવરક્ષાનું ધ્યેય હોય તો સ્વરક્ષા પણ થવી જોઈએ.

'સ્વરક્ષા' એટલે પોતામાં થતાં વિકલ્પ ટાળવાની ક્રિયા. જીવ પોતાનું સ્વરૂપ ન સમજે, ત્યાં સુધી તે 'ભાવ-મરણ' સમયે સમયે કરતો રહે છે. સમજ્યા વગરની થતી પ્રતિક્રમણની ક્રિયા વખતે પણ ભાવમરણ તો ચાલુ જ છે, તો પછી સ્વજીવની રક્ષા ક્યાં થઈ?

અરક્ષા એટલે ભાવમરણ તો થવું જ.

તીવ્ર શુભાશુભભાવ એ પોતાની શુદ્ધતાનું ખૂન છે.

ઉપાદેય બુદ્ધિએ અજ્ઞાની જીવો પોતાના જ વિકલ્પો ભાવોથી પોતાને લાભ થાય એવા ઊંધા પક્કડથી પોતાના ગુણોનું ખૂન કરી રહ્યા છે, તે જ 'ભાવમરણ' છે.

## અંધશ્રદ્ધા

કોઈ કહે માટે માની લેવું એ અંધશ્રદ્ધા, અવિવેક, અજ્ઞાન છે. માટે વિચારવાન જીવોએ અંધશ્રદ્ધા છોડવી. 'શુભાશુભ ભાવ મારા છે, તે કરવા જેવા છે' એવી જે જીવની મજબૂત પક્કડ છે, તે સંસારનું મૂળિયું છે. તે છેદવામાં ન આવે, ત્યાં સુધી સંસાર ઊભો રહે છે. પોતાનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના સંસાર ટળે નહિ.

તે મૂળિયાને 'મિથ્યાત્વ' કહે છે.

તે જ સંસાર છે અને મિથ્યાત્વ તે જ પરિગ્રહ છે.

તેમાંથી પાછું ફરવું, તે પ્રતિક્રમણ છે. સાચી સમજણ તે મિથ્યાત્વનું પ્રતિક્રમણ છે. સાચી સમજણ આત્મજ્ઞાની પુરુષ પાસેથી આત્માનું સ્વરૂપ બરાબર સમજવાથી થાય છે, જે ત્રિકાળી, અખંડ, શુદ્ધચૈતન્ય, અમૃતેશ્વરમાત્ર, ધ્રુવરૂપ છે. આત્મા તેની વર્તમાન ક્ષણિક અવસ્થામાં ક્ષણે ક્ષણે નવો વિકલ્પ કરે છે, તે તરફ લક્ષ ગૌણ કરી ત્રિકાળી ધ્રુવ-ચૈતન્ય તરફ લક્ષ આપવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે.
તે જ મિથ્યાત્વનું પ્રતિક્રમણ છે.

## અજ્ઞાનાંધકાર

આ જગતમાં જીવોને અજ્ઞાનદશામાં પરદ્રવ્ય અને તેની અવસ્થાને 'હું કરું છું' એવો પરદ્રવ્યના કર્તૃત્વનો મહાઅહંકારરૂપી અજ્ઞાનાંધકાર અનાદિ સંસારથી ચાલ્યો આવે છે. જે જે વસ્તુઓ છે, તે તે દ્રવ્યે, ક્ષેત્રે, કાળે, ભાવે સર્વથા ભિન્ન જ છે, તેથી કોઈ દ્રવ્ય, કોઈ પર્યાય પરનું કાંઈ કરી શકે નહિ. જીવ પરનું કાંઈ કરી શકતો નથી, છતાં કરું છું એમ માને છે, તેથી તેને 'અહંકાર' કહેવામાં આવે છે. તે ખોટી માન્યતા અનંત સંસાર અને દુઃખનું કારણ છે. તેને ટાળવા અનંત પુરુષાર્થ જોઈએ. આ મહાઅહંકાર એ જ અજ્ઞાનાંધકાર છે, કારણકે

પોતે પોતાનું સાચું ભાન ન કર્યું અને મહાન ભૂલ કરી, તેથી તે અંધકાર છે. આ મહાઅહંકારરૂપી અજ્ઞાનાંધકાર એ અજ્ઞાનીનો પ્રતિભાસ છે. માટે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ, એમ નક્કી કરી પોતાના ત્રિકાળી ધ્રુવ સ્વભાવનો આશ્રય લેવાથી તે મહાઅહંકારરૂપી અજ્ઞાનાંધકાર ટળી શકે છે. જીવે અનાદિકાળથી પર - દ્રવ્યોને અને તેના ભાવોને, અવસ્થાઓને 'હું કરી શકું' એવો ભ્રમ ગ્રહણ કર્યો છે અને પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે, તેને ગુરુ કહે છે કે:

'તું આત્મસ્વરૂપ છો. તેથી પરનું કાંઈ કરી શકે નહિ, માટે તે માન્યતા છોડી સાવધાન થા.'

સંસારમાં રાજ્ય કોનું વર્તે છે? સ્વસ્વરૂપની ભ્રમણાનું.
બહુમતી કોની? સ્વરૂપની ભ્રમણાવાળા જીવોની.
તેમાં આગેવાન કોણ? દ્રવ્યલિંગી મુનિ.
તે મુનિ અસત્ય ન બોલે, ચોરી ન કરે, મૈથુન ન સેવે, પરિગ્રહ ન રાખે, પરજીવની હિંસા ન કરે, વ્રતમાં દૂષણ કે અતિચાર ન લગાવે, છતાં તેને સ્વરૂપની ભ્રમણા હોવાથી ધર્મ ન થાય. સ્વસ્વરૂપની યથાર્થ ઓળખાણ કરી ભ્રમણા ટાળવી, તે ધર્મની શરૂઆત છે.

તે સ્વરૂપમાં સ્થિર રહેવું, તે સાધકદશા છે અને સંપૂર્ણ સ્થિરતા થવી, તે ધર્મની પૂર્ણતા છે. બાકી કોઈ સંસાર નથી પણ જે જીવ મિથ્યાબુદ્ધિવાળો છે, તે જ સંસાર છે, તેથી દ્રવ્યલિંગી મુનિ પણ સંસારતત્ત્વ છે. બહારના લિંગ ઉપરથી મુનિપણું કે જ્ઞાનીપણું નક્કી થઈ શકે નહિ. પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરવા યોગ્ય ક્ષયોપશમ સર્વ સંજ્ઞીપંચેન્દ્રિય જીવોને હોય છે.

જે જીવો તત્ત્વોનો નિર્ણય કરવા માટે
પોતાના જ્ઞાનમાં પુરુષાર્થ કરે, તેને સાચી શ્રદ્ધા થાય છે.
જેઓ પરજ્ઞેયોને જ જાણવા માટે જ્ઞાનને રોકે છે,
તેઓને જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન થતું નથી.

ક્ષયોપશમ જ્ઞાન જ્યાં લાગે, ત્યાં એક જ્ઞેયમાં જ લાગે છે. જો પોતાના સ્વરૂપને જાણવા તરફ તે જ્ઞાનને લગાડે, તો સ્વસ્વરૂપનું જ્ઞાન થાય. પરદ્રવ્યો અનંતાનંત છે. એકેક જ્ઞેયમાં રોકે તો કદી તેનો અંત આવે નહિ. એક સ્વને યથાર્થપણે જાણ્યા વગર પરનું યથાર્થ જ્ઞાન થતું નથી, તેથી જે જે સંસારી જીવો પોતાનો પુરુષાર્થ સ્વજ્ઞેય તરફ વાળતાં નથી, તે સૌ સંસારી જીવોને યથાર્થ શ્રદ્ધા અને યથાર્થ જ્ઞાન થતાં નથી. સમ્યગ્દર્શન તે

જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય ગુણોનો આધાર છે.
જેમ આત્મદ્રવ્ય વિના જ્ઞાનાદિ ગુણ રહેતા નથી,
તેમ સમ્યગ્દર્શન વિના જ્ઞાનાદિ ગુણોને સમ્યક્પણું
પ્રાપ્ત થતું નથી. સમ્યગ્દર્શન સર્વ ગુણોનો આધાર છે.
નગરમાં પ્રવેશવાનો ઉપાય દરવાજો છે, તેમ જ્ઞાનાદિ
ગુણોને આત્મામાં પ્રવેશ કરવાનો દરવાજો સમ્યગ્દર્શન છે.

અવધિ વગેરે વિશિષ્ટ જ્ઞાન, યથાખ્યાત ચારિત્ર અને
અતિશય નિર્જરા કરાવનાર તપ,
એ સર્વ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બાદ જ આવે છે.

## શ્રદ્ધા અને બુદ્ધિ

મનુષ્યના સ્વભાવમાં શ્રદ્ધા અને બુદ્ધિ બંને તત્ત્વો છે.
કોઈમાં શ્રદ્ધા મુખ્ય ભાગ ભજવે છે, તો કોઈમાં બુદ્ધિ.
માત્ર બુદ્ધિમાં ઘણી સાચી બાબતો
છૂટી જવાનો દોષ રહેલો છે.
માત્ર શ્રદ્ધામાં ઘણી અસત્ય વસ્તુઓનો
સ્વીકાર થઈ જવાનો દોષ રહેલો છે.
એકમાં સ્વાશ્રયપણું લોપાય અમુકમાં મુક્તિનું ભાન -
એ દોષરૂપ છે, બીજામાં પરાશ્રયપણું લોપાઈ
શક્ય બુદ્ધિ-વિકાસનો પણ નાશ થાય છે.

શ્રીં

## કર્તા - ક્રિયા

એક ક્રિયાના કરનાર બે કર્તા ન હોય.
એક કર્તાની ક્રિયા બે પ્રકારની ન હોય.
રૂપાંતર પામે તે કર્તા, રૂપાંતર થવું તે કર્મ.
રૂપાંતરનું કરવું તે ક્રિયા અથવા એક પરિણામના કર્તા બે દ્રવ્ય ન હોય અને એક દ્રવ્ય બે પરિણામ ધારણ કરે નહિ. બે દ્રવ્ય મળીને પણ એક ક્રિયા કરે નહિ. એક દ્રવ્ય બે ક્રિયાને કદાપિ કરે નહિ. બે દ્રવ્ય એક ક્રિયાવાળી બને પણ બંનેના સ્વભાવ એક થાય નહિ. પુદ્ગલ દ્રવ્ય જડ છે, તેથી જડ પરિણામનો કર્તા થાય.
જીવ ચેતન છે, તેથી ચેતન સ્વભાવને જ કરે.
દ્રવ્યરૂપ જે કર્મ, તેને તો પુદ્ગલ જ કરે.
શાતાભાવ જાણવારૂપ જે કાર્ય, તેને ચેતન કરે.
અશાતાભાવ 'હું કર્તા છું' એવી માન્યતા કરાવે.

## જીવ - પુદ્ગલ

પરદ્રવ્ય તરફ જીવની અહંબુદ્ધિ એ જ મિથ્યાત્વ, અંધકૂપ, ન નિવારી શકાય તેવો મહામોહ. સર્વ કાર્ય-કર્મ-ક્રિયાને વિષે અહંબુદ્ધિ વડે રહેલા મમતા છોડીને શુદ્ધ ચિદાનંદ સ્વભાવમાં જ રમી રહે, તે સમયે

તે જીવ આત્મશક્તિ વડે જગતને જાણી લે છે,
છતાં જગતથી નિરાળો થઈ જાય છે.

કર્મનો કર્તા આત્મા નથી, તેથી કર્મ આત્માના કરેલા નથી. ચેતનાના શુદ્ધાશુદ્ધ ભાવનો કર્તા ચેતન છે, બાકી કંઈ નથી. જ્ઞાન-દર્શનને ઢાંકવું એ કર્મપિંડનો અને વર્ણગંધાદિરૂપે પરિણમવું, એ પુદ્ગલદ્રવ્યનો વિલાસ છે. જીવ કર્મનો કર્તા નથી પણ ઉદયમાં આવેલા કર્મોનો તમાશો જોનાર જ્ઞાતા છે. જીવ જ્ઞાનનો કર્તા અને કર્મનો અકર્તા છે. જ્ઞાની કર્મને કરે પણ મમતાને ન ધરે, તેથી અબંધક છે.

અજ્ઞાની કર્મ કરીને તેમાં આનંદ લે છે,
મમતા ધારણ કરે છે, તેથી બંધક છે.

જ્ઞાની જ્ઞાનભાવને - અજ્ઞાની અજ્ઞાનભાવને કરે છે.

જે જ્ઞાનરૂપી ગજરાજ ઉપર ચઢીને રહે છે,
તેની આગળ ઉદયરૂપી કૂતરો ભસીને ભાગી જાય છે.

## થોડી વ્યાખ્યાઓ

- પરના અને પોતાના એકત્વ અથવા અવિભક્તિની માન્યતા એ મિથ્યાત્વ છે.
- પરનું અને પોતાનું અવિભક્તિ જ્ઞાન અજ્ઞાન છે.
- પરની અને પોતાની અવિભક્તિ લીનતા અવિરતિ છે.

હ્રીં

o પતંગના ઉંદરડા નાચી નાચીને મરી જાય છે, તેમ સંસારી જીવ સંસારના નાચ નાચી-નાચીને અંતે મરી જાય છે.

o ધ્યાનરૂપી અગ્નિમાં સંશય, મોહ અને
વિભ્રમરૂપી વૃક્ષો બળી જાય છે.

o ભવનું નિર્ગુણપણું, સુખાદિક ગુણ વડે રહિતપણું, નિઃસારપણું જાણીને ભવ ઉપર વૈરાગ્ય થાય છે.

વૈરાગ્ય તે રાગ-દ્વેષ-મોહની દશાથી ભિન્નતા.

o જીવોનો એક પુદ્‌ગલ પરાવર્ત પરિમાણ સંસાર અવશેષ રહે, ત્યારે જ યોગના આત્માની સન્મુખ થાય છે, અન્ય સમયે યોગના આત્માભિમુખ થતી નથી.

o જ્ઞાનનું ફળ વિરતિ અર્થાત્
સ્વરૂપસ્થિરતા કે સ્વરૂપરમણતા.

અજ્ઞાનીનો મૂઢનો ભ્રમ 'પરથી પોતાને સગવડ થાય'
એ માન્યતા ઉપર રચાયેલો છે.

જ્યાં જ્ઞાયકભાવ, ત્યાં શુદ્ધ ચારિત્રની ચાલ પામશે, તેથી જ્ઞાન અને વૈરાગ્ય સમકાલે શિવમારગ સાધે.

o શરીર એ ધાન્યની થેલી કે તરવારની મ્યાન જેવું છે.
જેને હિતકારી માને, તેના ઉપર
હેત આવ્યા વિના રહે જ નહિ.

હ્રીં

## બે વસ્તુઓ

બે વસ્તુઓ સર્વદા, ભિન્ન જ પ્રદેશભેદવાળી જ છે.
બંને વસ્તુઓ એક થઈને પરિણમતી નથી,
એક પરિણામને ઉપજાવતી નથી અને
તેમની એક ક્રિયા હોતી નથી, એવો નિયમ છે.
જો બે દ્રવ્યો એક થઈને પરિણમે,
તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય.

## આળસુ - ઉદ્યમી

જે જીવ મોહરૂપ નિદ્રાને વિષે સૂતા છે, તે આળસુ છે અને તે જ નિરૂદ્યમી છે. જે જીવ જ્ઞાનદૃષ્ટિ ખોલીને જાગ્રત છે, તે જીવ આળસ તજીને ઉદ્યમ કરે છે. જે ભવબંધને વધારે, તે અભણ - આળસુ ઇત્યાદિ. જે મુક્તિ હેતુ ક્રિયા કરે, તે ઉદ્યમવંત ઇત્યાદિ. આળસ અને નિરૂદ્યમની ભૂમિકા મિથ્યાત્વ છે. તે દશામાં જીવ, મોહનિદ્રા લેતો થકો પોતાના સ્વરૂપને સંભાળતો નથી. પરવસ્તુને પોતાની કરી માનવી, તે જ મૂઢની અશુદ્ધતા અને બંધનું કારણ છે. વિચક્ષણ પુરુષ અબંધક છે, કારણકે તેને પરવસ્તુ પ્રત્યે (અહીં કાળને વિષે) રાગ-દ્વેષ કે મોહ નથી.

સ્વસ્વરૂપને સંભારવું તે પરમ ધર્મ છે. નદીનો પ્રવાહ જેમ એકરૂપ છે અને તે જ નદીના પ્રવાહમાં પાણીનું વહેવું અનેક તરંગનું છે, તેમ આત્મદ્રવ્ય એક છે. તેને પુદ્ગલ દ્રવ્યનો સંયોગ અનેક તરંગનો છે અને

તેનો રસ ષટ્ગુણ હાનિ-વૃદ્ધિ અનંત છે.

તેના સંયોગાદિ વિભાવ પરિણતિની લહરો છે.

જેવો વેષ તેવો નાચ: કાચને માથા પર બાંધે અને

મણિને પગે બાંધે, તે મૂર્ખને ખબર નથી કે

કાચ શી વસ્તુ અને મણિ શી વસ્તુ છે?

મણિરત્નની પરીક્ષા ઝવેરી કરે, તેમ સાચ-જૂઠની ખબર જ્ઞાનલોચનની ઉત્પત્તિ થાય, તેને જ પડે છે.

જે મનુષ્ય ભવબંધને વધારે (અંધ થઈને),

તે અજ્ઞાન-આળસુ કોઢિયલ છે.

મુક્તિ હેતુને અર્થે ક્રિયા કરે, તે મનુષ્ય ઉદ્યમવંત છે.

આંતરદૃષ્ટિ એટલે જ્ઞાનદૃષ્ટિ.

ભોગાભિલાષની દશા તે મિથ્યાત્વનું અંગ છે.

ભોગમાં મગ્ન રહે, તે મિથ્યાત્વી છે.

જે વિષયભોગાદિ ઉદાસી છે, તે અભંગ સમકિતી છે.

મન ચંગા, તેને કથરોટમાં ગંગા છે.

ह्रीं

## ४ पुरुषार्थ : धर्म - अर्थ - काम - मोक्ष

(१) कुलाचार ते नहि पण वस्तुस्वभाव ते 'धर्म' छे.

(२) सोनुं, रूपुं, जवाहीर ईत्यादि ते अर्थ नहि पण षड्द्रव्य ते 'अर्थ' छे.

(3) स्त्री - पुरुषनो भोग, संयोग ते काम नहि पण चित्तनो अभिलाष ते 'काम' छे.

(४) ईंद्रनुं पद नहि पण बंधनो नाश ते 'मोक्ष' छे.

आम वस्तुना स्वभावने साधवो, ते धर्म.

षड्द्रव्यने जुदा - जुदा जाणवा, ते अर्थ.

सदा व निस्पृह दशामां रहेवुं, ते काम.

सहज स्वरूपशुद्धिता प्रगट करवा, ते मोक्ष.

### ज्ञाता चक्रवर्ती

० छ द्रव्य प्रमाण करी साध्या, तेणे छ खंड साध्या.

० राग-द्वेषादि विभाव दशा विहारी,

तेणे शत्रुनी पंक्तिनुं पतन कर्युं.

नव प्रकारनी भक्ति ते नवनिधान. ज्ञानादि गुणना क्षयोपशम ते चौद रत्न. प्रत्यक्ष परोक्ष प्रमाण ते चतुरंगी सेना. सुबुद्धिरूपी स्त्रीरत्न ते महामोहने चूरी मोक्षना रत्न माटे मांगलिक पूरे छे.

## અનુભવ

આત્મા ગુરુ છે અને જ્ઞાન ગુરુ છે, જ્યાં ભેદ-વિચાર પણ જેને રહ્યો નથી અને વિકલ્પમાત્રને જે મનમાંથી કાઢી નાંખે છે, તે શુદ્ધ અનુભવ, આત્મજ્ઞાની, કેવળજ્ઞાની બને છે. જે શ્રુતજ્ઞાન છે, તે પરોક્ષ છે. અનુભવ પ્રત્યક્ષ છે, તેથી જ પરમાત્મપદ ઓળખાય છે. અનુભવ પ્રમાણને પુરાણ, જ્ઞાન, ભગવાન, વિજ્ઞાનઘન, મહાસુખપોષ, પરમ પવિત્ર પણ કહે છે.

ધર્મનો આરંભ શ્રદ્ધામાં અને અંત અનુભૂતિમાં છે. જ્ઞાન જીવને જગાડે છે, ક્રિયા જીવને ભુલાવે છે. ધર્મ એ પરિષદનો વિષય નથી, ઉપનિષદનો વિષય છે. ધર્મ પાલન માટે છે, પ્રવચન માટે નહિ. તેનું સ્થાન તો હૃદય જ છે, શાસન નહિ. તલવારથી ધર્મ નહિ સ્થપાય.

## મોક્ષ - સંસાર

પોતપોતાની કમાઈથી અને
વળી પૂર્વસંચિત કર્મના ઉદયથી જીવ સુખી કે દુઃખી છે.
જાગ્રત જીવ મોક્ષરૂપ છે, નિદ્રાધીન જીવ તે સંસારરૂપ છે.
જાગૃત થયેલો જીવ આત્મારૂપી અરીસામાં
પોતાનું સર્વ અંગ દેખે.

હ્રીં

કાયારૂપી ચિત્રશાળા, કર્મરૂપી પલંગ,
માયારૂપી શય્યા, કલ્પનારૂપી ચાદર,
અયતનારૂપી ઊંઘ, મોહરૂપી મરીડ,
ઉદયબળનું જોર તે શ્વાસનો ઘોર,
વિષયસુખની કરણી તે સ્વપ્નાવસ્થા - મૂઢદશા - શયનદશા,
તે બધાથી જુદો પોતાને જાણી - દેખે, તે જ ચેતન.

## જ્ઞાન - ક્રિયા

જ્ઞાનથી વસ્તુનો મર્મ જાણે.
ક્રિયાથી પોતાના વસ્તુસ્વભાવમાં સ્થિર થાય.
જે કોઈ પણ મુનિરાજ પ્રમાદદશામાં છે,
તેને તો શુભાચાર એટલે કે
શુભક્રિયાનું આલંબન લેવાથી જ કાર્યની સિદ્ધિ થાય.
જેવો અક્ષરનો અભ્યાસ, તેવું શ્રુતજ્ઞાનનું આલંબન.
તે જ રીતે શુભકર્મનો - શુભક્રિયાનો અભ્યાસ, તે પણ
અનુભવનો જ અભ્યાસ છે. તે અનુભવ અભ્યાસરૂપ
આલંબન જ્ઞાતાનું જ્ઞાતા પાસે જ છે, તેમાં નિરૂપાધિ
સમાધિ એટલે રાગ-દ્વેષ - કષાય - ઇચ્છાદિક વિના
જે આત્માની સમાધિ છે,
એટલે પરરૂપને વિષે ઉપયોગરહિત થવું, તે જ

શિવરૂપ - મોક્ષરૂપ છે અને જે ભેદ - સંતાપ છે,
તે તો પુદ્ગલની છાયા છે, ચિદાનંદ મોક્ષરૂપ છે અને
ક્રિયા તો કર્મના બંધરૂપ છે.

યોગ જેટલો કાળ જ્યાં વસે,
તેટલા કાળ સુધી તે જ રસમાં રહે છે.

જ્યાં સુધી આત્માનો અનુભવ રહે, ત્યાં સુધી શુભક્રિયા
કરવા છતાં શિવપદદશા રહે, તેને અપ્રમત્તતા કહેવાય
અને પોતાનું સ્વરૂપ ભૂલી અંધ થઈ થકી કરણીનો જ
રસ કરાવી, ત્યારે બંધના જ કષ્ટ અને રોગ ફેલાવી છે.
જડવાદ ઉપર વિજય પ્રાપ્ત કરે, તે જ શાશ્વત ધર્મ.

<u>ભોળ ભવી અને વાદી મરે</u>

સાંખ્યમતિ આત્માને અકર્તા માને છે,
બૌદ્ધમતિ આત્માને અભોક્તા માને છે,
પર્યાયપ્રમાણે આત્માને સર્વદા, દ્રવ્યપ્રમાણે માને છે,
તે બૌદ્ધમતિની ભૂલ.
વેદપાઠી આત્માને બ્રહ્મ કહે છે,
મીમાંસક આત્માને જૈમિનીય કર્મ કહે છે,
શિવમતિ - વૈશેષિક આત્માને શિવ કહે છે,
બૌદ્ધમતિ આત્માને બુદ્ધ કહે છે,

જૈનો આત્માને ભિન્ન કહે છે,
ન્યાયવાદી આત્માને નૈયાયિક કર્તા કહે છે.
વેદાંતી નિયતિ - નિશ્ચયવાદી છે,
મીમાંસક કર્મવાદી છે, બૌદ્ધ સ્વભાવવાદી છે,
વૈશેષિક કાળવાદી છે, નૈયાયિક ઉદ્યમવાદી છે.

'જ્યાં સુધી કોઈ વસ્તુનો આકાર જ્ઞાનમાં પ્રતિભાસે, ત્યાં સુધી મુક્તિ ન કહેવાય' એવો વેદાંતવાદીનો મત અસત્ય છે. જે વસ્તુનો જેવો સ્વભાવ હોય, તેવો જ રહે, તે કદી મટે નહિ. વસ્તુસ્વભાવને જાણે, તે શુદ્ધદૃષ્ટિ - સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યક્ત્વવંત જીવ 'સહજ સ્વભાવનો ઉચ્છેદ થાય' એમ માને નહિ. કોઈ વસ્તુનો આકાર પ્રતિભાસ હોવાથી પરબ્રહ્મ મટે નહિ.

'રાગ-દ્વેષ પરિણામનો હેતુ પુદ્ગલ કર્મ છે'
એવું સાંખ્યમતિનું જે કહેવું છે, તે જૂઠું છે.

## દુઃખ અને અજ્ઞાન

દુઃખનું કારણ આકુળતા, તેનું કારણ રાગાદિ કષાય ભાવ, તેનું કારણ સર્વ દ્રવ્યોને અન્ય અનેક પ્રકારે પરિણમાવવાની ઇચ્છા, તેનું કારણ દ્રવ્યો અને તેના ગુણ-પર્યાયોના સ્વરૂપનું અજ્ઞાન છે.

ह्रीँ

'कोई द्रव्यनुं परिणमन कोई अन्य द्रव्यने आधीन नथी'
एम नक्की करी परवस्तुओ प्रत्ये राग-द्वेष न करवा,
ए ज खरी आत्मलक्ष छे - विश्वप्रेम छे.

विश्व एटले षड्द्रव्यो.

प्रेम एटले समभाव लक्षनो अमल. ते आवतां ज
जगतने दुःख देवानो, अगवड करवानो, त्रास करवानो,
सगवड लई लेवानो के रद्दो कोईपण विश्वलक्ष
रहेतो ज नथी. अने के वधारे प्रत्ये राग, ते जगतनी
प्रत्ये ते ज वखते द्वेषरूप छे, केमके तेमां जगतने
समान गण्या नहिं. ज्यां पोतानुं स्वरूप समजे नहिं,
त्यां सुधी पर प्रत्ये राग के द्वेष टाळी शके ज नहि,
मात्र राग के द्वेषमां हीनाधिकता थया करे.

रागरहित प्रेमनी दृष्टि ज
करुणासागर वीतरागनी दृष्टि कहेवाय छे.

तेथी ज जैन शास्त्रोना स्तुति - स्तवन - पदोमां
काम - क्रोध - लोभ - मोह जेवा कषायोने मटाडवानुं
अने ते उपरांत वळी तेमां
प्रत्येक लौकिक कार्यने ओछुं करी नाखीने घटाडवानुं
मुख्य प्रयोजन रूपे निरूपित थयुं छे.

હ્રીઁ

## જિનવચન

સર્વ જિનવચન સ્યાદ્વાદ ચિન્હ દ્વારા ઓળખવા યોગ્ય છે, ન્યાયમાર્ગથી અવિરૂદ્ધ છે તથા જીવોને તત્ત્વજ્ઞાનનું કારણ છે, માટે જિનવચન ઉપકારી અને વંદનીય છે. ચૈત્ય, આગમ, ચતુર્વિધ સંઘ આદિ દ્રવ્ય, તીર્થક્ષેત્રાદિ ક્ષેત્રો, કલ્યાણકાદિ કાળ અને રત્નત્રયાદિ ભાવ સદા નમસ્કાર કરવા યોગ્ય, વિનય કરવા યોગ્ય, સન્માન કરવા યોગ્ય છે.

## અધ્યવસાનો

જ્યાં સુધી સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય, ત્યાં સુધી જીવને જે સ્વ-પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે, તેને બુદ્ધિ આદિ આઠ નામથી કહેવાય છે:

(૧) બોધનમાત્રપણાથી બુદ્ધિ
(૨) વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય
(૩) મનનમાત્રપણાથી મતિ
(૪) વિજ્ઞપ્તિમાત્રપણાથી વિજ્ઞાન
(૫) ચેતનમાત્રપણાથી ચિત્ત
(૬) ચેતનના ભવનમાત્રપણાથી ભાવ
(૭) ચેતનના પરિણમનમાત્રપણાથી પરિણામ
(૮) અધ્યવસિતિમાત્ર તે અધ્યવસાન કહેવાય છે.

શ્રીં

અધ્યવસાનવાળા જીવને 'સત્‌રૂપ' અહેતુક જ્ઞપ્તિ જ
એક ક્રિયાવાળા આત્માનો અને રાગ-દ્વેષના ઉદયમય
હનન આદિ ક્રિયાઓને વિશેષ નહિ જાણવાને લીધે
ભિન્ન આત્માનું અજ્ઞાન, અદર્શન, અનાચરણ
હોવાથી અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્ર છે.

પુનિતુંજલી

હિંસા આદિ અધ્યવસાનો હણવા આદિની ક્રિયાઓ
સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.
'હું પરને હણું છું, હું નારક આદિ છું, હું પરને જાણું છું'
એ પ્રકારના અધ્યવસાનો આત્માને
જ્યાં સુધી રાગાદિક ભાવો,
નરનારકાદિ કર્મોદયજનિત ભાવો, જ્ઞેયરૂપ અન્ય દ્રવ્યો,
તે સર્વનો ભેદ ન જાણ્યો હોય, ત્યાં સુધી પ્રવર્તે છે.
તેથી ભેદજ્ઞાનના અભાવને લીધે મિથ્યા
જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપ એમ ત્રણે પ્રકારે વર્તે છે.
તે અધ્યવસાનો જેમને પણ નથી, તે પુનિતુંજલી છે.
તેથી આત્માને સમ્યક્ જાણે છે, શ્રદ્ધે છે, આચરે છે,
તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શન -
સમ્યગ્જ્ઞાન - ચારિત્રરૂપ થયા થકાં કર્મોથી લેપાતાં નથી.

અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે. વળી તે અવસ્થાઓમાં પોતાપણું પણ માની પ્રવર્તે છે.

સ્વપરનો અવિવેક હોય - ભેદજ્ઞાન ન હોય, ત્યારે જીવની અધ્યવસિતિ માત્ર, તે અધ્યવસાન છે.

તે મિથ્યા દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ છે.

## નયોના ભેદ

| દ્રવ્યાર્થિક - ૧૦ | પર્યાયાર્થિક - ૬ |
|---|---|
| કર્મોપાધિ નિરપેક્ષ શુદ્ધ | અનાદિ નિત્ય - મેરુ |
| કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ | સાદિ નિત્ય - સિદ્ધ |
| (અશુદ્ધ નિશ્ચય નય) | |
| સત્તાગ્રાહક શુદ્ધ | અનિત્ય શુદ્ધ - પર્યાયવિનાશી |
| ઉત્પાદ વ્યય સાપેક્ષ અશુદ્ધ | અનિત્ય અશુદ્ધ - પર્યાય |
| ભેદવિકલ્પ નિરપેક્ષ શુદ્ધ | ઉત્પાદાદિત્રિત પર્યાય |
| (શુદ્ધ નિશ્ચય નય) | કર્મોપાધિ નિરપેક્ષ - |
| ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ | અનિત્ય શુદ્ધ - |
| સ્વદ્રવ્યાદિ ગ્રાહક શુદ્ધ | સંસારી જીવો શુદ્ધ સદૃશ. |
| પરદ્રવ્યાદિ ગ્રાહક અશુદ્ધ | કર્મોપાધિ સાપેક્ષ - |
| અન્વય દ્રવ્યાર્થિક | અનિત્ય અશુદ્ધ - |
| પરમ ભાવગ્રાહક દ્રવ્યાર્થિક | જન્મ - મરણાદિ. |

## વ્યવહારનયના ત્રણ ભેદ

(૧) શુદ્ધ સદ્ભૂત - ગુણ-ગુણી - પર્યાય-પર્યાયી
અશુદ્ધ સદ્ભૂત - અશુદ્ધ ગુણ-ગુણી - પર્યાય-પર્યાયી

(૨) સ્વજાતિ અસદ્ભૂત - સ્કંધ પરમાણુ સમૂહ
વિજાતિ અસદ્ભૂત - સંસારીજીવ મૂર્ત
સ્વજાતિ - વિજાતિ અસદ્ભૂત - જીવ - અજીવ બન્નેને જ્ઞાનરૂપ વિષય બનાવવા.

(3) સ્વજાતિ ઉપચરિત - મિત્ર
વિજાતિ ઉપચરિત - મકાન
સ્વજાતિ - વિજાતિ ઉપચરિત - દેશ

ઉપ. અનુપ. અસદ્. વ્ય.

## અધ્યાત્મનય વિચાર

### નિશ્ચય

શુદ્ધ નિશ્ચય : જીવ અને કેવળજ્ઞાનની એકતા.
અશુદ્ધ નિશ્ચય : જીવ અને રાગ-દ્વેષની અભિન્નતા.

### વ્યવહાર

| સદ્ભૂત (ઉપચરિત) | (અનુપચરિત) |
|---|---|
| એક વિષયમાં ભેદ | નિરૂપાધિક |
| સોપાધિ ગુણ-ગુણીમાં ભેદ | ગુણ-ગુણીમાં ભેદ |
| (અનુપચરિત સદ્ભૂત વ્યવહાર) | (ઉપચરિત સદ્ભૂત વ્યવહાર) |

ह्रीँ

असद्भूत : भिन्न वस्तुओमां अेकता.

उपचरित - अनुपचरित

मारुं धन - मारुं शरीर

द्रव्यार्थिकना १० भेदनो अनुक्रम

(१) संसारी जीव सिद्धात्मा समान छे.

(२) क्रोध आत्मानो स्वभाव नथी.

(३) जीव नित्य छे.

(४) द्रव्य उत्पाद - व्यय - ध्रौव्यस्वरूप छे.

(५) गुण अे पर्याय नथी, द्रव्यथी अभिन्न छे.

(६) ज्ञान - दर्शन आदि जीवना गुणो छे.

(७) स्वचतुष्टय.

(८) परचतुष्टय.

(९) द्रव्य अे गुण अने पर्यायरूप छे.

(१०) आत्मा ज्ञानस्वरूप छे.

शब्दब्रह्म

परमागमने 'शब्दब्रह्म' पण कह्ये छे, कारणके अर्हतना परमागममां सामान्य धर्मो अेटले वचनगोचर सर्व धर्मोना नाम आपी छे अने वचनथी अगोचर जे कोई विशिष्ट धर्मो छे, तेमनुं अनुमान कराववामां आवे छे.

એ રીતે સર્વ વસ્તુઓના પ્રકાશક છે,
તેથી સર્વવ્યાપી કહેવામાં આવ્યો છે.
બાહ્ય શબ્દોમાં તેને 'શબ્દબ્રહ્મ' કહેવામાં આવ્યો છે.
તે શબ્દબ્રહ્મ 'સ્યાત્' પદની મુદ્રાવાળો છે અને
સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર છે.

## ઉપાય - ઉપેય

ઉપાયમાં તેમ જ ઉપેયમાં જ્ઞાનમાત્રનું અનન્યપણું છે, અન્યપણું નથી, માટે સદા એ જ્ઞાનમાત્ર આત્મવસ્તુનું નિષ્કંપ ગ્રહણ કરવાથી મુમુક્ષુઓ કે જેમને અનાદિ સંસારથી ભૂમિકાની પ્રાપ્તિ ન થઈ હોય, તેમને પણ તત્ક્ષણ જ ભૂમિકાની પ્રાપ્તિ થાય છે. પછી તેમાં જ નિત્ય મસ્તી કરતાં તે મુમુક્ષુઓ કે જેઓ પોતાથી જ ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક અંતધર્મની મૂર્તિઓ છે, તેઓ સાધકભાવથી ઉત્પન્ન થતી પરમ પ્રકર્ષની કોટિરૂપ સિદ્ધિભાવનું ભાજન થાય છે. જેઓ જ્ઞાનમાત્ર ભાવરૂપ આ ભૂમિકાને પ્રાપ્ત કરતાં નથી, તેઓ સદા અજ્ઞાની વર્તતાં થકા અર્થાત્ જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપ અભવન અને પરરૂપથી ભવન દેખતાં, જાણતાં અને આચરતાં થકા મિથ્યાદ્રષ્ટિ, મિથ્યાજ્ઞાની

ह्रीँ

અને મિથ્યાચારિત્રપણે વર્તતાં થકા, ઉભય - ઉપયોગમાંથી અત્યંત ભ્રષ્ટ વર્તતાં થકા સંસારમાં પરિભ્રમણ જ કરે છે.

## એકાંત - અનેકાંત

એકાંતથી જ્ઞાનમાત્ર આત્માનો નાશ થાય છે અને અનેકાંતથી આત્મા જીવતો રહે છે અર્થાત્ એકાંતથી આત્મા જે સ્વરૂપે છે, તે સ્વરૂપે સમજાતો નથી, સ્વરૂપમાં પરિણમતો નથી અને અનેકાંતથી તે વાસ્તવિક સ્વરૂપે સમજાય છે, સ્વરૂપમાં પરિણમે છે.

અનેકાંતનું સ્વરૂપ એવું છે કે
જે વસ્તુ તત્ છે, તે જ અતત્ છે.
જે વસ્તુ એક જ છે, તે જ અનેક છે.
જે વસ્તુ સત્ છે, તે જ અસત્ છે.
જે વસ્તુ નિત્ય છે, તે જ અનિત્ય છે.

એક વસ્તુમાં વસ્તુપણાંની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું, તે 'અનેકાંત' છે.

આત્મવસ્તુને જ્ઞાનમાત્રપણું હોવા છતાં
તત્ - અતત્પણું, એક - અનેકપણું, સત્ - અસત્પણું
અને નિત્ય - અનિત્યપણું પ્રકાશે જ છે.

અનેકાંત એ સમ્યગ્જ્ઞાન છે, એકાંત એ મિથ્યાજ્ઞાન છે.

# આત્માનું નિજસ્વરૂપ

આત્મામાં અનંત ધર્મો છે, તેમાં કેટલાક તો સાધારણ છે, તેથી અતિવ્યાપ્તિવાળા છે. કેટલાક પર્યાયાશ્રિત છે. કોઈ અવસ્થામાં હોય છે અને કોઈ અવસ્થામાં હોતા નથી, તેથી અવ્યાપ્તિવાળા છે. ચેતનતા જો કે આત્માનું એ બંને દૂષણોથી રહિત લક્ષણ છે, તો પણ તે વ્યાપ્તિ શક્તિમાત્ર છે - અદૃશ્ય છે. તેની વ્યક્તિ દર્શન અને જ્ઞાન છે. તેમાં પણ જ્ઞાન જ સાકાર એટલે પ્રગટ - અનુભવગોચર છે; તેથી તેના દ્વારા જ આત્મા ઓળખી શકાય છે. માટે જ્ઞાનને જ પ્રધાન કરીને આત્માનું તત્ત્વ - નિજસ્વરૂપ બતાવ્યું છે, તેથી એમ ન સમજવું કે 'આત્માને જ્ઞાનમાત્ર તત્ત્વવાળો કહ્યો છે, તેથી એટલો જ પરમાર્થ છે અને અન્ય ધર્મો જુદા છે, એટલે આત્માનાં નથી.' આવો સર્વથા એકાંત કરવાથી તો મિથ્યાદૃષ્ટિપણું થાય છે. વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધ અથવા જ્ઞાનાદ્વૈતવાદી વેદાંતનો મત આવે છે. આવો એકાંત બાધાસહિત છે.

એવા એકાંત અભિપ્રાયથી કોઈ
આત્માનું - જ્ઞાનમાત્રનું ધ્યાન પણ કરે,
તો પણ મિથ્યાત્વ કપાય નહિ.

મંદ કષાયથી કદાચ સ્વર્ગ પામે,
તો પણ મોક્ષનું સાધન તો તેને થતું જ નથી.
માટે સ્યાદ્વાદથી યથાર્થ સ્વરૂપ સમજવું જોઈએ.

## સુખ - દુઃખની સાચી વ્યાખ્યા

એક દ્રવ્યના ભાવને અન્ય દ્રવ્યની અપેક્ષા વગર ઓળખાવી શકાતા નથી. કાળની અપેક્ષા વિના એક દ્રવ્યના ભાવોનું પલટાવવું જાણી કે કહી શકાતું નથી.

એક દ્રવ્યના ભાવનું પરિણમન
અન્ય દ્રવ્યની અપેક્ષા વગર સંભવતું જ નથી.
જેટલા કાદાચિત્ક ભાવો છે,
તે અન્ય દ્રવ્યની અપેક્ષાસહિત જ હોય છે.
'નિત્યં સત્ત્વમ સત્ત્વં વા હેતોરન્યાઽનપેક્ષણાત્ ।'
શાશ્વત સ્વરૂપમાં સાવધાની તે સુખ,
વિનશ્વર ભાવમાં સાવધાની તે દુઃખ.

## સાધુના સુવર્ણની પરીક્ષા સમાન ૪ ગુણ

(૧) કષ - વિશિષ્ટ લેશ્યા.
(૨) છેદ - એકાગ્રતા.
(૩) તાપ - અપકાર કરનાર ઉપર અનુકંપા.
(૪) તાડના - વિપત્તિમાં ચિત્તનું નિશ્ચલપણું

શ્રીં

## સોનાના ૮ ગુણ

સુવર્ણના ગુણો તપાસવા ૮ પ્રકારે કસોટી થાય છે:

(૧) વિષઘાત - મોહવિષ

(૨) રસાયણ - ભાવરસાયણ

(૩) મંગલ - ગુણમંગલ

(૪) નમ્રતા - વિનય

(૫) દક્ષિણાવર્ત - અનુકૂળતા

(૬) ગુરુતા - ગંભીરતા

(૭) અદાહ્યતા - અક્રોધ

(૮) અકુથ્યતા - અકુશીલ.

## સાધુના ૮ ગુણ

(૧) મોહવિષનો નાશ

(૨) મોક્ષના ઉપદેશથી રસાયણ

(૩) ગુણથી મંગલરૂપ

(૪) વિનયવાળારૂપ

(૫) યોગમાર્ગને અનુસરવારૂપ

(૬) ગંભીરતા

(૭) ક્રોધથી નહિ બળવારૂપ

(૮) શીલ સ્વભાવવાળા હોવારૂપ.

## ૬ આવશ્યકોની ટૂંકી સમજ

(૧) <u>સામાયિક</u> : પોતાના જ્ઞાનસ્વભાવની એકાગ્રતા થતાં 'પુણ્ય સારા અને પાપ ખરાબ' એવો વિષમભાવ છૂટી ગયો અને 'પુણ્ય-પાપ બન્ને મારું સ્વરૂપ નહિ' એમ સમભાવે તેનો જ્ઞાતા રહી ગયો, એ જ સાચી સામાયિક. નિશ્ચય - પરમાર્થ - સત્યાર્થ સામાયિક - સમતાભાવ.

(૨) <u>ચઉવિસત્થો</u> : પહેલાં પરમાં એકાગ્રતા કરીને
જ્ઞાનસ્વભાવને ભૂલી જતો,
હવે જ્ઞાનસ્વભાવની એકાગ્રતા કરી, તે જ સાચી સ્તુતિ. તેમાં અનંતા કેવળી તથા સિદ્ધભગવંતોની સ્તુતિ આવી જાય.
નિશ્ચયસ્તુતિ તે પોતાના એકત્વ સ્વરૂપ,
પરથી અને વિભાવથી ભિન્ન એવું જ્ઞાનસ્વરૂપ એવા
શુદ્ધ આત્માની સાચી સમજણ છે.

(૩) <u>વંદન</u> : પહેલાં વિકારથી લાભ માનીને વિભાવમાં ઢળી જતો, તેને બદલે હવે વિભાવથી જુદું સ્વરૂપ જાણીને સ્વમાં ઢળ્યો, તે જ સાચું વંદન. તેમાં અનંતા તીર્થંકર ભગવંતો અને જ્ઞાની ગુરુઓને વંદન આવી જાય છે.

(૪) <u>પ્રતિક્રમણ</u>: પહેલાં શુભરાગથી આત્માને લાભ માનતો, જ્ઞાનને પરાધીન માનતો, તે જ્ઞાનસ્વભાવથી ભગવાનનો

અનાદર હતો, મિથ્યાત્વના મહાન પાપનું સેવન હતું પણ હવે સાચી ઓળખાણ કરી કે મારું તપ પરને લીધે થતું નથી અને શુભરાગથી મને ધર્મ થતો નથી, એટલે સાચી સમજણ વડે મિથ્યાત્વના મહાન પાપથી પાછો ફર્યો, તે જ સાચું પ્રતિક્રમણ છે. સાચી સમજણ થતાં જૂના - જૂના અસતનાં અનંત પાપથી પાછો ફરી ગયો છે.

(૫) <u>કાયોત્સર્ગ</u> : પહેલાં શરીરની બધી ક્રિયાનો કર્તા થતો હતો પણ હવે એમ સમજ્યો કે હું તો જાણનાર છું, શરીરની એકપણ ક્રિયા મારાથી થતી નથી. શરીરની કોઈ ક્રિયાથી મને લાભ-નુકસાન નથી. આમ શરીરથી ઉદાસીન થઈ માત્ર એક જાણનાર તરીકે જ રહી ગયો, તે જ કાયોત્સર્ગ છે.

(૬) <u>પચ્ચખાણ</u> : પહેલાં ઊંધી સમજણ વડે 'હું પરપદાર્થોમાં ફેરફાર કરી શકું અને પરપદાર્થ તેમ જ પુણ્યથી મને લાભ થાય' એમ માનીને અનંત પરદ્રવ્યોનું અને વિકારનું સ્વામિત્વ માનતો હતો, તે મહાઅપ્રત્યાખ્યાન હતું. હવે 'હું કોઈ પરનું કાંઈ ન કરું, પર મારું ન કરે, પુણ્ય-પાપ મારું સ્વરૂપ નહિ' એવી સમજણ થતાં અનંત પરદ્રવ્યો અને વિકારનું સ્વામિત્વ છૂટી ગયું, તે જ ખરું પ્રત્યાખ્યાન છે.

<u>છ આવશ્યકોને આ રીતે સમજીને આચરવા.</u>

ह्रीँ

## દ્વૈત વિવેકાખ્ય પ્રકરણમ્

આ બધી સૃષ્ટિ દ્વિવિધ છે. કેટલોક ભાગ અંતર્યામી પરમેશ્વરે કર્યો છે, કેટલોક ભાગ જીવે કર્યો છે. કૃતિ ઈશ્વરની અને ભોગ જીવનો, એ બે મળીને આ જગત બન્યું છે. આને માટે દૃષ્ટાંત છે: પિતાએ પેદા કરેલી કન્યા, અને એના પતિને ભોગ્ય બને છે, તે રીતે.

શિષ્ય : ઈશ્વર કયા સાધનથી સૃષ્ટિને પેદા કરે છે?
જીવ કયા સાધનથી સૃષ્ટિને પેદા કરે છે?

ગુરુ : માયાવૃત્યાત્મક સંકલ્પ એ ઈશસૃષ્ટિનું સાધન છે.
મનોવૃત્યાત્મક સંકલ્પ એ જીવસૃષ્ટિનું સાધન છે.

શિષ્ય : ઈશ્વરે પેદા કરેલા પદાર્થોમાં જીવે પેદા કરેલો ભોગ્યત્વાકાર ક્યાં રહ્યો છે?

ગુરુ : ઈશ્વરે નિર્માણ કરેલા એક જ હીરા આદિ પદાર્થમાં ભોક્તાએ જીવની જુદા પ્રકારની વૃત્તિઓને લઈને જુદા પ્રકારના ભોગો ભોગવવા પડે છે.

શિષ્ય : એ કેમ?

ગુરુ : ધારો કે ત્રણ મનુષ્યો ચાલતાં જઈ રહ્યા છે, ત્યાં તેમની નજરે એક હીરો ચડ્યો. તે લેવા માટે બે જણા દોડ્યા. જે જલ્દી પહોંચ્યો, એને તે મળ્યો.

તેથી તેને આનંદ થશે. જો મોડી પહોંચ્યો, અને
ન મળ્યો, તેથી દુઃખી થશે અને ચીડાશે. ત્રીજો
જે વિરક્ત હતો, તેને ન હર્ષ થશે, ન શોક.

શિષ્ય : આમાં જીવસૃષ્ટિ કઈ અને ઈશસૃષ્ટિ કઈ?

ગુરુ : પ્રિયત્વ, અપ્રિયત્વ, ઉપેક્ષ્યત્વ - આદિ 3 ગુણો હીરામાં પેદા થયા, એ જીવસૃષ્ટિ કહેવાય. ત્રણેયમાં સર્વ સમાનરૂપે હીરાપણું - એ ઈશસૃષ્ટિ કહેવાય.

શિષ્ય : આ વાતને દૃષ્ટાંતથી વધુ સ્પષ્ટ કરશો કે?

ગુરુ : સ્ત્રી સ્વરૂપતઃ એક જ હોવા છતાં સંબંધભેદને લઈને પતિને પત્ની, પુત્રને મા, ભત્રીજાને કાકી, સાસુને વહુ થઈ જાય છે. સ્ત્રી એ ઈશસૃષ્ટિ છે. એને વિષે પત્ની, માતા, કાકી, મામી, માસી વગેરેની સર્વ કલ્પનાઓ જીવની છે.

શિષ્ય : દૃષ્ટાંતમાં સ્ત્રી એક છતાં એને વિષે કલ્પનાઓ અનેક છે, એથી સ્ત્રીના આકારમાં કાંઈ ફરક પડતો નથી, તો પછી જીવે વધારે પેદા શું કર્યું?

ગુરુ : વધારે પેદા કેમ ન કર્યું? અહીં બે સ્ત્રીઓ થઈ.
એક માંસમયી, એક મનોમયી.

માંસમયી સ્ત્રી એક જ છે અને તે ઈશકૃત છે.
મનોમયી સ્ત્રીઓ અનેક છે અને તે જીવકૃત છે.

હ્રીં

શિષ્ય: ભ્રાંતિ, સ્વપ્ન, સ્મૃતિ, મનોરાજ્યાદિ અવસ્થામાં ભાસમાન પદાર્થો મનોમય છે, એમ કહી શકાય, કારણકે ત્યાં બાહ્ય વિષય નથી, પરન્તુ જાગ્રતમાં પ્રત્યક્ષ અનુભવાતો વિષય મનોમય કેમ કહી શકાય?

ગુરુ: તું કહે છે તે સત્ય છે પણ બાહ્ય વિષય હોવા છતાં પ્રત્યક્ષ વિષયાકાર થવા માટે મન-વિષયનો સંયોગ થવો જોઈએ. જેમ બીબામાં નાંખેલું ત્રાંબુ તેના આકારવાળું જ થાય છે, તેમ રૂપ-આકારાદિ વિષયોને વ્યાપનારું ચિત્ત ખરેખર વિષયાકાર થએલું જોવામાં આવે છે. જેમ સૂર્યપ્રકાશ જે પદાર્થ ઉપર પડે, તેના સમાન જ તેનો આકાર થઈ જાય છે તેમ. કોઈપણ પદાર્થનું જ્ઞાન થતી વેળાએ મનોવૃત્તિ એ પદાર્થને વ્યાપી જાય છે અને એ પદાર્થના આકારવાળી બની જાય છે. અહિ એક વસ્તુ સહજ ધ્યાનમાં આવી જશે કે જ્યારે આપણને ઘડાનું જ્ઞાન થાય છે, ત્યારે બે ઘડાઓ હોય છે: એક માટીનો - એક મનનો. આ પ્રમાણે ઈશનિર્મિત અને જીવનિર્મિત એમ બે પ્રકારની સૃષ્ટિ સિદ્ધ થઈ. અન્વય વ્યતિરેકથી વિચારતાં મનોમય સૃષ્ટિ જ જીવનાં સુખ-દુઃખમાં કારણ છે, એ વસ્તુ ધ્યાનમાં આવશે.

જ્યાં સુધી આ માનસપ્રપંચ છે, ત્યાં સુધી જીવને સુખ-દુઃખાનુભવ થાય છે. બાહ્ય પદાર્થો આસપાસ હોવા છતાં સમાધિ, નિદ્રા, મૂર્છા ઇત્યાદિ અવસ્થાઓમાં સુખ-દુઃખનો જરા ય અનુભવ થતો નથી. ધારો કે એક મહાશયનો દીકરો બહારગામ ગયો. ત્યાં એ સ્વસ્થ અને સુરક્ષિત હોવા છતાં એક લુચ્ચાએ એને એમ કહ્યું કે 'તારો છોકરો મરી ગયો' એ સાંભળીને એ તુરંત જ પુત્રશોકથી રડવા લાગ્યો. એથી ઉલટું ધારો કે એનો પુત્ર સાચે જ મરી ગયો છે પણ જ્યાં સુધી એના બાપને એની ખબર ન પડે, ત્યાં સુધી એને સુખ-દુઃખનો કાંઈ જ અનુભવ થતો નથી, એ આનંદમાં રહે છે. આ ઉપરથી જીવના સુખ-દુઃખ માટે માનસસૃષ્ટિ જ કારણભૂત છે, એમ સિદ્ધ થયું.

શિષ્ય: જો એમ હોય તો બાહ્ય જગતનો કાંઈ ઉપયોગ ન રહ્યો તથા બૌદ્ધોનો વિજ્ઞાનવાદ સ્વીકાર્યો ગણાય.

ગુરુ: ન ગણાય. બૌદ્ધો પોતાના વિજ્ઞાનવાદમાં બાહ્ય જગતને બિલકુલ સ્વીકારતા નથી. તેઓ કહે છે કે: 'આખું જગત બુદ્ધિનું જ બનેલું છે', પરંતુ તેવો અમારો મત નથી. અમારું કહેવું એમ છે કે: જો કે જીવનાં સુખ-દુઃખનું કારણ માનસપ્રપંચ જ છે,

તથાપિ આ માનસપ્રપંચ માટે
બાહ્ય જગતની પણ આવશ્યકતા તો છે જ.

શિષ્ય: બાહ્યસૃષ્ટિ જો સુખ-દુઃખનું કારણ નથી તો એ હોવા છતાં પણ ન હોવા બરાબર થઈ. તો પછી વિજ્ઞાનવાદ અને તમારામાં શો ફરક રહ્યો?

ગુરુ: ફરક કેમ નહિ? બાહ્યસૃષ્ટિનો ઉપયોગ નથી, તેથી તેનું અસ્તિત્વ નથી, એમ ન કહી શકાય. મનોમય સૃષ્ટિની ઉત્પત્તિમાં બાહ્યસૃષ્ટિ નિમિત્ત તરીકે રહેલ જ છે.

શિષ્ય: આપના કહેવા મુજબ જો જીવના બંધ માટે આ માનસસૃષ્ટિ જ કારણ હોય, તો તેનું નિવારણ કરવા માટે ચિત્તનિરોધ રૂપ યોગાભ્યાસ બસ છે, એથી અધિક જ્ઞાનની શી જરૂર?

ગુરુ: યોગાભ્યાસથી ચિત્તશાંતિ થાય તો પણ તે તેટલાં સમય પૂરતી જ થાય છે, પરન્તુ એકવાર આ માનસજગત નષ્ટ થયા પછી ફરીવાર એ પેદા ન થાય, એવા પ્રકારની શાંતિ જોઈતી હોય, તો તે જ્ઞાન સિવાય શક્ય નથી.

શિષ્ય: બાહ્યજગત અથવા તો દૃશ્યસૃષ્ટિ સર્વથા નષ્ટ થયા વિના જ્ઞાન કેવી રીતે થશે?

૨૪૬: બ્રહ્મજ્ઞાન થવા માટે ઈશસૃષ્ટિના નાશ કે નિમજ્જનની કશી જરૂર નથી. એ જેમ છે, તેમ ને તેમ જ હોવા છતાં 'એ મિથ્યા છે, જડ છે, ક્ષણભંગુર, અનાત્મ, સુખ-દુઃખનો અનાધાર છે' એમ પાકી ખાત્રી થાય, તો અદ્વૈત બ્રહ્મજ્ઞાન અથવા તો ખાસ શબ્દોમાં અપરોક્ષ આત્મજ્ઞાન થવામાં કશી જ અડચણ નથી.

-इति द्वैतविवेकाख्यम् प्रकरणम् समाप्तम् पञ्चदश्याम् ।

"अत्याहारः प्रयासश्च
प्रजल्पो नियमाग्रहः ।
जनसंगश्च लौल्यं च
षड्भिर्योगो विनश्यति ॥१॥"

-हठयोग प्रदीपिका

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

"यस्य बुद्धिर्न लिप्येत
हत्वा सर्वमिदं जगत् ।
आकाशमिव पंकेन
नाऽसौ पापेन युज्यते ॥१॥"

(પરિશિષ્ટ-૨)

श्री

To get reason and religion to agree is like trying to get milk out of a bull. - Dr. Johnson

To believers, there is no doubt about such questions as the immorality of the soul. To the non-believers, the whole thing is a complete humbug. Really these two shall never meet.

o

A happy life consists in the tranquility of mind. - Cicero

o

The meanings of some words:

Intellect = સંકલ્પ-વિકલ્પવાળું મન.

Experience = [illegible] મન.

Instinct = પાશવતાવાળી બુદ્ધિ.

Intuition = [illegible] બુદ્ધિ.

ઉતરતી પંક્તિના જીવોમાં સંજ્ઞા (instinct) હોય છે. ઉચ્ચ કક્ષાના જીવોમાં આત્મઅનુભવ (intuition) હોય છે, સંજ્ઞા કે આત્મઅનુભવમાં થતું જ્ઞાન એ બુદ્ધિ-ઇંદ્રિયોદ્વારા થતાં જ્ઞાનથી જુદા પ્રકારનું છે. આ અનુભવ-જ્ઞાનમાં વિચારશક્તિ (reason)ને ઓછો અવકાશ છે.

o

This is given to us,
by a non-reasoning process:
A self knowledge of that
which is in our consciousness.

ઇંદ્રિય અને મનના સંપર્કથી
જે બુદ્ધિપૂર્વક થાય છે, તે <u>જ્ઞાન</u> છે.
સંજ્ઞા અને આત્માનુભવથી અબુદ્ધિપૂર્વક
જે જ્ઞાન થાય છે, તે <u>દર્શન</u> છે.

o

<u>જ્ઞાન</u> એ બુદ્ધિ (intellect) ઉપર નિર્ભર છે.
<u>શ્રદ્ધા</u> એ અનુભવ (experience) ઉપર સ્થિત છે.
<u>વિજ્ઞાન</u> (science) એ બુદ્ધિ ઉપર સ્થિર છે.
<u>ધર્મ</u> એ વિશ્વાસ (faith) ઉપર નિર્ભર છે.

પૌદ્ગલિક વસ્તુઓનું જ્ઞાન કરાવવાને જેમ લૌકિક ઇંદ્રિયો છે, તેવી રીતે 'શ્રદ્ધા' આત્માની દિવ્ય દર્શન-શક્તિ છે. તે દ્વારા આધ્યાત્મિક વસ્તુઓનું જીવને ભાન થાય છે. શ્રદ્ધાનો પાયો આત્મદર્શન - આત્માનુભવ છે. જેને આત્માનુભવ થાય છે, તેનામાં જ ખરેખરી શ્રદ્ધા પરિણમે છે. ત્રણ અને ત્રણ મળીને છ થાય અથવા બિંદુ એ છે કે જેને લંબાઈ કે પહોળાઈ ન હોય, એ બાળક અને વિદ્યાર્થી માટે ઉચિત શ્રદ્ધાનો વિષય છે.

શ્રદ્ધા એ જ્ઞાનના શિખર માટે પહેલું પગથિયું છે.

એનાથી જો જીવન સમૃદ્ધ થાય, માનેલી વસ્તુઓ ભવિષ્યમાં બુદ્ધિગમ્ય થાય, 'આ જગતની દરેક પ્રવૃત્તિ અસ્તવ્યસ્ત નહિ, પરંતુ એક સનાતન નિયમથી છે'

એવી પ્રતીતિ થાય તો શ્રદ્ધા યથાર્થ,
અન્યથા અયથાર્થ માનીને તેને છોડી શકાય છે.

o

Faith is the vision of the soul, that power by which spiritual things are apprehended just as the material things are apprehended by the physical senses.

ह्रीँ

## આત્માની ત્રણ પ્રધાનશક્તિઓ

(१) Will to believe - વાસના.
(२) Will to know - વ્યવસાય.
(3) Will to act - પ્રવૃત્તિ.

શ્રદ્ધાનશક્તિ, જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિને અવલંબીને અન્ય દર્શનકારોએ ભક્તિ - જ્ઞાન - કર્મયોગ માર્ગની સ્થાપના કરી છે. જૈન દર્શનમાં પણ કહેલ છે:

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રાણિ મોક્ષમાર્ગ: ।

ટીકાકાર કહે છે કે: 'અધિપશ્ચિમદોષનુષ્ઠાનાઽઽત્મા: પૌરુષેય્ય: શક્તયો જીવસ્ય યા: સમાસાદ્ય વ્યપદિશ્યંતે સમ્યગ્દર્શનાદ્યન્તરમ્ ।' (પરિશિષ્ટ-૩)

(१) ભવ્ય x અભવ્ય
(२) સમ્યગ્દૃષ્ટિ x મિથ્યાદૃષ્ટિ
(3) આસન્નસિદ્ધિક x અનંત સંસારી
(४) સુલભબોધિ x દુર્લભબોધિ
(५) આરાધક x વિરાધક
(६) ચરમ દેહી x અચરમ દેહી

કૃશ x પુષ્ટ, મૃત x સિદ્ધ, રેતી x તેલ.

ह्रीँ

૮ પ્રકરણનાં આલેખન

સુત્ર, અર્થ, ભાવ, વૃદ્ધિ, દ્રવ્ય, ક્રિયા, કાળ, લક્ષ.

જીવસિદ્ધિ

(૧) પ્રત્યક્ષ, સંશય, અપદેશી, ગુણ - દેશપ્રત્યક્ષ.

(૨) અજ, નિત્ય, અતીન્દ્રિય, અને, અહંપદવાચ્ય.

(૩) કર્તા, ભોક્તા, સાક્ષી, અધિષ્ઠાતા, આદાતા.

(૪) વ્યુત્પત્તિમત્ શુદ્ધ પદની સાર્થકતા, સંશય અને નિષેધની અન્યત્ર વ્યાપ્તિ.

(૫) અનુભવિતા અને સંસ્કર્તાનો ભેદ, ઇંદ્રિયોપરમ છતાં સ્મરણ, ઇંદ્રિયોપયોગ છતાં અબોધ, એક ઇંદ્રિયથી અન્ય ઇંદ્રિયની વિકૃતિ, ૧ જ્ઞાનવાળાથી પાંચ જ્ઞાનવાળો ભિન્ન.

(૬) વિરાગ, અભિલાષ અને સુખ, અન્ય વિરાગ, અન્ય અભિલાષ અને અન્ય સુખપૂર્વક.

(૭) પંચના ભૂતોનો ધર્મ નહિ - કૃશ, પુષ્ટ, મૃત, સિદ્ધ. ભૂતોનું કાર્ય નહિ - રેણુ, તેલ.

(૮) આત્મા કલ્પિત નહિ.

ભિન્ન દેશ, કાળ, અવસ્થાના અનુભવોનું સ્મરણ છે.

°

'I have not made the world, and He that had made it, will guide.'

## ઉચિત વિભાગ

વિષયોને, સ્વગત ધર્મોને, અનુષ્ઠાનને, સ્થાને જાણે નહિ તથા વાસનાને વાસક અને વાસનીયની અપેક્ષા કરે.

## અર્થના કારણ

અસિ-મસિ-કૃષિ, વાણિજ્ય-શિલ્પ, ધાતુવાદ-રસાયણ,
સામ - દામ - દંડ - ભેદાદિની નીતિ.

'અર્જને રક્ષણે નાશે, વ્યયે સર્વત્ર દુઃખદમ્ ધનમ્ ।'

અર્થાત્: ધન મેળવવામાં, વાપરવામાં, રક્ષવામાં અને નાશ પામવામાં - એમ સર્વત્ર દુઃખ આપનાર છે.

## કામપુરુષાર્થના કારણ - સ્વરૂપ - વિષય - ફળ

કામનું કારણ - અર્થ.
કામનું સ્વરૂપ - અભિષ્વંગ અર્થાત્ રાગરૂપી સંક્લેશ.
કામનો વિષય - સ્ત્રી-કલેવરાદિ.
કામનું ફળ - વિપાકવિરસતા.

## ધર્મપુરુષાર્થના કારણ - સ્વરૂપ - વિષય - ફળ

ધર્મનું કારણ - દાન - દયા - ક્ષમાદિ.
ધર્મનું સ્વરૂપ - ભાવની વિશુદ્ધિ.
ધર્મનો વિષય - દેવ, ગુરુ, ભક્તિ - સદનુષ્ઠાન.
ધર્મનું ફળ - સ્વર્ગાપવર્ગની પ્રાપ્તિ.

ह्रीँ

## જગતમાં રહેલાં છ દ્રવ્યોનાં વિશિષ્ટ ગુણો

જીવ = જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય.

પુદ્ગલ = વર્ણ, ગંધ, રસ, સ્પર્શ.

ધર્માસ્તિકાય = ગતિહેતુતા.

અધર્માસ્તિકાય = સ્થિતિહેતુતા.

આકાશ = અવગાહહેતુતા.

કાળ = વર્તનાહેતુતા.

## ૪ દ્રવ્યોનાં સામાન્ય ધર્મો

ધર્માસ્તિકાય = અચેતનત્વ, અમૂર્તત્વ.

અધર્માસ્તિકાય = અચેતનત્વ, અમૂર્તત્વ.

આકાશ = અચેતનત્વ, અમૂર્તત્વ.

કાળ = અચેતનત્વ, અમૂર્તત્વ.

## ૫ દ્રવ્યોનાં સામાન્ય સ્વભાવો

અસ્તિત્વ, નાસ્તિત્વ.

નિત્યત્વ, અનિત્યત્વ.

એકત્વ, અનેકત્વ.

ભિન્નત્વ, અભિન્નત્વ.

ભવ્યત્વ, અભવ્યત્વ.

ह्रीं ऐं श्रीं अर्हं श्रीं श्रीं अर्हं श्रीं ऐं ह्रीं

હ્રીં

<u>૬ દ્રવ્યનાં પરમભાવ</u>

સ્વભાવત્વ (પારિણામિકત્વ),
અસ્તિત્વ, વસ્તુત્વ,
પ્રમેયત્વ, દ્રવ્યત્વ,
અગુરુલઘુત્વ, સપ્રદેશિત્વ.

<u>૭ પ્રકારે જીવભેદ</u>

<u>એક પ્રકારે</u> જીવભેદ ચૈતન્યવાન.
<u>બે પ્રકારે</u> જીવભેદ સંસારી - સિદ્ધ, છદ્મસ્થ - કેવળી,
સયોગી - અયોગી, જ્ઞાની - અજ્ઞાની.
<u>ત્રણ પ્રકારે</u> જીવભેદ ભવ્ય - અભવ્ય - દૂરભવ્ય.
અવિરતિ - દેશવિરતિ - સર્વવિરતિ.
ત્રસ - સ્થાવર - નોત્રસસ્થાવર સિદ્ધ.
સૂક્ષ્મ - બાદર - અરૂપી.
સમકિતી - મિથ્યાત્વી - મિશ્ર.
<u>ચાર પ્રકારે</u> જીવભેદ ત્રણ લિંગ - અલિંગ.
ચાર ગતિ - સિદ્ધ.
<u>પાંચ પ્રકારે</u> જીવભેદ ચાર કષાય - અકષાયી.
<u>છ પ્રકારે</u> જીવભેદ પાંચ ઈંદ્રિય - અનિન્દ્રિય.
<u>સાત પ્રકારે</u> જીવભેદ છ કાય - અકાય.

કાળના ભેદો (કેટલાકના મતે કાળ ઔપચારિક દ્રવ્ય છે):

નૈશ્ચયિક કાળના ભેદો

(૧) વર્તના - ઉત્પત્તિ, સ્થિતિ, ગતિ.

(૨) પરિણામ - આદિ - અનાદિમાન.

(૩) ક્રિયા - પ્રયોગ, વિસ્ત્રસા, મિશ્ર.

(૪) ક્રમ - પરત્વ - અપરત્વ.

(૫) કાળ - (પ્રશંસા) કૃત.

વ્યવહારિક કાળના ભેદો

ભૂત - ભવિષ્ય - વર્તમાન - સમય - આવલિ - મુહૂર્તાદિ.

શારીરિક અથવા ક્ષેત્ર - ક્ષેત્રજ્ઞ વિચાર તે પિંડ.

ક્ષરાક્ષર અથવા આત્માનાત્મ વિચાર તે બ્રહ્માંડ.

પાંચ ભૌતિક સ્થૂલદેહ - પાંચ કર્મેન્દ્રિય -

પાંચ જ્ઞાનેન્દ્રિય - પાંચ વિષય.

જડ શરીરમાં સંકલ્પ - વિકલ્પાત્મકમન -

વ્યવસાયાત્મક બુદ્ધિ તથા અહંરૂપી ચિત્ત રહેલ છે.

અષ્ટમંગળના નામ

(૧) દર્પણ (૨) ભદ્રાસન (૩) વર્ધમાન

(૪) મત્સ્ય યુગલ (૫) સ્વસ્તિક (૬) શ્રીવત્સ

(૭) નંદાવર્ત (૮) શ્રેષ્ઠ કળશ.

ह्रीँ

प्रमादावश्यकत्यागात् निश्चलं ध्यानमाश्रयेत् ।
योऽसौ नैवागमं जैनं वेत्ति मिथ्यात्वमोहितः ॥३०॥
- रत्नशेखरसूरिकृत गुणस्थानकक्रमारोह ग्रन्थ

जे प्रमादथी आवश्यक (क्रिया)नो त्याग करीने निश्चल ध्यान (एकांत निश्चय)नो आश्रय करे, ते मिथ्यात्वथी मोहित थयेलो (मनमानी) जैन आगमोने जाणतो नथी.

साधुने परेखुं निश्चल शुक्लध्यान

सवितर्कं सविचारं
सपृथक्त्वमुदाहृतम् ।
त्रियोगयोगिनः साधोराद्यं
शुक्लं सुनिर्मलम् ॥१॥
अर्थादर्थान्तरे शब्दा-
च्छब्दान्तरे च संक्रमः ।
योगाद्योगान्तरे यत्र,
सविचारं तदुच्यते ॥२॥
द्रव्याद् द्रव्यान्तरं याति
गुणाद् याति गुणान्तरं ।
पर्यायादन्यपर्यायं
सपृथक्त्वं भवत्यतः ॥३॥ (परिशिष्ट-४)

ह्रीँ

निजात्मद्रव्यमेकं वा
पर्यायमथवा गुणम्।
निश्चलं चिन्त्यते यत्र
तदेकत्वं विदुर्बुधाः ॥१॥

यद्व्यंजनार्थ योगेषु
परावर्त विवर्जितम्।
चिन्तनं तदविचारं
स्मृतं सद्ध्यानं कोविदैः ॥२॥

निजशुद्धात्मनिष्ठं हि
भाव श्रुतावलम्बनात्।
चिन्तनं क्रियते यत्र
सवितर्कं तदुच्यते ॥३॥ (परिशिष्ट-५)

o

Success is not final,
failure is not fatal. It is the
courage to continue that counts.
Every experience of
failure will help to better
the eventual success,
so failure is necessary. - A.G.

ह्रीँ

सदसद - विसेसणाओ,
भवहेउ जहिच्छिओवलंभाओ ।
नाणफलाभावाओ,
मिच्छद्दिट्ठिस्स अन्नाणं ॥१॥ (પરિશિષ્ટ-૬)

०

(१) सदसद्विवेकपरिज्ञानाऽभावात् ।
મિથ્યાદૃષ્ટિ બધું એકાંતપૂર્વક સ્વીકારે છે,
પરન્તુ સ્યાદ્વાદના ન્યાયથી નહિ.
'ઘટ એવ અસન્ ।' એમ કહે છે,
ત્યારે ઘટ પર્યાય ઉપરાંત બાળ સત્ત્વ,
જ્ઞેયત્વ, પ્રમેયત્વ વગેરે સદ્ધર્મોનો અપલાપ કરે છે.
અન્યથા 'ઘટ એવ અસન્ ।'
એવું એકાંત અવધારણ ઘટે નહિ.
'ઘટઃ સન્નેવ ।' એમ કહે છે,
ત્યારે પરરૂપથી નાસ્તિત્વનો સ્વીકાર થતો નથી,
કિન્તુ અસદ્ પરરૂપતાનો સ્વીકાર થાય છે.
એ રીતે અસત્‌ને સત્ અને
સત્‌ને અસત્ માનવાથી તો તે
અજ્ઞાન છે, એમ ફલિત થાય છે.

(૨) 'ભવહેતુત્વાત્ ।'

પશુવધ-મૈથુનાદિમાં ધર્મસાધકપણાનું જ્ઞાન,
દીર્ઘતર સંસારપથને પ્રવર્તાવનારૂં છે.

(૩) 'યદૃચ્છોપલમ્ભાત્ ।'

ઉન્મત્તના વિકલ્પો વસ્તુની અપેક્ષા રાખ્યા વિના જ યથાકથંચિત્ પ્રવર્તે છે, યદ્યપિ કેટલાક વખત યથાવસ્થિત વસ્તુ સંવાદિ હોય છે, તો પણ જેમ વિચારપૂર્વક નહિ હોવાના કારણે અપારમાર્થિક છે,
તેવી રીતે મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન
સ્યાદ્વાદ મુદ્રા પરિભાવિત નહિ હોતું, તેથી અયથાર્થ છે.

(૪) 'જ્ઞાનફલાઽભાવાત્ ।'

જ્ઞાનનું ફલ હેયનું હાન, ઉપાદેયનું ઉપાદાન છે.
સંસારને છોડી બીજું કોઈ હેય નહિ.
મોક્ષથી અધિક કાંઈ ઉપાદેય નથી. ભવમોક્ષ એકાંતે હેયોપાદેય છે. તે હેયોપાદાન સર્વવિરતિથી જ થાય છે,
તેથી તત્ત્વવેદીઓએ તે વિરતિ સ્વીકારવી જોઈએ.
તત્ત્વથી તે જ જ્ઞાનનું ફલ છે.

'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ ।' - પ્રશમ૦ પદ્ય ૭૨

અર્થાત્ઃ જ્ઞાનનું ફલ વિરતિ છે.

## સંસારમાં રહેલા ચાર પ્રકારના જીવો

(૧) પત્થરની માંખી - કઠિયારો - મુનિ
(૨) મધની માંખી - બ્રહ્મદત્ત ચક્રવર્તી
(૩) સાકરની માંખી - ભરત ચક્રવર્તી
(૪) શ્લેષ્મની માંખી - કિરાત.

શરીર રૂપી રથ, ઇંદ્રિયો રૂપી અશ્વ, મન રૂપી લગામ,
બુદ્ધિ રૂપી સારથિ, ધૈર્ય રૂપી ખેંચવાની ક્રિયા,
રથી એ આત્મા છે.

શરીર રૂપી કારખાનામાં જ્ઞાનેન્દ્રિય એ બહારનો માલ અંદર લાવે છે. કર્મેન્દ્રિયો અંદરનો માલ બહાર લઈ જાય છે. મન, બુદ્ધિ, અહંકાર, ચેતના તે કાર્યકર્તા છે.

મન ચિંતન કરે છે → કોને માટે?
બુદ્ધિ નિશ્ચય કરે છે → કોને માટે?

ચેતના અંદર ચેષ્ટા, જીવંત વ્યાપાર કે હિલચાલ.
અહંત્વ કે મમત્વબુદ્ધિ પેદા કરનાર અહંકારશરીર એ મૃત પશુ જેવું છે, કેમ કે આત્મા જીવંત જ છે.

કામના (પ્રાણ), આસક્તિ (ચિત્ત), રાગ-દ્વેષ (મન),
ક્રિયા (ઇચ્છા, કામ, પ્રેમરહિત શુદ્ધ પ્રવૃત્તિ),
વિચાર (બુદ્ધિ), લાગણીઓ (શરીર)ની શુદ્ધિ જરૂરી છે.

ह्रीं

## અષ્ટગતિ

(૧ - ૨) મનુષ્ય - ગર્ભજ - સંમૂર્છિમ.
(૩ - ૪) તિર્યંચ - ગર્ભજ - સંમૂર્છિમ.
(૫ - ૬) દેવ - કલ્પોપન્ન - કલ્પાતીત.
(૭ - ૮) નારક - સિદ્ધગતિ.

## ત્રણની સમજૂતિ

(૧) ક્ષુત્પિપાસા, શીતોષ્ણ, સુખ - દુઃખ (સ્વદેહ).
પ્રિયાપ્રિય, મંગલામંગલ, માનાપમાન (ચિત્ત).
સત્યાસત્ય, પાપ - પુણ્ય, ન્યાયાન્યાય (મન).
(૨) સત્ત્વ (પ્રકાશ), રજ (પ્રવૃત્તિ), તમસ (શમ).
(3) અહંકાર - કર્તૃત્વાભિમાન, ફલેચ્છા, ઈશ્વરભાવ.
ભક્તિ - રસ - ભોગ - આનંદ.
સિદ્ધિ - સમતા, શક્તિ, સિદ્ધિ, વિલાસ, વ્રત.

"त्रिविधं नरकस्येदं
द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधश्च लोभश्च
तस्मादेतत्त्रयं त्यजेत् ॥" [illegible]:

આત્માનો નાશ કરનાર અને નરકના દ્વારરૂપ કામ, ક્રોધ અને લોભ આ ત્રણ છે, તેથી ત્રણેનો ત્યાગ કરવો.

શ્રી

- Hydrogen atom = 1 electron.
- Uranium atom = 92 Electrones.
- Mass of Uranium atom is 1/20 to Hydrogen atom.

The weight of Uranium atom is 238 times heavier than one Hydrogen atom.

o There are 4 different grades of each and every cavity: visible or invisible.

There are four types of matter: ethr, solid, liquid, gas.

Body: Karan, gross, subject, maha Karan.

4 Speech: પરા, પશ્યંતિ, મધ્યમા, વૈખરી.

4 consciousness: જાગ્રત, સ્વપ્ન, નિદ્રા, તુર્ય.

This classification of four states has its origin in a Universal principle.

श्रीः

(1) Jagrat consciousness has sthula or dense matter for its field of expression.
(2) Swapna consciousness has sukshma or subtle matter.
(3) Susupti consciousness has Karana or causal matter.
(4) Turya has supracausal matter.
Each Plane of matter Consists of four sub-divisons
of which 4 types are what we know as solid, liquid, gas and ether.
On the same analogy, vak, speech or sound is divided into para, sublest, less subtle, still less subtle and dense/gross. This has surely found its action in the triune aspect of Divinity Sat, Chit, Ananda or Good, True, Beautiful. - Plato

ह्रीँ

અર્વાચીન રસાયણ શાસ્ત્રીઓએ
દ્રવ્યોનું પૃથક્કરણ કરતાં
૬૨ મૂળ તત્ત્વો શોધી કાઢ્યા છે.

સાધક પ્રમાણો:(૧) પ્રત્યક્ષ: આત્મા પ્રકાશ સ્વભાવી છે.
असंदिग्धस्वभावत्वात् बोधत्वात्
ज्ञप्तिक्रियायाः कर्तृत्वात् ।
(૨) અનુમાન: દોષાવરણનું તારતમ્ય - વિલય,
બુદ્ધિનું તારતમ્ય - પ્રકર્ષ, ભાનનું અપ્રાપ્યકારિત્વ.
(3) આગમ: सर्वज्ञनिरूपितत्वात्
अविसंवादिवचनत्वात् शिष्टलोकसम्मतत्वात् ॥

બાધક પ્રમાણો: (૧) પ્રત્યક્ષ = પ્રવર્તમાન - નિવર્તમાન,
નિયતકાલ વિષયત્વેન સકલ દેશ કાલ વિષયત્વેન
उपलब्ध्याऽपि न बाधकम् । (૨) અનુમાન =
વક્તૃત્વા પુરુષત્વાત્, સત્ત્વે અસત્ત્વે રાગાદ્યે,
રાગાદિ અદૂષિત - વિરુદ્ધ, દૂષિત - સિદ્ધ સાધન.
(3) અપૌરુષેય અસંભવ હેતુ
સર્વજ્ઞોપગમ - વિરુદ્ધ હેતુ અને ભેદ - અનધિકારી.

उवगाराऽभावम्मि वि पुज्जाणं पूअगस्स उवगारो ।
मन्ताइसरणाइजलणादिसेवणे जह तहेहावि ॥

(પરિશિષ્ટ-૭)

## 'ઈશ્વર' કોને કહેવાય ?

જે ઉદાસીન છે, છતાં પરમોપકારી છે,
જે ત્રિભુવનાથ છે, છતાં પ નિઃસંગી છે,
જે સર્વના રક્ષક છે, છતાં મધ્યસ્થ છે,
જે કૃપાળુ હોવા છતાં નિર્મમ - નિર્મળ છે,
વળી નિર્ગ્રન્થતા, વિરક્તતા, ઉદાસીનતા,
નિઃસંગતા તથા મધ્યસ્થતા વગેરે ઉત્તમ ગુણોનો પ્રકર્ષ
જેનામાં છે, તે 'ઈશ્વર' કહેવાય છે.

જ્ઞાન - લક્ષ્મી - ઘનાશ્લેષ - પ્રભવાનન્દ - નન્દિતમ્ ।
નિષ્ઠિતાર્થમજં નૌમિ પરમાત્માનમવ્યયમ્ ॥૧॥

જ્ઞાનલક્ષ્મી = પરમાત્મશક્તિ (સ્ત્રી) કે સ્વરૂપ (પુરુષ).
શક્તિ અને સ્વરૂપના ગાઢ આલિંગનથી ઉત્પન્ન થતો
આનંદ છે, તેનાથી નંદિત જેવા સીતા - રામ,
લક્ષ્મી - નારાયણ, રાધા - કૃષ્ણ અને શિવ - પાર્વતી છે.
જ્ઞાનલક્ષ્મીથી ગાઢ આલિંગિત પ્રકૃતિપુરુષ
અને સમવાય સંબંધવાદનું નિરાકરણ:
નિષ્ઠિતાર્થ - કર્તૃત્વવાદ નિરાકરણ.
અજ - અવતારવાદ નિરાકરણ.
અવ્યય - શૂન્યવાદ નિરાકરણ.

ह्रीँ

## અનુબંધ ચતુષ્ટય

અભિધેય - પ્રયોજન : અવિપરીત - અશક્ય,
અધિકારી : અનન્તર - પરંપર, સંબંધ : શ્રોતા - વક્તા.

## વિવાદ શેમાં છે? શા માટે છે?

પરમાત્મસામાન્યમાં વિવાદ નથી,
વિવાદ પરમાત્મવિશેષમાં છે અને
તેનું કારણ એકાંતવાદથી નિરૂપણ છે.
એકાંત અવસ્તુ છે, કારણકે વસ્તુમાત્ર અનેકાંતાત્મક છે.

## પરમાત્માનું ધ્યાન શું કરે?

'જગન્નેતુધ્યાનબલેન શશ્વત્,
કૃતાર્થયન્તુ પ્રસભં ભવન્તુ ।'

પરમાત્માનું ધ્યાન એ ભવાત્માના કર્મોનો નાશ કરે છે
અને તેથી ભવાત્મા સ્વયં પરમાત્મસ્વરૂપ બની જાય છે.

o

When you hear good advice,
you should always do two things:
Take it in and pass it on.
Advice is seldom welcome.
Those who need it the most,
like it the least. - Dr. Johnson

ह्रीँ

## सुकृतसारः पंचमस्तरंगः

मंत्र पंच नमस्कारः
कल्पकारस्करादिकः ।
अस्ति प्रत्यक्षराष्टाग्रोत्कृष्ट -
विद्यासहस्रकः ॥७६॥
चौरो मित्रमहिर्माला
वह्निर्वा जलं स्थलम् ।
कान्तारं नगरं सिंहः
शृगालो दन्त्यमावतः ॥७७॥
लोकद्विष्ट - प्रियावर्ग -
घातकादेः स्मृतोऽपि यः
मोहनोच्चाटनाकृष्टि -
कार्मणस्तंभनादिकृत् ॥७८॥
दूरस्त्यापदः सर्वाः
पूरस्त्यत्र कामनाः ।
राज्यस्वर्गापवर्गांस्तु
ध्यातो योऽमुत्र यच्छति ॥७९॥
श्री पार्श्वप्रतिमापूजा - धूपोत्क्षेपादिपूर्वकम् ।
तमेकाग्रमनाः पूत - वपुर्वस्त्राऽनिशं जप ॥८०॥

(પરિશિષ્ટ-૮)

ह्रीँ

इह भरहे कोवि जीवा मिच्छदिट्ठीवि भद्दभावा |
ते मरिऊणं नवमे वरिसे होहिंति केवलिणो ||

અર્થ: આ ભરતક્ષેત્રમાં કેટલાક ભદ્રકભાવવાળા મિથ્યાદૃષ્ટિ જીવો પણ મરીને નવમા વર્ષે કેવલી થાય છે.

"ભોયણસમએ સયણે विबोहणे પવસણે ભએ વસણે |
પંચ નમુક્કારં खलु, सुमरिज्जा सव्वकालंपि ||१||"

અર્થ: ભોજન સમયે, સૂતી વખતે, જાગતાં, પ્રવાસમાં ભયમાં, સંકટમાં તથા સર્વ કાળે ખરેખર પંચ નમસ્કારનું સ્મરણ કરવું.

## ધર્મરાજનો પરિવાર

ધર્મરાજના ૪ મુખ - દાન, શીલ, તપ, ભાવ.
ધર્મરાજના ૫ મિત્ર - ૫ મહાવ્રત અથવા ૫ ચારિત્ર.
ધર્મરાજના ૨ પુત્ર - યતિધર્મ અને ગૃહીધર્મ.
યતિધર્મની ભાર્યા સદ્ભાવસારતા છે તથા
ગૃહીધર્મની ભાર્યા સદ્ગુણરક્તતા છે.
યતિધર્મનો પરિવાર : ક્ષમાદિ ૧૦ કુટુંબ.
ગૃહીધર્મનો પરિવાર : ૧૨ વ્રતરૂપ ૧૨ કુટુંબ.
મહત્તમ સમ્યગ્દર્શન એ આ બન્ને પુત્રોનો પાલક છે.
તેઓનો પરિવાર - ૭ તત્ત્વ, ૫ લિંગ, ૪ ભાવના છે.

ह्रीँ

વિવેક એ પર્વત છે, પ્રવચન એ નગર છે.
અપ્રમત્તતા એ શિખર છે, ચિત્તસમાધાન એ મંડપ છે.
નિઃસ્પૃહતા એ વેદિ છે, જીવવીર્ય એ સિંહાસન છે
તથા તેઓના રાજમંત્રી એ સદ્બોધ છે.

## મોહરાજનો પરિવાર

મહામોહરાજાની ભાર્યા મહામૂઢતા છે. તેને ૨ પુત્ર છે:
પુત્ર - રાગકેસરીની ભાર્યા મૂઢતા - તેના પુત્રો માયા, લોભ.
પુત્ર - દ્વેષગજેન્દ્રની ભાર્યા અવિવેકિતા - તેના પુત્રો ક્રોધ, માન.
કંદર્પ - માંડલિક - ત્રણ વેદ - ત્રણ કુટુંબ.
હાસ્યભટની ભાર્યા તુચ્છતા છે,
ભય એ યોદ્ધો છે અને તેની ભાર્યા હીનસત્ત્વા છે.
અરતિની સ્ત્રી જુગુપ્સા - શોકની ભાર્યા ભવાવસ્થા છે.
વિષયાભિલાષ મંત્રીની ભાર્યા ભોગતૃષ્ણા છે. તેઓના
સંતાન સ્પર્શન આદિ છે. દુષ્ટાભિસંધિ એ સુભટ છે.
વિલોકમંડપને ૮ કર્મરૂપી ૮ રાજા છે.
ચિત્તવૃત્તિ એ અટવી છે, ચિત્તવિક્ષેપ એ મંડપ છે.
પ્રમત્તતા એ નદી છે, વિકથા એ પ્રવાહ છે.
નિદ્રા એ તટ, કષાય એ જલ, વિલાસાદિ એ પુલિન છે.
વેદિકા - તૃષ્ણા, સિંહાસન - વિપર્યાસ, ગાત્રયષ્ટિ અવિદ્યા છે.

ઐદમ્પર્યં શુદ્ધિરિતિ યત્રાસાવાગમઃ સુપરિશુદ્ધઃ ।
તદભાવે તદ્દેશઃ કશ્ચિત્સ્યાદન્યથાગ્રહણાત્ ॥૧૨॥
તત્રાઽપિ ચ ન દ્વેષઃ કાર્યો વિષયસ્તુ યત્નતો મૃગ્યઃ ।
તસ્યાઽપિ ન સદ્વચનં સર્વં યત્પ્રવચનાદન્યત્ ॥૧૩॥

(પરિશિષ્ટ-૯)

## ઉપદેશ પદ અંતર્ગત સંગત - અસંગત વચનો

(૧) મૃગ્યસ્તદર્થાઽનુપપત્તિપરિહારો યત્નતઃ કર્તવ્યઃ,
ગુણગ્રહરસિકાનાં પરવચનાઽનુ-
પપત્તિપરિહારપ્રવણસ્વભાવત્વાત્ ।
નનુ વસ્તુત ઉપપન્નાર્થવચનસ્યા-
નુપપત્તિશંકા પરિહાર્યા,
ન તુ સર્વથાનુપપન્નસ્યેતિ નિર્વિષયોઽયમુપદેશઃ ।

(૨) તથા ચ તસ્ય મૂલાગમેનૈક-
વાક્યતાઽઽપાદ્યોપપત્તિરેવ કર્તવ્યા,
ઇત્થમેવ સમ્યગ્દૃષ્ટિપરિગૃહીતસ્ય
મિથ્યાશ્રુતસ્યાઽપિ સમ્યક્શ્રુતત્વ સિદ્ધેઃ,
તદરુચિસ્તુ તત્ત્વતો દૃષ્ટિવાદારુચિ-
પર્યવસાયિનીતિ સુપ્રસિદ્ધમુપદેશપદાદૌ ॥

(પરિશિષ્ટ-૧૦)

स बुद्धः प्रोच्यतां लोके
ब्रह्मा विष्णुर्महेश्वरः ।
जिनेश्वरोऽपि वा ह्यन्त
नाऽस्ति भेदस्तथाऽपि च ॥१॥
य एवं तं परित्यज्य,
भजेतस्यैव स प्रभुः
ममाऽस्ति तव नाऽस्तीति
सर्वो मत्सरविभ्रमः ॥२॥

(परिशिष्ट-११)

धर्मोऽप्येको जगत्यत्र विरोधः पारमार्थिकः ।
कल्याणात्मिका हेतुः शुद्धिः शुद्धिगुणात्मकः ॥१॥

ભાવાર્થ: કલ્યાણબુદ્ધિ પરંપરાનું શુદ્ધ કારણ,
શુદ્ધ ગુણસ્વરૂપ, પારમાર્થિક એવો ધર્મ એક
આ જગતમાં એક જ જાણવો.

o

According to the scriptures, that was dharm which was enjoined by the holy scriptures, followed by the sages, interpreted by the learned & which appealed to heart.

The first three conditions
must be fulfillled before the
fourth came into operation.
Thus one has no right
to follow the precepts of
an ignorant man
or a rascal even though they
commended themselves to one.
Rigorous observance of
harmlessness, non-enmity and
also renunciation
were the first requisites for
a person to entitle him
to lay down the law, i.e. dharma.
If a man kills just
one innocent person,
he brings up on his head the sin,
as if it were of
murdering the entire humanity.

ह्रीँ

## હિંસા - અહિંસા - વિચાર

(૧) હિંસા કર્યા વિના હિંસાનું ફળ મળે : તંદુલ મત્સ્ય.
હિંસા કરવા છતાં હિંસાનું ફળ ન મળે : અપ્રમત્ત મુનિ.
(૨) અલ્પહિંસા પણ બહુફળવાળી : જમાલિ - મરીચી.
બહુ હિંસા પણ અલ્પફળવાળી : દૃઢપ્રહારી - ચિલાતી પુત્ર.
(૩) ભવહિંસા છતાં હિંસા નહિ : વૈદ્ય ક્રિયાની જેમ.
અભવની હિંસા એ હિંસા છે : રજ્જુ, લોટપિંડ, કૂટકાદિ.
(૪) એક જ હિંસા ભિન્ન ફળ આપે : બે સુભટ - બે વૈદ્ય.
(૫) એકની હિંસા અનેકને ફળે : પાપી પાલક.
અનેકની હિંસા એકને ફળે : પ્રજાનું પાપ રાજાને લાગે
અને શિષ્યોનું પાપ ગુરુને લાગે.
(૬) એક હિંસા એકવાર ફળે : શસ્ત્રપાલક.
એક હિંસા અનેકવાર ફળે : ઉત્સૂત્ર - ગોત્રમદ.
(૭) હિંસા એ અહિંસાનું ફળ આપે : ખંધકકુમારાદિ.
અહિંસા હિંસાનું ફળ આપે : અભિનિવેશ અભિષ્વંગ.
(૮) નહિ આરંભેલા નહિ કરેલા હિંસાનું ફળ : કુણિક
આરંભેલા પણ નહિ કરેલા હિંસાનું ફળ : લોટકાર.
તત્કાલ ફળનારી હિંસાનું ફળ : સુંદોપસુંદ
કાલાંતરે ફળનારી હિંસા : ધુનીને પુત્રાદિ પરંપરા.

ह्रीं

હિંસા કરવાના ૪ કારણો

(૧) આકુટ્ટી : જાણીને (૨) પ્રમાદ : કામ - ક્રોધાદિકથી

(૩) દર્પ : હાસ્ય - કુતુહલાદિથી (૪) અભિનિવેશ : દુરાગ્રહથી

(૧) દ્રવ્યથી હિંસા - ભાવસાધુને.

(૨) ભાવથી હિંસા - તંદુલ મત્સ્યને.

(૩) દ્રવ્ય તથા ભાવથી હિંસા - અંગાર મર્દકને.

(૪) દ્રવ્ય - ભાવ બંનેથી હિંસા નહિ : સિદ્ધના જીવને.

હિંસા કરવાના પરિણામો

ગુણનાશ, દુઃખોત્પાદ અને મનઃક્લેશ.

અનુ + ભવ = અંતરમાં સ્વભાવને અનુસરીને ભવવું.

ભૂત + અર્થ = ત્રિકાળ ટકનાર.

ભૂત = નિત્ય ટકતો છતો. અર્થ = પદાર્થ - વસ્તુ.

અભૂતાર્થ = ત્રિકાળ ન ટકે તેવો ક્ષણિકભાવ.

અસત્યાર્થ = ત્રિકાળ ટકે એવા સ્વરૂપથી વિપરિત તે.

વ્યવહાર = પરાશ્રિતભાવ. ઉપચાર = પરનિમિત્તે થાય તે.

અભેદ = જ્ઞાન-દર્શન-ચારિત્રગુણનું સ્વમાં એકસાથે રહેવું.

નિશ્ચય = પરનિમિત્તની અપેક્ષારહિત સ્વઆશ્રિત રહેવું.

સત્યાર્થ = નિશ્ચય સ્વતંત્રપણે પોતાનો અસ્તિ સ્વભાવ.

પી ગયા = બધા ગુણ - પર્યાય સમાઈ ગયા.

ह्रीँ

सद्धर्मः सुभगो नीरुक्
सुस्वप्नः सुनयः कविः
सूचयत्यात्मनः श्रीमान्
नरः स्वर्गगमागमौ ॥१॥

निर्दम्भः सदयो दानी
दान्तो दक्षः सदा ऋजुः ।
मर्त्ययोनेः समुद्भूतो
भविता च पुनस्तथा ॥२॥

मायालोभक्षुधालस्य-
बह्वाहारादिचेष्टितैः ।
तिर्यग्योनेः समुत्पत्तिं
ख्यापयत्यात्मनः पुमान् ॥३॥

सरागः स्वजनद्वेषी
दुर्भगो मूर्खसंगकृत् ।
शास्ति स्वस्य गतायातं
नरो नरकवर्त्मनि ॥४॥ (परिशिष्ट-१२)

ह्रीं

गतेर्भिन्नतरो वर्णो
वर्णाद्भिन्नतरः स्वरः
स्वराद्भिन्नतरं सत्त्वं
देहः सत्त्वं तथा गुणाः ॥१॥

सन्ति संवर्धनोपायाः
सत्त्वस्यात्रैव जन्मनि ।
ते चेमे ध्यान विज्ञान-
धैर्य स्मृति समाधयः ॥२॥

ब्रह्मचर्यं दया दानं
निःस्पृहत्वमृतं तपः ।
औदासिन्यं च सर्वत्र
सत्त्वसंशुद्धिहेतवः ॥३॥

एतैरविमलं सत्त्वं
शुद्ध्युपायैर्विशुध्यति ।
मृत्स्नमान इवादर्शः
क्षारचेलकरादिभिः ॥४॥

ह्रीँ

ભાવસ્નેહં નિરાકૃત્ય
શુદ્ધ્યન્તિ ન સંશયઃ ।
ભાવા હ્યેતેઽન્તરાત્માનં
સેવ્યમાનાઃ પુનઃ પુનઃ ॥૫॥

શુદ્ધીભૂતાત્પતત્યસ્મા -
દાત્મનો મલસંચયઃ ।
તતઃ શુદ્ધા ભવેલ્લેશ્યા
સા ચ સત્ત્વમિહોચ્યતે ॥૬॥

શુદ્ધે ચ સત્ત્વે કુર્વન્તિ
લક્ષણાનિ બહિર્ગુણાન્
અપલક્ષણા દોષાશ્ચ
જાયન્તે નૈવ બાધકા ॥૭॥

નરસ્યાભરણં રૂપં
રૂપસ્યાભરણં ગુણાઃ ।
ગુણસ્યાભરણં જ્ઞાનં
જ્ઞાનસ્યાભરણં ક્ષમા ॥૮॥ - <u>ઇતિ સત્ત્વગુણ વર્ણનમ્</u> ।

(પરિશિષ્ટ-૧૩)

ह्रीँ

राग सम्पद्यमानोऽपि
दुःखदो दुष्टगोचरः ।
महाव्याधिनिभूतस्य
कुपथ्याऽन्नाभिलाषवत् ॥१॥
द्वेषः सम्पद्यमानोऽपि
तापयत्येव देहिनम् ।
कोटरस्थो ज्वलन्नाशु
दावानल इव द्रुमम् ॥२॥
अज्ञानं खलु भो कष्टम्
क्रोधादिभ्योऽपि सर्वपापेभ्यः
अर्थं हितमहितं वा
न वेत्ति येनाऽऽवृत्तो लोकः ॥३॥(परिशिष्ट-१४)

० मदेन मानेन मनोभवेन
क्रोधेन लोभेन च सम्मदेन ।
पराजितानां प्रसभं सुराणां
वृथैव साम्राज्यरुजा परेषाम् ॥

अथापि रागादिदोष-कालुष्य विरहिताः सतत साना-
नन्दमन्दमूर्तयो ब्रह्मादयः तर्हि तेषु न विप्रतिपद्यामहे ।
(परिशिष्ट-१५)

भगवन्नमस्कारश्च परमात्म-

विषयतयोपमातीतो वर्तते -

कल्पद्रुमः परो मन्त्रः
पुण्यं चिन्तामणिश्च यैः ।
गीयते स नमस्कार-
स्तथैवाहुः पण्डिताः ॥१॥

कल्पद्रुमो महाभागः
कल्पना गोचरं फलं ।
ददाति न च मन्त्रोऽपि
सर्वदुःखविषापहः ॥२॥

न पुण्यमपवर्गाय
न च चिन्तामणिर्यतः ।
तत्कथं ते नमस्कार
एभिस्तुल्योऽभिधीयते ॥३॥ (परिशिष्ट-१६)

० आः सर्वज्ञापलापपातकिन् दुर्वादिन् मानुषत्व-निन्दार्थवादापदेशेन देवाधिदेवानधिक्षिपसि ये हि जन्मान्तरार्जितोर्जित-पुण्यप्राग्भाराः, सुरभवभवमनुपमं सुखमनुभूय दुःखपङ्कमग्नमखिलं जीवलोकमुद्दिधीर्षवो नरकेष्वपि क्षणं क्षिप्तसुखा-

सिकामृतवृष्टयो मनुष्यलोकमवते सः जन्मसमयसमकाल
चलितासन - सकलसुरेन्द्रवृन्दविहितजन्मोत्सवाः
किंकरायमाणसुरसमूहाहमहमिकारब्धसेवाविधय स्वय -
मुपनतामतिप्राज्यसाम्राज्यश्रियं तृणवदवधूय समग्र -
णमणिरत्नमित्रवृत्तयो निजप्रभावप्रशमितेतिमर -
कादिजगदुपद्रवाः शुक्लध्यानानलनिर्दग्ध - घातिकर्मणो
आविर्भूतनिखिलभावाभाव -
स्वभावावभासिकेवल - बलदलित -
सकलजीवलोक - मोहप्रसराः सुरासुरविनिर्मितां
समवसरणभुवमधिष्ठाय स्वस्वभाषा परिणामिनी -
भिर्वाग्भिः प्रवर्तित - धर्मतीर्थाश्चतुस्त्रिंशदतिशयमयीं
तीर्थनाथत्वलक्ष्मीमुपभुज्य परंब्रह्म - सततानन्दं सकल -
कर्मनिर्मोक्षमुपेयिवांसस्तन्नामानुषत्वादिसाधारणधर्मा -
पदेशेनापवदन् सुमेरुमपि लोष्टुवादिना साधारणीकर्तुं
पार्थिवत्वेनापवदेः ।

किंच, अनवरतवनितांगसंभोगदुर्ललितवृत्तीनां,
विविधं हेति समूहधारिणामक्षमालाद्यपेत - मनः संयमानां
रागद्वेषमोह - कलुषितानां ब्रह्मादीनां सर्वविदत्वसाम्राज्यं
(कथं संभवेत्) । (परिशिष्ट-१७)

यत्र तत्र समये यथा तथा

योऽसि सोऽस्यभिधया यया तया ।

वीतदोषकलुषः स चेद्भवानेक-

एव भगवन्नमोऽस्तु ते ॥

इति केवलं ब्रह्मादि-देवता-विषयाणां

श्रुतिस्मृति-पुराणेतिहास-कथानां वैतथ्यमासज्येत ।

(परिशिष्ट-१८)

धर्महेतु प्रसाधनम् - हिंसादिनिवर्तकप्रसाधनम्

एकवचननिर्देशः कार्त्स्न्येन

समस्तप्रसाधनत्वख्यापनार्थः ।

(प्रकृष्टं फलाऽयोग-व्यवच्छिन्नं साधनम् ।)

भावोदकात् - परमार्थोदकभूतात् ।

द्रुमाग्निः - मत्सरानलः ।

हिंसानृताऽस्नानादिमान ।

उपशमादिगुणनाशिनी । (परिशिष्ट-१९)

o

आत्मीयग्रह मोक्षश्च - आत्मीयमिति ग्रहणमात्मीयग्रहः,

तदन्यस्वीकारस्तन्मोक्षश्च, बाह्यसंगत्याग इतिभावः ।

(ममत्वपरिणामस्य परित्यागः)

परमः - अघातिकर्माणि आत्मानं परमात्मानम्

प्रणम्य - श्रद्धातिशयेन नत्वा

भक्तिः - आराध्यत्वेन प्रदर्शनं

श्रद्धा - फलावश्यं भाव - निश्चयः
इदमित्थमेव चेति - निश्चयः

श्रुत्वा - तात्पर्यतः परिज्ञाय

तत्त्वविनिश्चयः - प्रामाण्य - अप्रामाण्य - विवेकः,
प्रामाण्यनिश्चयः उपादेयेऽर्थे निष्कम्पप्रवृत्तिजनक -
त्वेनैवोपयुज्यते, इतरथाऽप्रामाण्यनिश्चयस्तु तदर्थप्रवृत्ति
-प्रतिपक्षत्वेनैव, कृपस्तु मात्सर्यस्य प्रतिबन्धादेव नोदेति,
इति न कोऽपि दोषानुबन्धः; प्रत्युत दान-संयमादौ शुद्ध-
प्रवृत्त्या स्वर्गसिद्धिसुखावह एव सः ।

संस्थितिः - समाधानं, अविप्रतिपत्तिविषया
स्थितिर्मर्यादा । (परिशिष्ट-२०)

o धर्मविरुद्धं वचनं अनृतम्
धर्मविरोधेन परकीयद्रव्यग्रहणम् अदत्तादानं
स्त्रीपुंस व्यतिकरलक्षणमब्रह्म
तत्त्वाऽश्रद्धानम् मिथ्यात्वम्
धर्मस्य शुश्रूषाद - लक्षणस्य गुणाः ।

सुखोपाये प्रवृत्तेरेव सुखोत्पत्तेः ।
स्वभावतः सुखदुःखेच्छाद्वेषवतामपि प्राणिनां
सुखोपाये धर्मे अनिच्छा, दुःखोपायेऽधर्मेऽवेच्छा
खलु मोह - महाराजनिर्देशविलसितम् ।
सुखैषिणा - कल्याणकामेन हितकाम्यया -
अनुग्रहबुद्ध्या आस्था - परिग्रहः ।

धर्मस्य फलमिच्छन्ति
धर्मं नेच्छन्ति मानवाः ।
पापस्य फलं नेच्छन्ति
पापं कुर्वन्ति सादराः ॥

(परिशिष्ट-२१)

अहिंसया क्षमया क्रोधस्य, ब्रह्मचर्येण वस्तुविचारेण
कामस्य, अस्तेयाऽपरिग्रहरूपेण संतोषेण लोभस्य
सत्येन यथार्थज्ञानरूपेण विवेकेन मोहस्य,
हिंसादि - मूलानां सर्वेषां निर्वृत्तिः ।
अहिंसादिना मूलगुणघातिक्रोधादिनिवृत्तावपि,
संज्वलनादिरूपक्रोधादिनिवृत्तिः क्षमाद्युत्तरगुण -
साम्राज्यादृते परीषहाद्युपनिपाते संयमिनमपि
सम्यईषज्ज्वलयन्तीति व्युत्पत्तेः विशिष्टाः क्रोधादयः ।

(परिशिष्ट-२२)

ह्रीँ

o उपदेशः मौनीन्द्रवचनप्रतिपादनरूपः भवजलधियान

-पात्रप्रायः स्वत एव । अस्य श्रवणमात्रादेव

समाहितसिद्धेः । सुतरां च तदर्थप्रयत्नात् ।

o धर्मचारिणामद्येत - विहारपरायणानां दर्शनं

मुखारविंदविलोकनम्, एतदपि परमबोधिलाभहेतुः,

अतः क्लिष्टकर्मविगमात् ।

नत्यादिभिर्व्यङ्ग्यमानभावविशेषस्यैव

निश्चयतो दुरितक्षयहेतुत्वात् ।

o विघ्नध्वंस एव मंगलहेतुः,

स्वाध्याय प्रायश्चित्तादीनामपि मंगलत्वात् ।

स्थाने - शास्त्रोक्तस्थले विनयः - करः शिरः

संयोगविशेषादिभिर्व्यङ्ग्यो मानसः परिणामविशेषः

महद् धर्मांगसाधनम्, उपदेशादिना चारित्रप्रतिबन्धक -

कर्मक्षयोपशमादिना चारित्रधर्म अवाप्तेः ।

भावः साम्यलक्षणः यन्मे प्रशान्तवाहिता इत्याचक्षते ।

o साम्य - क्षयोपशम द्वारा शुद्धोपयोग -

लक्षणधर्मे मैत्र्युपयुज्यते ।

अशेषाणां दोषाणां हिंसाऽनृतादीनां, -

तृष्णायां सत्यां सकलदोषाणामवश्यंभावात् ।

(परिशिष्ट-२३)

હ્રીં

## પ્રદેશબંધ

સરખી સંખ્યાવાળા પરમાણુઓના બનેલા અનંત સ્કંધો,
તે એક વર્ગણા. તેવી અનંત વર્ગણાઓ
જીવ એક સમયમાં ગ્રહણ કરે, તેને 'પ્રદેશબંધ' કહેવાય.

### પ્રદેશબંધની આઠ વર્ગણાઓ

| ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ,
| ભાષા, શ્વાસોશ્વાસ, મન, કાર્મણ. |

આઠ ગ્રહણયોગ્ય, આઠ અગ્રહણયોગ્ય.
પ્રથમ ચાર બાદર પરિણામી, દૃષ્ટિગોચર.
છેલ્લી ચાર સૂક્ષ્મ પરિણામી, અગોચર.
પ્રદેશબંધમાં આઠમી કાર્મણ વર્ગણાની જ
અનંત વર્ગણાઓનો એક સ્કંધ
એવા અનંત સ્કંધો
જીવ પ્રતિસમય ગ્રહણ કરે છે.
સૌથી ઓછા પ્રદેશ આયુઃકર્મના,
તેથી વિશેષાધિક પ્રદેશ નામ - ગોત્રકર્મના,
તેથી વિશેષાધિક પ્રદેશ જ્ઞાન - દર્શન - અંતરાયકર્મના,
તેથી વિશેષાધિક પ્રદેશ મોહનીયકર્મના,
તેથી બહુ વિશેષાધિક પ્રદેશ વેદનીયકર્મના હોય છે.

ह्रीँ

## रसबंध

पुण्यप्रकृतिनो मंद रस - संक्लेश वडे बंधाय छे.
पुण्यप्रकृतिनो तीव्र रस - विशुद्धि वडे बंधाय छे.
पापप्रकृतिनो मंद रस - विशुद्धि वडे बंधाय छे.
पापप्रकृतिनो तीव्र रस - संक्लेश वडे बंधाय छे.
अनंतानुबंधी वडे पुण्यप्रकृतिनो द्विस्थानिक रसबंध.
अनंतानुबंधी वडे पापप्रकृतिनो चतुःस्थानिक रसबंध.
अप्रत्याख्यानी वडे पुण्यप्रकृतिनो त्रिस्थानिक रसबंध.
अप्रत्याख्यानी वडे पापप्रकृतिनो त्रिस्थानिक रसबंध.
प्रत्याख्यानी वडे पुण्यप्रकृतिनो चतुःस्थानिक रसबंध.
प्रत्याख्यानी वडे पापप्रकृतिनो द्विःस्थानिक रसबंध.
संज्वलन वडे पुण्यप्रकृतिनो चतुःस्थानिक रसबंध.
संज्वलन वडे पापप्रकृतिनो एकस्थानिक रसबंध बंधाय.
लीमडानो के शेरडीनो रस ते स्वाभाविक एक स्थानिक.
लीमडा के शेरडीनो रस उकाळीने अर्ध राखे ते द्विःस्थानिक.
ते उकाळीने त्रण भागमां एक भाग राखे ते त्रिस्थानिक.
ते उकाळीने चोथा भाग जेटलो राखे ते चतुःस्थानिक.
ते ३ शेर उकाळीने ०।। शेर राखे ते चतुःस्थानिक.
ते ३ शेर उकाळीने पछी १ ज शेर राखे ते त्रिस्थानिक.

૩ શેર ઉકાળીને ૧॥ શેર રાખે તે દ્વિઃસ્થાનિક.
૩ શેર ઉકાળીને [illegible] શેર રાખે તે એકસ્થાનિક.
અહીં શુભપ્રકૃતિનો એકસ્થાનિક રસબંધ હોય જ નહિ.
અશુભમાં પણ મતિ આદિ ૪ જ્ઞાનાવરણીય,
૩ દર્શનાવરણીય, ૪ સંજ્વલન, ૧ પુરુષવેદ અને
૫ અંતરાય - એમ (૧૭) પ્રકૃતિઓનો
એકસ્થાનિક રસબંધ નવમે ગુણઠાણે હોય છે.
શેષ અશુભપ્રકૃતિનો જઘન્યથી પણ દ્વિસ્થાનિક બંધાય છે.
રસ - સુખ - પ્રીતિ વગેરે વડે મનનો આનંદ મળે છે.
કાયારૂપ ચિત્રશાળા, કર્મરૂપી પલંગ, માયારૂપી શય્યા,
કલ્પનારૂપી ચાદર, અચેતનારૂપી ઊંઘ, મોહરૂપી મચ્છર.
ઉદયબળનું જોર તે શ્વાસનો ઘોર ઘોષ. વિષયસુખની
કરણી તે સ્વપ્નાવસ્થા - મૂઢદશા - શયનદશા. એ બધાથી
જુદો પોતાને ભૂલી - દેખે, તે ચેતન જાગ્રત થશે અને
આત્મારૂપી અરીસામાં આત્માનું સર્વ અંગ દેખે. જાગ્રત
જીવ મોક્ષરૂપ, નિદ્રાધીન જીવ તે સંસારરૂપ - જગતવાસી.
પોતપોતાની જ કમાઈથી અર્થાત્
પૂર્વસંચિત કર્મના ઉદયથી જ
દરેક જીવ સુખી અથવા તો દુઃખી થાય છે.

## પુરુષાનુબંધી પુરુષની ચતુર્ભંગી

(૧) ઉત્તમ પુરુષ દ્રાક્ષ જેવા છે.
(૨) મધ્યમ પુરુષ નારીયેલ જેવા છે.
(3) અધમ પુરુષ બોર જેવા છે.
(૪) અધમાધમ પુરુષ સોપારી જેવા છે.

### ઉત્તમ પુરુષો કેવા હોય?

ઉત્તમ રૂપવતીને નીરખે નહીં.
ઉત્તમ મિત્રતાને ખરડે નહીં.
ઉત્તમ ગર્વિતાને ગાર નહીં.
ઉત્તમ રસાસ્વાદને ઝેર નહીં.
ઉત્તમ કરામતને ફેર નહીં.
ઉત્તમ હૈશાને અનર્થ નહીં.
ઉત્તમ રૂપને રાગ નહીં.
ઉત્તમ વિલાસને ભાગ નહીં.
ઉત્તમ ઘરવાસને કાલ નહીં.
ઉત્તમ લબ્ધિભોગને લાગ નહીં.
ઉત્તમ સુદેશને નાકનો મેલ નહીં.
ઉત્તમ ભાગ્યોદયને પેટની ફિકર નહીં.

ह्रीं ॐ श्रीं अर्हं श्रीं श्रीं अर्हं श्रीं ॐ ह्रीं

ह्रीँ

## મધ્યમ પુરૂષો કેવા હોય ?

સ્વભાવે સુભટ જાણી ઠગનો ચેલો થાય, પછી બુદ્ધિમાં આવે તે વખતે ઠગને દુર્જન જાણે પણ તેની પરવશતામાંથી જેમ નીકળી શકે નહિ, તેમ અનાદિ મિથ્યાત્વી જીવ અનેક સંકટ સહે છે. તેને ભાન - કળાનો ભાસ થાય, અંતરમાં ઉદાસી થાય તો પણ આશ્રવને છોડી શકે નહિ.

## અધમ પુરૂષો કેવા હોય ?

જેમ સુવરને વિષ્ટા એ પકવાન્ન છે,
રાંકને મન કાણી કોડી એ ધન છે, ઘુવડને મન સંધ્યાકાળ પ્રભાત છે, કૂકડાને ગાય - ભેંસનું પાણી દહીંનો ઘડો છે,
કાગડાને લીંબોળી દ્રાક્ષ સમાન, બાળકને દંતકથા એ પુરાણ છે,
હિંસકને હિંસા એ ધર્મ મનાય છે,
તેમ મૂર્ખને પુણ્યબંધ તે નિર્વાણ - મોક્ષપદ મનાય છે.

## અધમાધમ પુરૂષો કેવા હોય ?

જેમ સાધુને જોઈ કૂતરા રીસે ભરાય,
રાતે જાગનારને જોઈ ચોર રીસે ભરાય,
મિથ્યાત્વી સિદ્ધાંત સાંભળી રીસે ભરાય,
હંસને જોઈ કાગડો રીસે ભરાય,
મહંતને જોઈ અભિમાની રીસે ભરાય અને

હ્રીં

સુકવિને જોઈ જેમ કુકવિ રીસે ભરાય,
તેમ અધમાધમ માનવો
કોઈ સાધુને જોઈ રીસે ભરાય.

'અધમાધમ'ની વ્યાખ્યા શી?

જે સરલ ચિત્તવાળાને શઠ કહે,
વિનયવાનને લોભી કહે,
ક્ષમાવંતને નિર્બલ કહે,
ઇંદ્રિયદમન કરનારને કૃપણ કહે,
મધુર ભાષણ કરનારને ડરપોક કહે,
ધર્મીને દંભી કહે,
નિઃસ્પૃહીને અહંકારી કહે,
તૃષ્ણા છોડનારને ભાગ્યહીન કહે,
ધર્મોપદેશકને ધાડુ કહે તથા
ગુણને દોષ લગાડે, તે અધમાધમ છે.

નવધા ભક્તિ

શ્રવણ, કીર્તન, ચિંતવન, સેવન, વંદન,
ધ્યાન, લઘુતા, સમતા, એકતા.
નવવિધ ભક્તિ પ્રમાણ વિકલ્પમાં આશ્રય નહિ.
આત્મા આશ્રય સ્વભાવી છે, તેથી વિકલ્પથી ભિન્ન છે.

પ્રશ્ન: મોક્ષમાર્ગના સાધક જ્ઞાતા દેશવિરતિ પંચમગુણ-સ્થાનવર્તી અને ષષ્ઠ-સપ્તમગુણસ્થાનવર્તી સર્વવિરતિ થયા. તેમની અવસ્થા તો નિરાલંબન નહિ, એટલે પોત-પોતાની શુદ્ધ ક્રિયાના આલંબનને લઈને દેશવિરતિ સર્વવિરતિ કહેવાય છે, ત્યારે કરણી નિષિદ્ધ કેમ થઈ?

ઉત્તર: જેવો અક્ષરનો અભ્યાસ માંડ્યો, તેવું શ્રુતજ્ઞાનનું આલંબન રહ્યું, તેમ શુભકર્મનો અભ્યાસ તે તો જોવામાં આવે છે પણ તે તો અનુભવનો જ અભ્યાસ ગણાય છે. અનુભવના અભ્યાસરૂપ જ્ઞાતાનું આલંબન તો જ્ઞાતા પાસે જ છે, તેમાં નિરૂપાધિ રાગ-દ્વેષ - કષાય અને

ઇચ્છાદિક વિના આત્માની જે સમાધિ છે,

એટલે જે પરરૂપને વિષે નિરૂપયોગપણે રહેવું,

તે જ શિવરૂપ - મોક્ષરૂપ છે અને જે ખેદ - સંતાપ છે,

તે તો પુદ્ગલની પરછાંટી - છાયા છે.

જે ચિદાનંદ છે,

તે તો સદા મોક્ષરૂપ છે અને

ક્રિયા તે તો સદા બંધમય છે.

જેટલા કાળ સુધી, જન્મોજન્મ પર્યંત, યોગ જ્યાં વર્તે, તેટલા કાળ સુધી, તે જ રસ - રીતિ ગ્રહણ કીધી છે,

એટલે તે જ રસમાં રહે છે, તેથી જ્યાં સુધી આત્માનો
અનુભવ રહે, ત્યાં સુધી શુભ ક્રિયા કરતાં છતાં
શિવપદ દશા નિવડી એટલે મોક્ષસ્વરૂપમાં રહે,
અપ્રમત્તા ઉદયાદ અને પોતાનું સ્વરૂપ ભૂલી
અંધ થઈ થકી જ્યારે કરણીનો જ રસ ધરાવે,
ત્યારે બંધના જ કષ્ટ-રોગ કેળવે છે.

(૧) ક્રિયા એક, કરનારા બે - એમ બને નહિ.
(૨) કર્તા બે અને ક્રિયા એક - એમ બને નહિ.
(૩) બાબની ક્રિયા અને કરનાર બાબો - એ બને નહિ.
(૪) કરે એક અને ફળ ભોગવે બાબો - એ બને નહિ.
(૫) ભાવકર્મની ક્રિયા સ્વયંસિદ્ધ ન થાય.
જે ક્રિયા કરે, તે ભાવકર્મનો કર્તા છે.
(૬) મિથ્યાત્વ ચેતન અહંબુદ્ધિ કર્તા-ભોક્તા છે,
સમકિતી જીવ નિશ્ચયથી કર્તા-ભોક્તા નથી.
(૭) જેના ઘટમાં પોતાનો સાધક સ્વભાવ જ્યારે જાગશે,
તે વખતથી જ તે જગજાળથી નિરાળો થઈ અને તેઓ
અર્ધપુદ્ગલપરાવર્તમાં સંસાર ભાવ મૂકશે.
(૮) મિથ્યામતિ તે દુર્બુદ્ધિ - એકાંતમતિ મિથ્યાચાર તે દુર્ગતિ.
(૯) એક સુતરના સંગ વિના મોતીની માળા બને નહિ,

તેમ સ્યાદ્વાદ મત ઈચ્છા કર્યા વિના
મોક્ષનો સાધનહાર થાય નહિ.

જો દ્રવ્ય એક ક્રિયાવગાહી બને પણ એવું છે કે
બંનેના સ્વભાવ એક થાય નહિ. પુદ્ગલ જડ છે, તેથી
જડ પરિણામનો કર્તા થાય. જીવ ચેતન છે, તેથી ચેતન
સ્વભાવને જ કરે. પરદ્રવ્ય તરફ જીવની અહંબુદ્ધિ એ જ
મિથ્યાત્વ - બંધરૂપ, ન વિચારી શકાય તેવો મહામોહ.

જો વસ્તુઓ સર્વદા ભિન્ન એટલે કે
પ્રદેશભેદવાળી જ છે.
બન્ને એક થઈને પરિણમતી નથી,
એક પરિણામને ઉપજાવતી નથી અને
તેમની એક ક્રિયા હોતી નથી, એવો નિયમ છે.
બે જો દ્રવ્યો એક થઈને પરિણમે, તો તો...
સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય.

૦ લોભમૂલાનિ પાપાનિ રસમૂલાનિ વ્યાધયઃ ।
સ્નેહમૂલા દુઃખાનિ ત્રીણિ ત્યક્ત્વા સુખી ભવ ॥

<u>અર્થાત્</u>: લોભના કારણે પાપો, રસના કારણે રોગો,
સ્નેહના કારણે દુઃખો છે -
આ ત્રણે દૂર કરીને સુખી થા.

શરદપૂર્ણિમાની રાત્રિ ચંદ્રકિરણના પ્રકાશ વડે પૃથ્વીને શ્વેતરૂપ ધવલતા કરાવે છે પણ ચંદ્રમાની જ્યોતિ એમ કાંઈ પૃથ્વી બનતી નથી, તે ફક્ત જ્યોતિરૂપે રહે છે, તેમ જ્ઞાનશક્તિ એવી છે કે જે હેય-ઉપાદેય વસ્તુને પ્રકાશે, ત્યારે જ્ઞાન - જ્ઞેય વસ્તુને આકારે દેખાય છે
પણ જ્ઞેય વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરતું નથી.

◎ જે શુદ્ધ વસ્તુ છે, તે શુદ્ધ પર્યાયરૂપપણે જ પરિણમે અને જેની પોતાની સત્તા છે, તે જેટલામાં વસ્તુનું સદ્રૂપપણું છે, તેટલા પ્રમાણમાં તે શુદ્ધ પર્યાયને જ પરિણમે છે પણ એ વસ્તુનું સ્વરૂપ ઢાંક્યું રહે નહિ. શુદ્ધ વસ્તુ કોઈની સંગતિથી સર્વ પ્રકારે જડને રૂપે ન થાય, અથવા અનાદિકાળની ભિન્નવાળી છે.

◎ રાગ-દ્વેષ પરિણામનો હેતુ મિથ્યાત્વ મોહ કર્મરૂપ
મદિરાનું ઔદ્ધત્ય છે પણ પુદ્ગલ કર્મ નથી,
પંચ ઇંદ્રિયનો ભોગ નથી, ધન, પરિવાર કે ઘર નથી.
'રાગ-દ્વેષ પરિણામનો હેતુ પુદ્ગલ કર્મ છે,'
એવું સાંખ્યમતિનું કહેવું છે, તે જૂઠું છે.

◎ ચેતન જ્ઞાનભાવ વિષે સમર્થ છે,
તેમ જાણપણાના કાર્યમાં સમર્થ છે.

મિથ્યામતિનિમગ્નતાથી જ્ઞાયકપણામાં રાગ-દ્વેષપરિણામ દેખાય.
જીવ સમ્યગ્ભાવમાં રહે, ત્યારે શિવભાવ ઉપજે છે.
જેમ દીવો રાત્રે ચારે દિશાને પ્રકાશમાન કરે છે અને
તેથી ઘટપટાદિ પદાર્થ પ્રગટે છે પણ દીપકનો
પ્રકાશ ઘટપટરૂપ થતો નથી, તેમ જ્ઞાન-જ્ઞેયના મર્મને
જાણે છે, જ્ઞાનમાં જ્ઞેયાકાર પરિણમે છે તો પણ જ્ઞાન
આત્મધર્મને છોડતું નથી. જ્ઞાયકપણું સદા અચળ છે.
એ જ્ઞાયકપણામાં કોઈ વિકલ્પ પ્રવેશી શકે નહિ.
રાગ-દ્વેષ-મોહમાં જીવ પડે છે ભલે,
તો પણ જ્ઞાયકપણાને કદી ભૂલતો નથી, ત્યજતો નથી.
સદા જ્ઞાનનો મહિમા અક્ષય સ્વરૂપે ઘટમાં છે
પણ મૂર્ખ મિથ્યાદૃષ્ટિ સહજ સ્વરૂપને વિલોકતો નથી.

અનાદિકાળથી જીવનો સ્વભાવ તો મૂઢ છે.
તે શુદ્ધ ચેતન સ્વભાવથી ભિન્ન સ્વભાવ-
જે પરસ્વભાવ છે, તેમાં મગ્ન થઈને રાગ-દ્વેષમાં
કરી રહ્યો છે અને એ જ રાગ-દ્વેષથી પરિગ્રહની ધારણા
ધરે છે પણ આત્મદ્રવ્યની શોધ કરતો નથી.

કર્મનો ઉદય એ ચોપાટનો ખેલ છે.
ચોપાટનો ખેલાડી બુદ્ધિનો ઉપયોગ કરીને ખેલે છે,

તો પણ દાવ તો પાસાને આધીન છે, તેમ જગતનો જીવ ઉદ્યમ કરીને પોતાના સ્વાર્થનો ઉપાય ચિંતવે પણ પોતાના લલાટમાં લખ્યું હોય, તે જ ફળ થાય છે. કર્મચક્ર ઉદય માફક થાય, એનો એ જ સ્વભાવ છે.

વિશ્વચક્ર એ શતરંજની રમત છે. તે બુદ્ધિ ઉપર આધાર રાખે છે. તે મોક્ષમાર્ગનો ખેલ છે. લક્ષબુદ્ધિ વસ્તુને જુએ, તેમાં ઉત્પાદ-વ્યયરૂપ કાર્ય હોય, તે છોડી દે અને પોતાની સાધના કરે. ચિત્તમાં અભેદ પદ વિચારે, એ વિશ્વચક્રની વાત છે. શતરંજના રમનાર બેઉ બુદ્ધિબળે દાવ સમજે, પોતાના-પરાયા દળ ઉપર નજર રાખી ચાલ ચાલે, પોતાના-પારકા વજીર, હાથી પ્રમુખ મહોરાંની ગણત્રી રાખી પરને મહાત કરવાનું વિચારે, તેમ મોક્ષમાર્ગમાં સાધુભેદે જે પંડિત હોય, તે ખેલે છે.

વિશ્વચક્રમાં રાત-દિન જાગવું થાય છે,

કર્મચક્રમાં રાત-દિન હારવાનું છે.

જે વક્તા અહેતુવાદના વિષયના હેતુનો પ્રયોગ કરે અને હેતુવાદના વિષયમાં માત્ર આગમ ઉપર આધાર રાખે, તે અનેકાંત શાસ્ત્રની પ્રરૂપણાનો જો અધિકારી ન હોય, તો તેના પ્રરૂપણા કરવા જતાં તેનો

ह्रीँ

વિરાધક બને છે, એમ સમજવું.

બન્ને વાદની વિષય-મર્યાદા સમજીને જ પ્રત્યેક તત્ત્વનું નિરૂપણ કરવામાં તે વાદનો આશ્રય કરવામાં આવે, તો જ શ્રોતાઓને જૈન પ્રવચન ઉપર આદરભાવ કરી શકાય. અન્યથા તેથી અસંભવ-અસંગતિ આદિ દોષો જોઈ શાસ્ત્ર ઉપરની આસ્થા ગુમાવી બેસે.

૦ પદાર્થોની અનેકાંતદૃષ્ટિ પ્રધાન પ્રરૂપણા યોગ્ય રીતે કરવી હોય, તો નીચેની બાબતો ઉપર લક્ષ રાખવું ઘટે:

(૧) દ્રવ્ય - પદાર્થની મૂળ જાતિ.

(૨) ક્ષેત્ર - સ્થિતિ, ક્ષેત્ર.

(૩) કાળ - સમય.

(૪) ભાવ - પદાર્થગત મૂળ શક્તિ.

(૫) પર્યાય - શક્તિના આવિર્ભાવ પામતા કાર્યો.

(૬) દેશ - વ્યાવહારિક જગ્યા.

(૭) સંયોગ - આજુબાજુની પરિસ્થિતિ.

(૮) ભેદ - પ્રકારો.

એક એક નયમાર્ગને આશ્રિત એવા સૂત્રને ભણીને જેઓ 'સૂત્રધર' શબ્દથી સંતુષ્ટ થઈ જાય છે, તેઓનું જ્ઞાન માત્ર શબ્દપાઠ પૂરતું વિશદ હોય છે,

કિન્તુ તેમાં સ્વતંત્ર પ્રયત્નની વિશદતા આવતી નથી.

(૧) જ્ઞાનનો વિષય = જ્ઞાન મેળવવું.

(૨) ચારિત્રનો વિષય = એ જ્ઞાન પ્રમાણે જીવન ઘડવું.

(3) સૂઝ ન હોય તો જીવન સુયોગ્ય રીતે ન ઘડાય.

(૪) સૂઝ હોય છતાં તે પ્રમાણે વર્તવામાં ન આવે, તો તેથી જીવનને શો લાભ?

(૫) જ્ઞાન અને ક્રિયા - એ બન્ને અનેકાંતિક આદર્શ જીવનના છૂટા - છૂટા પૈડાઓ છે. એ બન્ને પૈડાઓ જો યોગ્ય રીતે ગોઠવાય, તો જ તે ફળસાધક બને છે. એ બાબતમાં 'અંધ - પંગુ ન્યાય' પ્રસિદ્ધ છે.

(૬) <u>જિનપ્રવચનના મુખ્ય લક્ષણો:</u>

(a) મધ્યસ્થપણું - નયવાદ સંપુટ.

(b) મધ્યસ્થો - યુક્તિઓ - સંવિગ્નો વડે જ સમજ શકાય એવું જિનપ્રવચન છે.

(c) જો અધિકારી ઉપયોગ કરવા ધારે, તો ક્લેશનાશ - શાંતિ અને સમતાભાવ વડે અમરપણું મેળવી આપવાની શક્તિ જિનપ્રવચનમાં છે.

આ મુખ્ય વિશેષોને લઈને જ એની પરમ પૂજ્યતા છે.

હ્રીં

અનુષ્ઠાનમાં બાધક એવા ચિત્તના ૮ દોષ

(૧) ખેદ - થાકવાળું ચિત્ત.

(૨) ઉદ્વેગ - આળસુ - વેઠ ઉતારવાવાળું ચિત્ત.

(3) ક્ષેપ - અસ્થિર ચિત્ત.

(૪) ઉત્થાન - અસ્વસ્થતાભર્યું અપ્રશાંતવાહિ ચિત્ત.

(૫) ભ્રાંતિ - વિપર્યસ્ત ચિત્ત.

(૬) અન્યમુદ્ - બીજામાં ખેંચાવાવાળું ચિત્ત.

(૭) રોગ - મનોભંગ - મનની પીડા અનુભવતું ચિત્ત.

(૮) આસંગ - વિકલ્પની ઉપેક્ષા કરતું ચિત્ત.

અનુકૂળ ચિત્ત કેવું હોય?

(૧) શાંત - પરિમિત ઇચ્છાઓવાળું.

(૨) દાંત - વિષયોથી પરાઙ્મુખ.

(3) ઉદાર - વિશાળ, ઔચિત્યભર્યું.

(૪) ગંભીર - ઉત્સુકતારહિત.

(૫) ધીર - નિર્ભય (આપત્તિઓથી).

(૬) પરાર્થનિરત - પરોપકારની ભાવનાથી ભરેલું.

(૭) સંક્લેશવર્જિત - કષાયોની કલુષતા વિનાનું, ક્ષમાવાળું.

(૮) સુસ્વપ્ન દર્શનવાળું - પુષ્પ, છત્ર, ચામર, મંદિર, મૂર્તિ, વસ્ત્ર વગેરે રાત્રે સ્વપ્ન મધ્યે જોવાવાળું.

મંત્રસાધના માટે સાગરના મોજાંઓની જેમ
ગુણગાનાદિ સદા ઉછળતું ચિત્ત અનુકૂળ બનાવ્યું છે.

## સર્વ મંત્રો ફળીભૂત થવાનું કારણ?

કોઈપણ મંત્ર અક્ષરરૂપ હોઈ શ્રુતજ્ઞાન સ્વરૂપ છે.
મંત્રજાપથી શ્રુતોપયોગ તીવ્ર બને, તેથી જ્ઞાનાવરણીયાદિ
કર્મો તૂટે છે અને આત્મશક્તિઓ પ્રગટ થાય છે.
મંત્રોનું મંત્રત્વ શ્રુતસ્વરૂપ હોઈ અવશ્ય ફળદાયી નિવડે,
તેમાં આશ્ચર્ય નથી. પાંચ જ્ઞાન મંગળ છે,
તેમાં શ્રુતજ્ઞાન આત્મગુણ હોઈ મંગળસ્વરૂપ છે,
તેથી વિઘ્નક્ષય અને ઈષ્ટસિદ્ધિ થવામાં કાંઈ બાધક નથી.
તપઃ સ્વાધ્યાયેશ્વરપ્રણિધાનાનિ ક્રિયાયોગઃ। - યોગદર્શન
અર્થાત્ઃ તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન ક્રિયાયોગ છે.
શાસ્ત્રકારો જીવોના શત્રુ તરીકે કર્મને ઓળખાવે છે.
જેમનો શત્રુ સમાન હોય, તે બધા 'મિત્ર' કહેવાય,
એ અપેક્ષાએ સર્વ જીવો પરસ્પર મિત્ર છે.
કર્મને ખપાવવામાં જે સહાય કરે,
તે 'વિશેષ ઉપકાર કરનાર મિત્ર' કહેવાય.
એ દૃષ્ટિએ ઉપસર્ગ કરનાર કે કષ્ટ આપનાર
જીવ બાંધવો કરતાં વધારે ઉપકારક મિત્ર કહેવાય.

ह्रीँ

## અદૃશ્ય મહાસત્તા

આ વિશ્વ ઉપર અદૃશ્ય શક્તિ અને મહાસત્તા પોતાનું કાર્ય કરી રહી છે. તે સર્વનું હિત ઇચ્છે છે. જે મુમુક્ષુઓ મૈત્ર્યાદિભાવનાથી ભાવિત થઈને બધા જીવોના હિતમાં જ નિરંતર રત રહે છે, તે મુમુક્ષુઓને તે મહાસત્તા તીર્થંકર જેવા ઉચ્ચ પદવીઓ આપીને તેમની કદર કરે છે.

શ્રી અરવિંદ કહે છે તેમ:

૩ મિનીટ વિચાર કર્યા વિના રહી શકાય, તેવી સ્થિતિ જો સાધકને પ્રાપ્ત થાય, તો તે 'યોગી' બની શકે.

૦ 'વીતરાગવિષયં વા ચિત્તમ્ ।' એ સાધનામાં ભેદોપાસનાની સાથે સજાતીયત્વેન અભેદનો અધ્યાસ કરીને ઉપાસના વધારવામાં આવે, તો સમત્વને જલ્દી સિદ્ધ કરી શકાય છે. ભક્તિપ્રધાન માટે ભેદોપાસના અને વિચારપ્રધાન માટે અભેદોપાસના શીઘ્ર ફળદાયક થાય છે, પરન્તુ સાથે આચારપ્રધાનતા જોઇએ. - ગણેશાનંદજી

૦ ગંભીર આચાર્યો અમુક બાબતોમાં મતભેદ હોવા છતાં મતભેદ વિનાની અન્ય બાબતોમાં પોતાના પ્રતિપક્ષ પ્રતિષ્ઠિત આચાર્યોનું પ્રામાણ્ય સ્વીકારી તેમનો આદર કરતાં હતાં.

## આલંબનની જરૂર શા માટે?

આલંબનની જરૂર છે, કારણકે મનુષ્ય તેના વિના જીવી શકતો નથી. ઘર - કુટુંબ - પરિવાર, ધન - તિજોરી - વાડી - બંગલા - નામ - રૂપના આલંબનથી મનુષ્ય જીવે છે, પરન્તુ તે બધા આલંબનો ખોટી આશા આપનારા છે. મોહમાયાની વૃદ્ધિ કરનારા છે, તેથી તેને છોડીને ધર્મની પુષ્ટિ કરનારા શુભ આલંબનો લેવા. શુદ્ધને પુષ્ટ કરનારા આલંબનોના આધારે જ જીવ મોહ - મમતાને જીતી શકે, તે નિર્મળ - નિર્મોહી બની શકે, પરન્તુ પુષ્ટ આલંબનો પણ સદાકાળ લઈ શકાતા નથી. આલંબનરહિત અવસ્થામાં તે નિરાધાર બને છે, એટલું જ નહિ પણ અપુષ્ટ આલંબનોમાં સરી પડે છે, તે સાલંબન ધ્યાનનો મોટો દોષ છે. નિરાલંબન ધ્યાનમાં તે દોષ નથી, કારણકે તેમાં કોઈ આલંબનનો વિકલ્પ નથી કે જે વિકલ્પ કાળક્રમે ચાલ્યો જાય, સદાકાળ ન ટકે. નિરાલંબન તો સદાકાળ ટકનારું છે, કેમકે તેનો વિષય આત્મા પોતે છે.

આત્મા આત્માથી કદી છૂટો પડતો નથી, એ દૃષ્ટિએ નિરાલંબન શ્રેષ્ઠ છે. સાલંબન પરથી નિરાલંબન ઉપર જવું જોઈએ, તો જ વાસનાઓથી મુક્તિ મળે.

'વીતરાગવિષયંવાચિત્તમ્ ।'

એ ધ્યાનમાં વીતરાગ આત્માના ધ્યાન ઉપરાંત
તેમનામાં રહેલ આત્મત્વ જાતિ ઉપર ભાર દેવામાં આવે,
તો તે ધ્યાન નિરાલંબન બની જાય.
જાતિ Abstract - વ્યક્તિ concrete છે.
વ્યક્તિ કરતાં વ્યક્તિમાં રહેલો ભાવ સર્વવ્યાપી છે.
વ્યક્તિ ઉપરાંત જાતિ પર જ્યારે પ્રયત્ન કરવામાં આવે,
તો તે ધ્યાન દીર્ઘકાળ ટકી શકે છે અને
તેમાં આલંબનનો વિકલ્પ રહેતો નથી.
નિરાલંબન સત્રૂપ હોવાથી તેની સ્થિતિ શાશ્વત છે.
સર્વ પાપનો નાશ - તેનો તાત્પર્યાર્થ છે કે:
સર્વ અનાત્મભાવનો નાશ.
બધા પાપનું મૂળ અનાત્મભાવ છે, જે મૂળ મિથ્યાત્વ છે
અથવા મિથ્યાત્વનું મૂળ છે. તેમાંથી જ અવિરતિ, પ્રમાદ,
કષાય, યોગ આદિ આસ્રવ અને બંધના હેતુઓની
ઉત્પત્તિ છે. હિંસાદિ પાપસ્થાનકોનું મૂળ પણ તે જ છે.
આત્મામાં અનાત્મતા અને અનાત્મામાં આત્મતાનો નાશ
પરમેષ્ઠિ નમસ્કારથી શીઘ્ર સાધ્ય થાય છે, કેમકે
પરમેષ્ઠિ ભગવંતો આત્મભાવથી ભરેલા છે.

શ્રીં

## સાધુઓનું અક્ષયધન

દીપિકા ખલ્વનિર્વાણા નિર્વાણપથદર્શિની ।
શુદ્ધાત્મચેતના યા ચ સાધૂનામક્ષયોનિધિઃ ॥

અર્થઃ શુદ્ધાત્મ ચેતન એ કદી ન ઓલવાય, તેવા મોક્ષમાર્ગને બતાવનારી દીવા છે અને સાધુઓનું કદી ક્ષય ન પામે, તેવું અખૂટ ધન અને અક્ષયનિધાન છે.

## દર્શન - જ્ઞાન - ચારિત્ર

દર્શન એટલે પોતાને પરિપૂર્ણ માનવું.
જ્ઞાન એટલે પોતાને ત્રિકાળિક શુદ્ધ સ્વભાવ તથા વર્તમાનમાં થતી શુદ્ધતા અને રહી ગતી અશુદ્ધતાને જાણવા. ચારિત્ર એટલે પોતાનામાં અત્યારે બાકી રહેતાં અશુદ્ધ એટલે શુભાશુભ ભાવને ઝેર સમાન ગણીને તેને ટાળવાના પુરુષાર્થમાં જ તલ્લીન રહેવું.

## નિત્ય એમ વિચાર કરવો કે...

શરીર એ પર - જડ - રજકણોરૂપ દ્રવ્ય છે.
તે બગડે અથવા તો સુધરે,
તેથી મારું કાંઈ બગડે - સુધરે નહિ.
જીવનું શરીર તો જ્ઞાનશરીર છે.
તે સદા અચળ છે, તે સદા નિરાકુળ છે...

ह्रीँ

તેથી રોગની વેદના મને અસર કે
મારા આત્માને લેઈ શકે નહિ.
હું તો જ્ઞાનસ્વરૂપ શરીરનો જ ભોગવટો કરનારો છું.

સાત ભયો

(૧) આ ભવમાં જીવનપર્યંત અનુકૂળ સામગ્રી રહેશે કે નહિ?
(૨) મરણ પછી પરભવ હશે કે નહિ?
પરભવ હશે તો મારું શું થશે?
(૩) શરીરમાં રોગ થાય, ત્યારે તેની વેદનાનો ત્રાસ.
(૪) આદાનભય અર્થાત્ ચોરી થવાનો ભય.
(૫) અકસ્માત ભય. (૬) અપયશ ભય (અરક્ષા).
(૭) મરણનો ભય.
સાચું જ્ઞાન તે જ ભયોને જીતવાનું સામર્થ્ય છે.
જેમ જેમ મારું જ્ઞાન દૃઢ થતું જાય છે,
તેમ તેમ જીવને થતો ત્રાસ જતો રહે છે.
સાંસારિક સુખ - દુઃખ તો પરવસ્તુથી
લગાવ - અલગાવની કલ્પના જ છે અને તે કલ્પનાથી
કથીત - કલ્પિત લૌકિક માત્ર લાગણી ભ્રમણા જ છે.
પોતાના સાચા જ્ઞાનની દૃઢતાનું ફળ તે
શાંતિરૂપ સાચું સુખ છે અને તે જ એક નિશ્ચય છે.

હ્રીં

## દુઃખ અને તેના કારણો

(૧) દુઃખનું કારણ આકુળતા.

(૨) આકુળતાનું કારણ રાગાદિ કષાયભાવ.

(3) રાગાદિ કષાયભાવનું કારણ સર્વ દ્રવ્યોને અન્ય પ્રકારે પરિણમાવવાની ઇચ્છા.

(૪) એ ઇચ્છાનું કારણ દ્રવ્યો અને તેના ગુણધર્મોના સ્વરૂપનું અજ્ઞાન. કોઈ દ્રવ્યનું પરિણમન કોઈ અન્ય દ્રવ્યને આધીન નથી, એમ જાણી કોઈ પર વસ્તુઓ પ્રત્યે રાગ-દ્વેષ ન કરવા, એ વિશ્વપ્રેમ છે. વિશ્વ = ષટ્દ્રવ્યો અને પ્રેમ એટલે સમાન કે સમભાવ.

તે આવતાં જ જીવને દુઃખ દેવાનો, અગવડ કરવાનો, રક્ષણ કરવાનો, સગવડ લઈ લેવાનો કે એવો કોઈપણ વિકલ્પભાવ રહેતો જ નથી.

## સિદ્ધ ભગવાનનો ઉપકાર

સિદ્ધ ભગવાનના ધ્યાન વડે જીવોને સ્વદ્રવ્ય-પરદ્રવ્ય-સ્વભાવભાવ-વિભાવભાવ-શુદ્ધ સ્વરૂપ-વિકારી સ્વરૂપ, તેનું જ્ઞાન થાય, વિજ્ઞાન થાય અને તે જ્ઞાન પોતાને સિદ્ધ સમાન થવાનું સાધન થાય છે. જીવને સાધવા યોગ્ય પોતાનું શુદ્ધ સ્વરૂપ, તેને

દર્શાવવા માટે સિદ્ધ ભગવાન એક પ્રતિબિંબ સમાન છે.

એક અથવા વધારે જીવ પ્રત્યે રાગ,
તે બાબતો પ્રત્યે તે જ વખતે દ્વેષરૂપ છે,
કોઈક તેમાં બધાને સમાન ગણતા નથી.

જીવ પોતાનું સ્વરૂપ સમજે નહિ, ત્યાં સુધી પર પ્રત્યે રાગ કે દ્વેષ ટાળી શકે જ નહિ, માત્ર તેમાં હીન - અધિકતા થયા કરે. રાગરહિત પ્રેમના સ્વરૂપે જ ભગવાન વીતરાગને ઓળખાય - કરુણાસાગર કહ્યાં છે.

<u>નિમ્નલિખિત મહાપુરુષોના ગ્રન્થો</u>
<u>ભવિજીવોને મોક્ષપંથે જવા ખૂબ ઉપકારક છે:</u>

પૂજ્યપાદ દેવનંદિ - સર્વાર્થસિદ્ધિ.
અકલંક - રાજવાર્તિક, વિદ્યાનંદી - શ્લોકવાર્તિક.
કુંદકુંદ - સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય.
સમંતભદ્ર - રત્નકરંડ શ્રાવકાચાર, આપ્તમીમાંસા.
મલ્લવાદી - દ્વાદશાર નયચક્ર, સં - ૪૨૪.
સન્મતિટીકા - શ્લોક ૭૦૦.
જિનભદ્ર - વિશેષણવતી, વિશેષાવશ્યક.
હરિભદ્ર - શાસ્ત્રવાર્તા, ષડ્દર્શન,
અનેકાંત જયપતાકા, ધર્મસંગ્રહણી.

ह्रीँ

શાસ્ત્રગુણાધિકાર

धन्याः केऽप्यनधीतिनोऽपि
सदनुष्ठानेषु बद्धादरा,
दुःसाध्येषु परोपदेशलवतः
श्रद्धान शुद्धाशयाः ।
केचित्त्वागमपाठिनोऽपि
दधतस्तत्पुस्तकान् येऽलसाः
अत्राऽमुत्र हितेषु कर्मसु कथं
ते भाविनः प्रेत्यहाः ॥१॥

-અધ્યાત્મ કલ્પદ્રુમ, ૭

શાસ્ત્રગુણાધિકારનો અનુવાદ

શાસ્ત્રનો અભ્યાસ કર્યો ન હોય, તો પણ કેટલાક જીવો બીજાના જરા ઉપદેશથી મુશ્કેલીથી સાધી શકાય તેવાં શુભ અનુષ્ઠાનો તરફ આદરવાળા થઈ જાય છે અને શ્રદ્ધાપૂર્વક શુભ આશયવાળા બની જાય છે. કેટલાક આગમના અભ્યાસી હોય અને તેના પુસ્તકો પાસે રાખતાં હોય, છતાં આ લોક - પરલોક હિતકારી કાર્યોમાં આળસુ થઈ પરલોકને હણનારા થાય છે.

-અધ્યાત્મ કલ્પદ્રુમ, ૭

## 'ક્રિયા' એટલે શું?

उभयनिमित्तापेक्षः पर्यायविशेषो द्रव्यस्य
देशांतरप्राप्तिहेतुः क्रिया ।

અર્થાત્: ઉભય નિમિત્ત એટલે કે
અભ્યંતર અને બાહ્ય કારણો દ્વારા
દ્રવ્યને એક દેશથી બીજા દેશની
જે પ્રાપ્તિ થાય છે,
એવા વિશેષ પર્યાય અથવા અવસ્થાનું નામ 'ક્રિયા' છે.

## જ્ઞાની ઋષિઓ શું કહે છે?

आत्मानं रथिनं विद्धि, शरीरं रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि, मनः प्रग्रहः एव च ॥
इन्द्रियाणि हयानाहुः, विषयान् तेषु गोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्तं, भोक्तेत्याहुर्मनीषिणः ॥

અર્થાત્: આત્મા એ રથનો સ્વામી,
શરીર એ રથ, બુદ્ધિ એ સારથિ,
મન એ લગામ, ઇંદ્રિયો એ ઘોડા તથા
વિષયો તે ગતિ કરવાના છે.
આત્મા ઇંદ્રિયો અને મન દ્વારા ભોગ કરે છે,
એમ જ્ઞાની ઋષિઓ કહે છે.

ह्रीँ

## પુરુષાર્થનો અર્થ

તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગને જોડવો, એ પુરુષાર્થ. પુરુષાર્થ દ્વારા કર્મનો ક્ષયોપશમ, કાળલબ્ધિ અને તથાભવ્યત્વ રૂપ કારણો સ્વયંમેવ આવી મળે છે.

વિચાર કરવાની શક્તિ હોય અને રાગાદિ મંદ હોય, તો ઉપદેશાદિ નિમિત્ત પામીને તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ લાગી શકે છે.

ઉપયોગ એ વિચારરૂપ છે, શ્રદ્ધાન એ પ્રતીતિરૂપ છે. વિચારોમાં પરિવર્તન આવે તો ય પ્રતીતિ કાયમ રહી શકે. રોગીને રોગની - ધનીને ધનની પ્રતીતિ કાયમ હોવા છતાં રોગવૃદ્ધિ અને ધનની હાનિની પ્રવૃત્તિ થતી દેખાય છે.

માથાને મુંડાવવાથી કે લોચ કરવાથી કોઈ શ્રમણ નથી બની જતો. ગાયત્રીનો પાઠ કરવાથી કોઈ બ્રાહ્મણ નથી બની જતો. વનમાં વસે અરણ્ય મુનિ અને વલ્કલ પહેરે તે તાપસ, એમ પણ કોઈએ માની લેવાનું નથી.

સમતા ધારે તે શ્રમણ. બ્રહ્મચર્ય પાળે તે બ્રાહ્મણ. જ્ઞાનવાન તે મુનિ. તપસ્વી હોય તે તાપસ. કર્મથી જ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય બનાય છે. શૂદ્ર પણ કર્મથી જ થવાય છે.

કહ્યું છે: અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષ કો, અનુભવ મોક્ષસ્વરૂપ.
આત્મસ્વરૂપ અર્થ કરવો, આત્મસ્વરૂપ જાણવું,
શુદ્ધ સ્વરૂપ અનુભવવું, એ મુખ્ય પ્રયોજન છે.

બૌદ્ધો અદ્વૈતાનંદને લક્ષ્ય રૂપે રાખ્યું છે, તેઓ પણ વાસના (મોહ)નું છેદન કરવા ઉદ્યમ કરી રહ્યા છે. જેઓ કર્મની અનંત શૃંખલામાંથી મુક્તિ મેળવવાની ઇચ્છાવાળા છે, તેઓ પણ વાસનાને છેદી નાંખવા ઇચ્છે છે અને ભગવાનના પ્રેમમાં જેઓ પોતાની જાતને લીન કરી દેવામાં શ્રેય માનનારા છે, તેઓ દરેક પણ વિષય-વાસનાને તુચ્છ ગણવાનો ઉપદેશ કરે છે.

એક સંપ્રદાય કહે છે:

'આત્મ-અનાત્મ વચ્ચે કાંઈ
ખરો ભેદ નથી.
ભેદની પ્રતીતિ થાય છે,
તેનું કારણ અવિદ્યા છે.'

બીજો એક સંપ્રદાય કહે છે:

'આ સંસાર ફરે છે, તેની સાથે બંધાઈને આપણે વાસનાને વશ ફરીએ છીએ, દુઃખી થઈએ છીએ.

એક કર્મની સાથે સાથે બીજા કર્મને,
આમ (અનંત) સંતતીન કર્મશૃંખલા રચતાં જઈએ છીએ.
તે કર્મપાશનું છેદન કરી મુક્ત થવું,
એ જ મનુષ્યનું એક માત્ર ધ્યેય છે.'
ત્રીજો એક સંપ્રદાય કહે છે:
'આ સંસાર ભગવાનની લીલા છે.
આ લીલાના મૂળમાં તેનો પ્રેમ છે, આનંદ છે.
તેને સમજી શકીએ, તેમાં જ આપણી સાર્થકતા છે.'

શું અમૃતતત્ત્વ? શું વિષતત્ત્વ?

અક્રોધ, દયા, મૃદુતા, લજ્જા, તેજ, ક્ષમા, ધૈર્ય, નિર્વૈરતા,
અભિમાનશૂન્યતા, ભક્તસેવા, તીર્થસેવન, વ્રત, ઉપવાસ,
ભગવન્નામ સ્મરણ, ઈશ્વર પ્રણિધાન, ભગવચ્છરણાગતિ,
ભગવત્ પ્રસાદ, દયા, નિર્મળતા, પ્રસન્નતા, સદ્‌ગુણ,
સદાચાર અમૃતતત્ત્વ છે. દુર્ગુણ, દુરાચાર વિષતત્ત્વ છે.

तथा माता जननी, पिता जनकस्तयोः पूजकस्त्रि-
सन्ध्यं प्रणामकरणेन, परलोक-हितानुष्ठान-नियोजनेन,
सकलव्यापारेषु तदाज्ञा-प्रवृत्त्या वर्णगन्धादि
प्रधानस्य पुष्पफलादिवस्तुन उपढौकनेन तद्भोगे
योगेन चाऽन्नादीनामन्यत्र तदनचिन्तादिति।

(परिशिष्ट-२४)

ह्रीँ

उपाध्याय दशाचार्य
आचार्याणां शतं पिता ।
सहस्रं तु पितुर्माता
गौरवेणाऽतिरिच्यते ॥१॥ (परिशिष्ट-२५)

० अपास्ता अशेषा प्राणिवधादयोदोषाः ।
तथा वस्तुतत्त्वमवलोकन्त इत्येवंशीलाः ।
अपास्ताशेषदोषाणां –

एवं विधानां मुनीनां गुणेषु क्षायोपशमिकादिभाव-
वर्जितेषु, शमदमौचित्यगांभीर्यधैर्यादिषु यः पक्षपातो
विनयप्रयोग – वन्दन – स्तुति – वर्णवादवैयावृत्त्य –
करणादिभिः परात्मोभयकृतपूजाजनितश्च –
सर्वेन्द्रियाभिव्यक्तो मनः प्रहर्षः सप्रमोदः प्रकीर्तितः ।

गुणपक्षपाती: = (परिशिष्ट-२६)

गुणेषु सौजन्यौदार्यदाक्षिण्यस्थैर्यप्रियः पूर्व प्रथमाभि-
भाषणादिषु स्वपरयोरुपकारकारणेष्वात्मधर्मेषु पक्षपाती।
पक्षपातस्तु बहुमान – तत्प्रशंसासाहाय्य
करणादिना अनुकूला प्रवृत्तिः ।
गुणपक्षपातिनो हि जीवाः अवन्ध्यपुण्यबीज –
निषेकेणेहामुत्र च गुणग्राम – सम्पदमारोहन्ति ॥

તથા વૃત્તમનાચાર - પરિહારઃ સમ્યગાચાર -
પરિપાલનં ચ, તત્ર તિષ્ઠન્તિ ઇતિ વૃત્તસ્થાઃ ।
જ્ઞાનં હેયોપાદેયવસ્તુ નિશ્ચયઃ તેન વૃદ્ધા મહાન્તઃ
વૃત્તસ્થશ્ચ તે જ્ઞાનવૃદ્ધાશ્ચ તેષાં પૂજકઃ ।
પૂજા ચ સેવાઽભ્યુત્થાનાસનાઞ્જલિદાનાદિ - લક્ષણા ।
પૂજ્યમાના હિ તે નિયમાત્કલ્પતરવ ઇવ
સદુપદેશાદિફલૈઃ ફલન્તિ ॥ (પરિશિષ્ટ-૨૭)

To err is human. By confessing we convert our mistakes into stepping stones for advancement.
- M.K.Gandhi

To die without killing requies more heroism. There is nothing very wonderful in killing and being killed in the process, but the man who offers his neck to the enemy for excution but refuses to bend to his will shows courage for higher purpose. - M.K.Gandhi

There is only one rule for being a good talker: learn how to listen.
- Cristopher Morley

To succeed, you not only need initiative, you also always need finishitive as well. - Anonymous

Envy like a flame blackens
that which is above it and
which it cannot reach.
In all that surrounds him,
the selfishman only sees
the frame of his own portrait.
Hypocrisy is the tribute
which vice pays to virtue.
- La Rochefoucauld

A man can fail many times but he is not a failure until he begins to blame somebody else.
- Anonymous

you have to live a lot of your life with yourself. you may as well learn to enjoy your own company. - Borton

મૈત્રીભાવનું સર્જન કરવા...

For creation of friendly world

World organization can not produce a friendly world: only a friendly world can produce a world organization.

-Samuel grafton

Journalists say a thing that they know is not true in the hope that if they keep on saying it long enough, it will be true.

- Arnold Bennet

Happiness is above all things, the calm, glad certainty of innocence.

- Henrik Ibson

ह्रीं

# નિક્ષેપ વર્ણન

(૧) નામ અને દ્રવ્યથી સ્થાપનાની વિશેષતા.

(a) સ્થાપનાનો આકાર.

(b) કર્તાનો અભિપ્રાય.

(c) દ્રષ્ટાની બુદ્ધિ.

(d) ભક્તવર્ગની નમસ્કારાદિ ક્રિયા.

(e) ક્રિયાના ફળની પ્રાપ્તિ.

(૨) નામ અને સ્થાપનાથી દ્રવ્યની વિશેષતા.

દ્રવ્ય એ ભાવનું પરિણામિ કારણ છે.

અનુપયુક્ત વક્તા - દ્રવ્ય વક્તા, સાધુ દ્રવ્ય દેવ - ઇંદ્ર.

(3) સ્થાપના અને દ્રવ્યથી નામ ભિન્ન ભિન્ન છે.

એ બન્નેથી વિરુદ્ધ ધર્મ છે, માટે

જેમ દૂધ અને તક્ર આદિ શ્વેતત્વથી

અભિન્ન તથા અન્યરૂપથી ભિન્ન છે, તેની જેમ.

(૪) ભાવની જેમ નામાદિ પણ વસ્તુના પર્યાય છે.

'ઇન્દ્ર' શબ્દોચ્ચારણથી નામાદિ ચારેનો બોધ થાય છે,

પછી પ્રકરણાદિથી વિશેષનું પરિજ્ઞાન થાય છે.

(૫) નામાદિ ત્રણ ભાવનાં અંગ છે: જેમ કે જિનનામ.

સ્થાપના: જિનમૂર્તિના દર્શનથી ભાવોલ્લાસ થાય છે.

(a) ભિન્ન વસ્તુગત નામાદિ ભાવના
અનૈકાન્તિક અને આત્યન્તિક કારણ.
(b) અભિન્ન વસ્તુગત નામાદિ એ ભાવ જ તો
અવિનાભૂત જ છે, તેથી વસ્તુ જ છે.

સર્વ વસ્તુ
સ્વઅભિધાનથી નામરૂપ છે: ઘટ નામ.

સર્વ વસ્તુ
સ્વઆકારથી સ્થાપનારૂપ છે: ઘટ આકાર.

સર્વ વસ્તુ
કારણતાથી દ્રવ્યરૂપ છે: માટી - ઠીકરા.

સર્વ વસ્તુ
કાર્યરૂપથી ભાવરૂપ છે: પરાપર કાર્ય ક્ષણ.

(c) અખંડ અને અનિર્વચનીય વસ્તુને વ્યવહારમાં લાવવા માટે ભેદની કલ્પના, એ નિક્ષેપ વ્યવહાર છે.

નિક્ષેપ વ્યવહાર શેનાથી થાય?

નિક્ષેપ વ્યવહાર
શબ્દ સહિત નામ,
અર્થ સહિત દ્રવ્ય તથા ભાવ
અને જ્ઞાન સહિત સ્થાપનાથી થાય.

ह्रीं

અપ્રસ્તુત અર્થનું નિરાકરણ - અવ્યુત્પન્ન.
પ્રસ્તુત અર્થનું પ્રરૂપણ - વ્યુત્પન્નનો સંશય -
વિપર્યય ટળે છે અર્થાત્ દૂર થાય છે.

(a) જાતિ, ગુણ, ક્રિયા, દ્રવ્યાદિ નિમિત્તોની અપેક્ષા વિના
ઇચ્છાનુસાર સંજ્ઞા, તે 'નામ' ઇત્યાદિ.

(b) તદાકાર સ્થાપના : પ્રતિમા - ચિત્ર - મૂર્તિ.
અતદાકાર સ્થાપના : ચેસની રમતમાં જેમ
બાદશાહ - ગુલામ - ઘોડા ઇત્યાદિ તેમ.

(c) ભાવિરૂપમાં યોગ્યતા કે ભૂતનું નિમિત્ત તે દ્રવ્ય છે.

(d) તત્પર્યાય = પ્રાપ્યમાં તત્ વ્યવહાર તે ભાવ છે.

પંડિત પુરુષ અપમાન મળતાં
અમૃત મળ્યા જેવા સંતૃપ્તિ અનુભવે.

The best way to secure future,
happiness is to be as happy as is
rightfully possible today.
- Charles W. Eliot

Take care to get what you like
or you will be forced to like what
you get. - George Bernard Shaw

હ્રીં

'શાંતિપર્વ'માં કહ્યું છે તેમ...

દોષો ભરાવાનો પ્રસંગ આવતાં જે કોઈ
પ્રસન્નતા દાખવે, તે જ્ઞાનના સુકૃત્યોને હરી લે છે.

## શ્રદ્ધા અને બુદ્ધિ

મનુષ્યની અંદરમાં શ્રદ્ધા અને બુદ્ધિ એ બંને તત્ત્વો છે. કોઈમાં શ્રદ્ધા મુખ્ય ભાગ ભજવે છે, તો કોઈમાં બુદ્ધિ. માત્ર બુદ્ધિમાં ઘણા સાચા બાબતો છૂટી જવાનો દોષ અને માત્ર શ્રદ્ધામાં ઘણા અસત્ય વસ્તુઓનો સ્વીકાર થઈ જવાનો દોષ રહેલો છે. એકમાં સ્વાશ્રયાત્મક લૌકિક અનુભૂતિમાં પ્રકૃતિનું ભાન રહે દોષરૂપ છે તથા જ્ઞાનમાં પરાશ્રયાત્મક લૌકિક શક્તિ બુદ્ધિવિકાસનો પણ નાશ થાય છે.

જેમ માટીનો ઘડો ઘીના સંયોગાદિ 'ઘીનો ઘડો' કહેવાય છે પણ તે ઘીનો નહિ, માટીનો છે, તેમ જડ પુદ્ગલના સંયોગાદિ જીવ નર-નારકાદિરૂપ કહેવાય છે પણ તે જડરૂપ નહિ, શુદ્ધ ચૈતન્યરૂપ છે. જેમ ઘીનો ઘડો વ્યવહારથી ઘીનો ઘડો છે, નિશ્ચયથી માટીનો છે, તેમ નર-નારકાદિ જીવની અવસ્થા વ્યવહારથી પુદ્ગલના સંયોગ સંબંધથી છે, નિશ્ચયથી=પરમાર્થે નહિ.

श्रीं

## શ્રી અરવિન્દનું તત્વજ્ઞાન

ઘણુંય મહાશયોને પ્રભુના દર્શનની ઈચ્છા થાય છે,

કિન્તુ

જો તેને આપણે એમ કહીએ કે

પાંચ જ મીનીટ માટે આંખોનું મટકું પણ માર્યા વગર

બન્ને આંખને ખુલ્લી રાખો,

તો તે પણ તેનાથી બની શકતું નથી.

૦ પાંચ મીનીટ પણ જો ઈન્દ્રિયસ્થ ન રહી શકે,

તો પ્રભુનાં દર્શન કેવી રીતે થઈ શકે?

તે સમજવું સહેલું છે.

સર્વ કાર્ય - કર્મ - ક્રિયાને વિષે અહંબુદ્ધિ વડે રહેલા મમતા છોડીને શુદ્ધ ચિદાનંદ સ્વભાવમાં જ રમી રહે, તે સમયે જીવ આત્મશક્તિ વડે જગતને જીતી, જગતથી નિરાળો થઈ જાય છે. કર્મનો કર્તા આત્મા નથી, તેથી કર્મ આત્માનાં કરેલાં નથી. ચેતનાનાં શુદ્ધ - અશુદ્ધભાવનો કર્તા ચેતન છે, બાકી કંઈ નથી. જ્ઞાન - દર્શનને ઢાંકવું અને વર્ણગંધાદિરૂપે પરિણમવું,

એ બન્નેનો કર્તા પુદ્ગલ દ્રવ્ય જ છે.

એક કર્મપીંડનો અને બાકી પુદ્ગલદ્રવ્યનો વિલાસ છે.

આમ જીવ એ કર્મનો કર્તા નહિ પણ...
ઉદયમાં આવેલા કર્મનો તમાશો જોનાર માત્ર જ્ઞાતા છે.
જ્ઞાની જ્ઞાનભાવ કરી જાણવારૂપ કાર્ય કરે,
અજ્ઞાની 'હું કર્તા છું' એમ માની અજ્ઞાનભાવ કરે.
દ્રવ્યરૂપ જે કર્મ, તેને તો પુદ્ગલ જ કરે, એ સ્પષ્ટ છે.
'આત્મા ગુણી છે અને જ્ઞાન ગુણ છે'
એવો ભેદવિચાર પણ જેને રહ્યો નહિ એવી
વિકારમાત્રને, વ્યાકુળતામાત્રને જે મનમાંથી કાઢી નાંખે,
તે શુદ્ધ, અનુભવી, આત્મધ્યાની, કેવળજ્ઞાની બને છે.
અનુભવ, પ્રમાણ, પુરાણ, જ્ઞાતા, ભગવાન, વિજ્ઞાનઘન,
પરમ પવિત્ર નયઆક્રાંત 'શ્રુતજ્ઞાન', તે પરોક્ષ છે,
અનુભવ પ્રત્યક્ષ છે, તેથી જ પરમાત્મપદ ઓળખાય છે.
કર્મ કરનાર 'કર્તા' - જાણનાર 'જ્ઞાતા' કહેવાય.
કર્તા તે જ્ઞાતા નહિ - જ્ઞાતા તે કર્તા નહિ.
અજ્ઞાની કર્તા છે, જ્યારે જ્ઞાની અકર્તા છે. જ્ઞાનભાવ
અને મિથ્યાત્વભાવ (રાગ-દ્વેષ-મોહ) એક કહેવાય નહિ.
રાગાદિભાવ જ્ઞાનમાં દેખ નહિ, તેથી જ્ઞાન એ કર્મથી
અતિરિક્ત ભિન્ન છે. જીવ એકતા લઈને તથા પુદ્ગલ
અનંતતાને લઈને રહ્યાં છે, તેથી પણ તે બે એક નહિ.

હ્રીં

આત્માની રાગાદિ વિભાવનો કર્તા છે, પુદ્ગલ કર્મનો નહિ.

જે નગરમાં ધર્મરાજ વર્તતા હોય,
ત્યાં નીતિ જ હોય. ધર્મમતિ થયા પછી અન્ય દ્રવ્યનું
કર્તા - ભોક્તાપણું તથા અનીતિ - અન્યાય હોય નહિ.

જેમ કાંજીના જલસ્પર્શથી દૂધ ફાટી જાય છે,
તેમ મમતાથી પરમાર્થ નાશ પામે છે.

આત્માનું રૂપ દેહમાં દીઠું નહિ,
તેથી કર્મરસ વ્યાપી ગયો છે અને આત્માનું સ્વરૂપ
(શુદ્ધ ભાવ) દબાઈ રહ્યું છે. જેણે મમત્વનું નિવારણ કર્યું
અને સ્થિરતા પામ્યો, તે સુસાધુ છે.

પરસ્વરૂપને જે મારું માને, તે મિથ્યાત્વ છે.

જેમાં વિકલ્પ નહિ તે નિર્વિકલ્પ અને
જેમાં ઉપાધિ નહિ તે નિરૂપાધિ. એવા સમાધિથી સગુણ
એટલે જ્ઞાનાદિ ગુણમય થઈને મોક્ષમાર્ગને જુએ છે.

પતંગના ઉંદરડા નાચી - નાચીને મરી જાય છે, તેમ
સંસારી જીવ સંસારનાં નાચ નાચીને અંતે મરી જાય છે.

વિષય - કષાયમાં મનની લાગણી છે, તે કાઢી નિજ
શુદ્ધાત્મના અનુભવમાં લગાડીને મનને અવિચલ કરીએ.

રાગ-દ્વેષાદિક ભાવને સ્વરૂપ ન માને, તે ૮ કર્મ ન બાંધે.

० જેનો વિસ્તાર મોટો, તે બ્રહ્મ.

० વૈરાગ્ય એટલે રાગ-દ્વેષ-મોહની દશાથી ભિન્નતા.

० ભવ કર્મને બાંધે - કર્મ ભવને ન બાંધે.

० સ્વાત્માનું સેવન સર્વ ભાવ વડે કરવું.

પરમેષ્ઠિનું સેવન કપટરહિતપણે કરવું. ગુરૂએ આપેલ શેષ અન્નનું ભોજન, તે જ સાચું ભોજન જાણવું.

० પરોક્ષમાં બહુ કાર્ય કરે, તે જ જિન જાણવો.
દંભરહિત કરાય, તે જ સાચો ધર્મ જાણવો.

० ભાન ભયો વિચારમેં, ઉક્તિ ન ઉપજે કોઈ (તત્ત્વદૃષ્ટિ),
દીન ભયો પ્રભુપદ જપે, મુક્તિ કહાં સો હોઈ ?

'निःश्रेयसमधिरोहकाणेन स्वपर-समयानभिज्ञस्य
स्वपरोपकाराद् इतितव्यम्।'

- શ્રી નંદીસૂત્ર પૃષ્ઠ-૧ (પરિશિષ્ટ-૨૮)

## ઔષધિનું સામર્થ્ય

विंशत्यौषधसामर्थ्यात् पारदस्यैककर्षके ।
सुवर्णस्य कर्षशतं तौल्यैककर्षाधिकं न तत् ॥१॥
पुनरौषधसामर्थ्यात् तद्द्रव्यं जायते पृथक् ।
सुवर्णस्य कर्षशतं पारदस्यैककर्षकः ॥२॥

- द्रव्यलोकप्रकाश सर्ग २, श्लोक ४७-४८ (પરિશિષ્ટ-૨૯)

'મિથ્યાત્વ' એટલે...
પરના અને પોતાના અસ્તિત્વ (અવિશેષ)ની માન્યતા.

'અજ્ઞાન' એટલે...
પરનું અને પોતાનું અવિશેષ જ્ઞાન.

'અવિરતિ' એટલે...
પરની અને પોતાની અવિશેષ લીનતા.

જ્ઞાનનું ફળ વિરતિ છે એટલે કે સ્વરૂપસ્થિરતા છે.
જ્યાં જ્ઞાતૃભાવ, ત્યાં શુદ્ધ ચારિત્રની ચાલ પમાશે,
તેથી જ્ઞાન અને વૈરાગ્ય સમકાલે શિવમાર્ગ સાધે છે.

મૂઢ એ કર્મનો કર્તા થાય છે, જ્યારે
જ્ઞાનીને તો નિર્જરાનું કર્તાપણું પ્રાપ્ત થાય છે.

અજ્ઞાનીનો ભવ એ માન્યતા ઉપર રચાયેલો છે કે:
'પરથી પોતાને સગવડ થાય'.

જ્ઞાનને વિષે પણ દૃષ્ટિ આપી અને વિષયભોગમાં
પણ પ્યાર રાખે, એવી બે ક્રિયા એક આત્મામાં ન બને.

0 સત્ અર્થાત્ સત્યના વિરોધનું ફળ નિગોદ જ છે.

0 કર્મવર્ગણાથી બંધ બંધાતો નથી, સિદ્ધોની જેમ.
મન - વચન - કાયાના યોગથી
બંધ બંધાતો નથી, કેવલીની જેમ.

યતન - અયતનની હિંસાદિ જીવ બાંધતો નથી,
ઉપયોગવંત મુનિની જેમ.
પંચેન્દ્રિયના વિષયાદિ જીવ બાંધતો નથી,
જ્ઞાતા અને જ્ઞાનીની જેમ.
માત્ર રાગ-દ્વેષ, મોહ અને બંધરૂપ
અશુદ્ધ ઉપયોગાદિ જ જીવ બાંધાય છે.
આળસ અને નિરુદ્યમની ભૂમિકા મિથ્યાત્વ છે.
તે દશામાં જીવ મોહનિદ્રા લેતો થકો
પોતાના સ્વરૂપને સંભારતો નથી.
પરવસ્તુને પોતાની કરીને માનવી,
તે જ પુરુષની અશુદ્ધતા અને બંધનું કારણ છે.
વિચક્ષણ પુરુષ ત્રણે કાળને વિષે અબંધક છે,
કારણ કે તેને પરવસ્તુ પ્રત્યે રાગ-દ્વેષ - મોહ નથી.
સ્વ-સ્વરૂપને સંભારવું, તે પરમ ધર્મ છે.
પૃથ્વીમંડળ ઉપર નદીનો પ્રવાહ એકરૂપ છે અને તે
જ નદીના પ્રવાહમાં પાણીનું વહેવું અનેક તરંગનું છે,
તેમ આત્મદ્રવ્ય એક છે, તેને પુદ્ગલદ્રવ્યનો સંયોગ
અનેક તરંગનો છે. તેનો રસ ષટ્ગુણહાનિવૃદ્ધિ અનંત છે,
તેના સંયોગાદિ વિભાવની ભરણી છે.

પરસંયોગ વિના સ્વસ્વભાવમાં રહેલો જીવ શુદ્ધ છે,
પરના સંયોગાદિ જીવ અશુદ્ધ છે. વેદાંતવાદીનો મત છે:
'જ્યાં સુધી એક વસ્તુનો આકાર જ્ઞાનમાં પ્રતિભાસે છે,
ત્યાં સુધી બ્રહ્મસિદ્ધિ ન કહેવાય' તે અસત્ય છે.
એકવસ્તુનો આકાર પ્રતિભાસે છે, તો પણ જે વસ્તુનો
જેવો સ્વભાવ હોય, તેવો જ રહે - તે કદી મટે નહિ.
જે દૃષ્ટિ વસ્તુસ્વભાવ જાણી, તે શુદ્ધ દૃષ્ટિ છે.

જે સમ્યક્ત્વવંત છે,
તે સહજ સ્વભાવનો ઉચ્છેદક ન હોય.

જેના હૈયામાં કુમતિકુબજા વસે, તે તો અલખ આત્માનો
અજાણ છે અને જેના હૈયામાં સુમતિ રૂપી રાધિકાનો
વાસ છે, તે જ સમકીતવંત બુદ્ધિ કહેતો જ્ઞાતા કહીએ.

જ્ઞાનાદિ વસ્તુનો મર્મ જાણી,
ક્રિયાદિ પોતાના વસ્તુસ્વભાવમાં સ્થિર હોય.

જ્ઞાન જીવને જગાવે છે, જ્યારે
માત્ર ક્રિયા જીવને સંસાર ભૂલાવે છે.

જે જે મુનિરાજ પ્રમાદદશામાં છે, તેને તો શુભાચાર
કે શુભક્રિયાનું આલંબન લીધાદિ જ કાર્ય સિદ્ધ થાય છે.
જેને હિતકારી માને તેના ઉપર હેત આવે છે.

ह्रीँ

## આત્માની મુખ્ય શક્તિ બે છે:

એક ચેતના અને બીજું વીર્ય.

તે બંને શક્તિઓ એવી રીતે સંકળાયેલી છે કે એકના
વિકાસ વિના બીજાનો વિકાસ અધૂરો જ રહી જાય.

## ધર્મ એ શેનો વિષય છે?

ધર્મ એ પરિષદનો નહીં, પરન્તુ ઉપનિષદનો વિષય છે.

ધર્મનો આરંભ શ્રદ્ધાથી છે,
પરન્તુ એનો અંત અનુભૂતિમાં છે.

ધર્મ એ બુદ્ધિ કરતાં વિશેષ શ્રદ્ધાનો વિષય છે.

ધર્મ એટલે ચેતનામાં સ્વભાવથી જ રહેલ પ્રભુ પ્રત્યે
અને દિવ્ય સત્ય પ્રત્યે જવાની ઉચ્ચગામી અભિલાષા.

સંકુચિત ધર્મ કદી શાશ્વત ન હોય.

જડવાદ ઉપર વિજય પ્રાપ્ત કરે, તે જ શાશ્વત ધર્મ.

'મનુષ્યમાત્રની ગતિ પ્રભુ તરફ છે'
એવું જે શીખવે છે, તે જ શાશ્વત ધર્મ છે.

ધર્મ જીવનમાં પાલન માટે છે, પ્રવચન માટે નહિ.

ધર્મનું સ્થાન આપણા સૌનું હૃદય છે.

ધર્મનું સ્થાન કાંઈ આપણું શાસન નહિ.

સાચો ધર્મ તલવારથી નહિ, પરન્તુ મૌનથી સ્થપાય છે.

એક પ્રભુને છોડીને બાકી કોઈ જીવની સાથે
પરિપૂર્ણ આત્મસમદર્શિત્વનો સંબંધ ધરાવી શકતો નથી,
તેથી જીવનો નિકટનો સ્નેહી કોઈ હોય,
તો જેઓ રાગ-દ્વેષાદિ સર્વથા, પર થયેલા છે,
તે એક શ્રી વીતરાગ ભગવંત જ છે.

(૧) <u>શુક્લ-વિશુદ્ધ</u>: અભિન્ન ચારિત્રી, અમત્સરી, કૃતજ્ઞ,
સદારંભી, હિતાનુબંધી, નિરતિચાર ચારિત્રી.

(૨) <u>શુક્લાભિજાત્ય-પરમ વિશુદ્ધ</u>: અકિંચન, આત્મનિષ્ઠ,
સદાગમ વિશુદ્ધ. અર્થ નીચેના શ્લોક પ્રમાણે સમજવો.)

'આકિંચન્યં મુખ્યં બ્રહ્માતિપરં સદાગમવિશુદ્ધમ્ ।
સર્વં શુક્લમિદં ખલુ નિયમાત્સંવત્સરાદૂર્ધ્વમ્ ॥'
(પરિશિષ્ટ-૩૦)

<u>ગુણીજનોના પાંચ પ્રકાર</u>:

(૧) માનનીય = સાધારણ ગુણીની ટોચે રહેલ.
(૨) આદરણીય = અસાધારણ ગુણી ધરાવનાર.
(૩) વંદનીય = તેજસ્વી-પ્રતાપી (૪) પૂજનીય = ઈષ્ટદેવ
(૫) નમનીય = શરણાગમન યોગ્ય.

'તેજાશ્રિતા - સુખલાભ - લક્ષણમ્ ।'
<u>અર્થાત્</u>: ચિત્ત - સુખની પ્રાપ્તિસ્વરૂપ તેજ છે.

હ્રીં

## સમાજમાં વસતા માનવીઓના ત્રણ પ્રકારો:

(૧) સભ્ય = પ્રવેશ કરવા યોગ્ય (ઇચ્છાઓના માલિક)

(૨) શિષ્ટ = માનનીય (ભગવાનનું નામ સર્વોપરિ)

(3) શ્રેષ્ઠ = અધિકારી (ભગવાનનો પોતાના અંતરમાં વાસ).

જીવન એટલે કામનાઓ.

કામનાઓની ગુલામી નહિ પણ માલિકી એટલે સભ્યતા.

શિષ્ટતા એટલે કૃતજ્ઞતા.

શ્રેષ્ઠતા એટલે સમર્પણતા.

જેમણે ઇંદ્રિયોને વશ કરી નહિ,
મન શુદ્ધ કર્યું નહિ, રાગ-દ્વેષ જીત્યા નહિ,
નિર્મળત્વ કર્યું નહિ, સમતાની સાધના કરી નહિ અને
ગતાનુગતિકપણે ધ્યાનનો આરંભ કરે છે,
તે મૂઢ બુદ્ધિઓ ઉભયલોકના માર્ગથી ભ્રષ્ટ થાય છે.
માટે સૌ પહેલાં આપણી ઇંદ્રિયોને જીતવી જોઇએ,
આપણું મન શુદ્ધ કરીને રાગ-દ્વેષને જીતવા જોઇએ,
મનમાં નિર્મળતા કેળવવી જોઇએ,
અંતરમાં સમતાની સાધના કરવી જોઇએ
અને એ પછી જ
ધ્યાનનો આશ્રય લેવો જોઇએ.

ह्रीँ

મૈત્ર્યાદિભાવો પણ ભક્તિ સ્વરૂપ જ છે.
ચૈતન્યની ભક્તિ એ બ્રહ્મની જ ભક્તિ છે.
એ દ્વારા પરમાત્માની જ ભક્તિ થાય.

આત્મસ્વભાવને જોનાર, જાણનાર, તેમાં રમણ કરનાર, સ્થિરતા કરનાર, અનુભવ કરનાર તથા શુદ્ધ તત્ત્વની પરિણતિયુક્ત આત્માના ઉપયોગરૂપ ધ્યાનનું પરિણમન એ 'શમ' છે.

(૧) ઉચિત પ્રવૃત્તિવાળા વ્રતધારીનું શાસ્ત્રોક્ત મૈત્રી વગેરે ભાવ સહિત જીવાદિ તત્ત્વોનું ચિંતન, તે 'અધ્યાત્મ' છે.

(૨) તેનો જ વૃદ્ધિ પામતો અભ્યાસ તથા કામ - ક્રોધાદિ અશુભ અભ્યાસથી નિવૃત્તિ, તે 'ભાવના' છે.

(૩) પ્રશસ્ત એવો એક પદાર્થના જ વિષયવાળો સ્થિર દીવા સમાન સૂક્ષ્મ ઉપયોગસહિત બોધ, તે 'ધ્યાન' છે.

(૪) અજ્ઞાનથી કલ્પેલા ઇષ્ટાનિષ્ટપણાનો ત્યાગ કરીને શુભાશુભ વિષયોનો સમાનપણે વિચાર, તે 'સમતા' છે.

(૫) અન્ય દ્રવ્યના સંયોગથી થયેલી મન દ્વારા વિચારરૂપ વિકલ્પ અને શરીર દ્વારા પરિસ્પંદ - ચલન ક્રિયારૂપ વૃત્તિઓનો પરિસ્પંદ ફરીથી ઉત્પન્ન ન થાય, તે નિરોધવૃત્તિ અથવા વૃત્તિસંક્ષય યોગ છે.

શ્રીં

ચારિત્ર = ચિત્તનો અન્યથા ભાવ.

જ્ઞાન = તત્ત્વનો અવબોધ.

ધ્યાન = સજાતીય પરિણામની ધારા.

તપ = ઇચ્છાનિરોધ લક્ષણ (૧૨ પ્રકારે).

સમ્યક્ત્વ = તત્ત્વનું શ્રદ્ધાન, રૂચિ.

શમ = સમત્વ, રાગ-દ્વેષનો અભાવ.

ત્રણ પ્રકારના વાદ

તત્ત્વજ્ઞાનનો અર્થી પૂછે અને તત્ત્વજ્ઞ કહે, તે ધર્મવાદ, જ્યાં કંઇ નહિ, વાણીનો શોષ માત્ર થાય, તે શુષ્કવાદ અને જ્યાં પરવાર્તાદિ કાર્યની હાનિ થાય, તે વિવાદ.

વિદ્યા - વિનય - સંપન્ને

બ્રાહ્મણે - ગવિ - હસ્તિનિ ।

શુનિ ચૈવ શ્વપાકે ચ

પણ્ડિતાઃ સમદર્શિનઃ ॥

ઇહૈવ તૈર્જિતઃ સર્ગો

યેષાં સામ્યે સ્થિતં મનઃ ।

નિર્દોષં હિ સમં બ્રહ્મ

તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ ॥

ભગવદ્ ગીતા, અ૦ ૫/૧૮-૧૯ (પરિશિષ્ટ-૩૧)

સમાધિયોગ ઉપર ચઢવાને ઈચ્છતો મુનિ બાહ્યક્રિયા અને આચારને પણ સેવે છે. તે પ્રીતિ, ભક્તિ તથા વચનરૂપ શુભ સંકલ્પમય ક્રિયા વડે અશુભ સંકલ્પને દૂર કરતો આરાધક હોય છે. યોગારૂપ ગિરિશિખર ઉપર ચઢેલો પુરુષ અંતર્ગત ક્રિયાવાળો ઉપશમથી જ શુદ્ધ થાય છે. સિદ્ધયોગી રાગ-દ્વેષના અભાવરૂપ ઉપશમથી જ કૃતાર્થ છે.

તેને અસંગ ક્રિયા છે, તે લક્ષ્યરૂપ છે,

પરન્તુ આલંબનરૂપ નહિ.

એટલી વિશેષતા છે કે ત્યાં એકાંત 'અભેદ' કરે છે અને

અહીં નયના ભેદે નયની વાસના માર્ગાનુસારી છે.

જે એક નય પક્ષપાતી છે, તે સિદ્ધાંતનો અજાણ છે - (અદૃષ્ટ સિદ્ધાંત). પરને વિષે મન, તે ચિન્તાસ્વરૂપ છે.

આત્માને વિષે મન, તે સમાધિરૂપ છે.

વિચારરહિત કેવળ રાગ, વિચારરહિત કેવળ દ્વેષ.

મધ્યસ્થ દૃષ્ટિથી વિચારપૂર્વક સ્વસિદ્ધાન્તનો આદર અને પરસિદ્ધાન્તનો ત્યાગ ઉપાદેય છે. યદ્યપિ મૈત્રીભાવના સર્વ વિષે છે, તો પણ પ્રવૃત્તિને અનુકૂળ ભાવના અપુનર્બંધકાદિ આશ્રિત કરી છે. માર્ગ એટલે સાપને પોતાના દરમાં પેસવાની જેમ ચિત્તનું સરળ પ્રવર્તન.

ॐ

કરુણામૂલક જીવનચર્યા સરળ બને છે.

કરુણા - દયા - પ્રેમ એકાર્થક છે.

આત્મ કરુણાનન્દ છે, તેથી

અને કરુણા આત્મનન્દ છે, તેથી પરસ્પર અનુવિદ્ધ છે.

કોઈપણ પરમાર્થના કાર્ય માટે કરુણા પહેલા જોઈએ.

પહેલા કરુણા, પછી આત્મ, પછી સત્તા.

સ્વાર્થમાંથી પરાર્થમાં અને

પરમાર્થમાંથી સર્વાર્થમાં જવાનો ક્રમ છે.

ક્રમનું પણ મહત્વ છે. ચૂલો, તપેલી, પાણી અને ચોખાને

બદલે ચૂલો, ચોખા, પાણી અને તપેલી ઉત્ક્રમ છે.

વિચારમાં નિષ્ઠા હોવી જોઈએ, અહંતા નહિ.

વિચાર નહિ મારો કે નહિ તમારો.

આકાશ જેમ વ્યાપક છે, તેમ વિચાર પણ વ્યાપક છે.

વિચારમાં આગ્રહતા નહિ પણ સંગ્રાહકતા જોઈએ.

અનાગ્રહમાં અહંતા નહિ.

વિચાર સત્યનિષ્ઠ હોવો જોઈએ, પક્ષનિષ્ઠ નહિ.

આચારની ભૂમિકા જેટલી ઊંચી,

તેટલું વિચારનું દર્શન વ્યાપક ગહનું.

o

Love thy neighbour as thyself.

ह्रीं

## સ્વસમય તથા પરસમય એટલે શું ?

સ્વસમય એટલે સ્વદર્શન.

પરસમય એટલે પરદર્શન.

જે સ્વપર્યાય તે સ્વસમય.

અનેકાન્તવાદ તે સ્વસમય.

પરપર્યાય તે પરસમય.

પર એટલે પૌદ્ગલિક.

જેટલા નયવાદો તેટલા પરસમયો.

ચિત્તભિત્તિં ન નિજ્ઝાએ, નારિં વા સુઅલંકિઅં
ભક્ખરં પિવ દટ્ઠૂણં, દિટ્ઠિં પડિસમાહરે ॥૧॥

- દશ૦ અધ્ય૦ ૮, ઉદ્દે૦ ૨ (परिशिष्ट-३२)

'સત્ય' એટલે...

જે પ્રાણ, પદાર્થ અને મુનિને હિતકર હોય છે તે.

૦ સ્થાપનાની પ્રવૃત્તિ સજાતીય અને સદોષમાં ન હોય.

વીતરાગતામાં બે અર્થ રહેલા છે:

(૧) આત્મસમદર્શિત્વ ઉચિત સમ્યક્ત્વ.

(૨) આત્મસમવર્તિત્વ સ્વરૂપરમણતા ઉચિત ચારિત્ર.

આત્મસમદર્શિત્વના કારણે જીવાત્મા પ્રભુ સાથે ભાવ-સંબંધને સહેલાઈથી બાંધી શકે છે.

આત્મસમદર્શિત્વ એ જ જ્ઞાનક્રિયા.

આત્મસમદર્શિત્વ અને પરમાત્મદર્શિત્વ -
એ નવકારનાં પ્રયોજન છે.
ઉભયલોકનાં સુખ એ તેનું ફળ છે.

આત્મસમદર્શિત્વ એ ધર્મધ્યાનનું બીજ છે,
પરમાત્મદર્શિત્વ એ શુક્લધ્યાનનું બીજ છે.
નવકારમાં ઉભયનાં બીજ રહેલાં છે.

નવકારનું પ્રથમ પદ યોગ - અધ્યાત્મ બંનેથી ભરેલું છે.
'નમો' પદ એ યોગનું બીજ છે તથા
'અરિહંતાણં' પદ એ અધ્યાત્મનું બીજ છે.

યોગ ચિત્તસ્થૈર્યરૂપ છે, અધ્યાત્મ ચિત્તવિશુદ્ધિરૂપ છે. પ્રથમ પદના જાપથી ચિત્તની વિશુદ્ધિ પણ થાય છે અને ચિત્તની એકાગ્રતા પણ સધાય છે. નવકાર એ ભક્તિનું કવચ છે, જેમ Rain Coat. સંસારમાં ચારે બાજુથી વિષયોના વરસાદની ઝડીઓ આવ્યા જ કરે છે. એ ઝડીઓથી પલળી જાય તેને શરદી, ટાઢ, ધ્રુજારી અને તેમાંથી ન્યુમોનીયા પણ થઈ આવે.

ભક્તિનું કવચ પહેર્યા પછી વિષયોનો વરસાદ ધોધમાર પડતો હોય, તો પણ કશી જ અસર થતી નથી.

શ્રીँ

સર્વાર્થ માટે સમદર્શિત્વ તથા તે માટે પરમાત્મદર્શિત્વ.
પરમાત્મસમદર્શિત્વ અને આત્મસમદર્શિત્વ-
એ ધર્મનું મૂળ છે, ધર્મનો પાયો છે.
यतोऽभ्युदय - निःश्रेयस - सिद्धिः स धर्मः ।
यतः सर्व - प्रयोजन - सिद्धिः सोऽर्थः ।
यत आभिमानिकरसानुविद्धा-सर्वेन्द्रिय-प्रीतिः स कामः ।
(પરિશિષ્ટ-૩૩)

तथा वस्त्ववस्तुनोः कृत्याकृत्ययोः स्वपरयो
विशेषमन्तरं जानाति, निश्चिनोतीति विशेषज्ञः ।
अविशेषज्ञो हि पुरुषः पशोर्नातिरिच्यते ।
अथवा विशेषमात्मन एव गुणदोषादिरोह -
लक्षणं जानातीति विशेषज्ञः ।
तथा कृतं परोपकृतं जानाति न निह्नुते स कृतज्ञः,
एवं हि तस्य कुशललाभो (भवति)
सदुपकारिणो बहुमन्यते ।
तथा सह दयया दुःखितजन्तुदुःखत्राणाभिलाषेण वर्तते
इति सदयः । धर्मस्य दयामूलमिति बुधा मनन्ति ।
तदवश्यं दयां कुर्वीत ।
परोपकारपरो हि पुमान् सर्वस्य अमृताञ्जनम् ।
(પરિશિષ્ટ-૩૪)

જ્ઞાનાદિ રત્નો વડે આત્મારૂપી સમુદ્રની સદા ય પૂર્ણતા છે. ઉપાધિની પૂર્ણતા જાય પણ સ્વભાવની પૂર્ણતા કદાપિ ન જાય. જેમ સુખી સર્વને સુખી જાણે છે, તેમ પૂર્ણ બધાને પૂર્ણ જુએ છે. કૃપણ, દીનસત્ત્વ, લોભી પરિગ્રહનું ઉપાર્જન સવિકલ્પ - ઉપેક્ષા નિર્વિકલ્પ છે. આત્મદ્રવ્યના શુદ્ધ જ્ઞાનાદિ પર્યાયની પૂર્ણતા સદા અવસ્થિત છે. ત્યાં પુદ્ગલ સંકલ્પિત અપૂર્ણતા જણાતી નથી, પરંતુ પરમ ઉપેક્ષા વડે સ્ફુરાયમાન સ્વરૂપવાળી પૂર્ણતા જ પ્રકાશે છે. આત્મદ્રવ્યમાં આત્મપણાનું સુખ નિરપેક્ષ અનવચ્છિન્ન આનંદ વડે પૂર્ણ થયેલ જ્ઞાનીને

ઈન્દ્ર કરતાં પણ ન્યૂનતા નથી.

સ્વભાવસુખ સર્વને સરખું છે,

ત્યાં કોઈનામાં પણ ન્યૂનતા કે અધિકતા નથી.

o પંચ પરમેષ્ઠિમાં સ્વ-આત્મા અને સ્વ-આત્મામાં પંચ પરમેષ્ઠિ દેખાય, ત્યારે નવકાર સિદ્ધ થયો સમજવો. એ જ રીતે સર્વ જીવોમાં પોતાનો આત્મા અને

પોતાના આત્મામાં સર્વ જીવો દેખાય,

ત્યારે સામાયિકનો અભ્યાસ સિદ્ધ થયો માનવો.

સામાયિક એટલે આત્મા અને આત્મા એટલે સામાયિક.

નવપદ એટલે ચારિત્રધર્મરૂપ આત્મા.
આત્મા એટલે શ્રુતધર્મરૂપ નવપદ.

નવપદમાં આત્મા અને આત્મામાં નવપદ જાણવા, તે શ્રુતધર્મનો સાર. સર્વ જીવોમાં પોતાનો આત્મા અને આત્મામાં સર્વ જીવોને જોવા, તે ચારિત્રધર્મનો સાર છે. બંને પરસ્પર પૂરક એટલા માટે છે કે નવપદ સામાયિકમય છે અને સામાયિક અંતે નવપદમય છે. એટલે પરસ્પરનો અંતર્ભાવ જે કરી જાણે, તે જ જ્ઞાની - ગીતાર્થ - શાશ્વત છે,

તેણે જ રત્નત્રયીનો સાર મેળવ્યો છે, ઉપરાંત
તેણે જ રત્નત્રયીનું ફળ પ્રાપ્ત કર્યું છે.

જ્ઞાન એ દૂધ છે, અસ્થિરતા એ આમ્લદ્રવ્ય છે, લોભનો વિક્ષોભ એ કુચા છે. અસ્થિરતારૂપી ખાટા પદાર્થના સંયોગથી
જ્ઞાનરૂપી દૂધ નાશ પામે છે.

સંકલ્પરૂપી દીપ ઝળહળાર પ્રકાશ કરે છે અને
વિકલ્પરૂપી ધૂપથી ચિંતારૂપી ગૃહને મલીન કરે છે.

કૃષ્ણપક્ષ એટલે અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસારમાં પરિભ્રમણની શક્તિ. કળા એટલે ચૈતન્યનો પર્યાય.

મહારસની અંતિમ નોંધ કાંઈ રોટલા ભેગા થવાની નથી,
પરન્તુ જાત ભેગા થવાની છે.

તે માટે સદા પ્રકાશક એવો નિષ્કલંક સ્થિરતારૂપી દીપ જ આદર કરવા યોગ્ય છે. ચિત્તની સંક્લિષ્ટ વૃત્તિના નિરોધને 'સંપ્રજ્ઞાત યોગ' અને સંક્લિષ્ટ - અસંક્લિષ્ટ ઉભય વૃત્તિઓના નિરોધને 'અસંપ્રજ્ઞાત યોગ' કહે છે. સિદ્ધમાં જે ભાવ હોય, તે જાતિસ્વભાવ ગુણ કહેવાય.

સિદ્ધમાં સ્થિરતા ગુણ છે, માટે સર્વ પ્રકારે
તેની સિદ્ધિ માટે પ્રયત્ન કરવો, એ ઉપદેશ છે.

કર્મ પરિણામ એ રાજા, તેની રાજધાની એ ભવચક્ર રૂપી નગર, એકેન્દ્રિય - વિકલેન્દ્રિયાદિ એ નગરની પોળો,
પુદ્ગલ એ દ્રવ્યનું જન્મ - જરાદિ નાટક.

આ બધાને આ રીતે જોનારો ખેદ પામતો નથી.

પર વસ્તુઓમાં આત્મભાવને આરોપીને સુખ માનવું, તે મોહમૂઢતા છે. અનારોપિત સુખનો અનુભવ કરનાર યોગીઓ પણ આરોપપ્રિય લોકોને વિષે સહજ સુખનું સ્વરૂપ સમજાવી શકતા નથી. વાણી વડે વર્ણન કરવા શક્ય નહિ હોવાથી તેઓ આશ્ચર્યાન્વિત થાય છે.

ભાવનાજ્ઞાન = આગમ + શ્રુતયુક્તિથી વારંવાર સ્મરણ. તેને 'નિદિધ્યાસન' કહેવાય છે. તે થોડું હોય તો ય ઘણું છે, તે વિના ઘણું જ્ઞાન પણ શુષ્કપાઠરૂપ છે.

હ્રીँ

## થોડી સંસ્કૃત વ્યાખ્યાઓ

પત્ની - યયા વશીકૃતઃ પ્રાણી
દુઃસહે દુર્ગતિ કષ્ટે પતતિ સા ।

રાક્ષસી - રુધિરામિષશોષણી, પલાદી ।

જ્ઞાનં - વસ્તુનો મૂલત આરભ્ય અન્તં યાવત્
યથાવસ્થિત સ્વરૂપદર્શી બોધઃ ।

કાલઃ - દિવસસ્ય દ્વિતીયપ્રહરાદિર્યુવાવસ્થાદિર્વા ।

અકાલઃ - રાત્ર્યાદિરૂપો બાલવૃદ્ધાવસ્થાદિ રૂપો વા ।

દ્રાવતિ - મહારણ્યસમુદ્રાદિ - પ્રલંઘ્ય ગચ્છતિ ।

ત્રાણાત્ - કેનચિદ્દૈવયોગેન પ્રાપ્તાભ્યો
વિપદ્ભ્યઃ પરિરક્ષણાત્ ।

શરણાત્ - સ્વાસ્થ્ય પ્રાપણાત્ ।

મમત્વેન - મમ એતે પુત્રાદય ઇતિ પરિણતિમાત્ર-નિમિત્તેન।
પરવસ્તુષુ મમત્વાદિ - સંબન્ધં અવસ્તુરૂપં
ત્રિભુવનેઽપ્યવિદ્યમાનં પશ્યતિ ।

0 પ્રાણાઃ - યાવતો દીર્ઘજીવનભૂતા વ્રતાદયો,
દ્રવ્યતો આયુરિન્દ્રિયાદયઃ ।
મમતાન્ધઃ અવિદ્યમાનદર્શીત્યર્થઃ ।

(પરિશિષ્ટ-૩૫)

श्रीँ

वर्तनं - प्रवृत्तिः ।

रागिणं - प्रेमयुक्तं ।

ममत्वेन - मदीयत्वेन ।

अन्धो - विवेकनयनविकलः ।

मुग्धां - मूढपरिणतिमतीं ।

अमेध्यः - शुचिर्न भवति ।

भिन्नाः - पृथक् सत्ताधारत्वात् भेदः
परस्परसंबन्धाभावः ।

स्वत्वं - स्वामित्वभावनं ।

स्वीयत्वं - मदीयत्वभावनं ।

मिथ्याज्ञाने अहंभावो, अहंता अहमस्य
धनादेर्नायकोऽस्मि इति बुद्धिः ।

जिज्ञासा - ज्ञातुमिच्छा तत्त्वविचारणा ।

व्यासंगं - व्यामोहपरत्वमासक्तिरिति ।

तत्त्वप्राप्तिं - वस्तुनः सारांशज्ञानं ।

संभ्रान्तः - भय - त्रस्तः ।

समता - सर्वजीवेषु समभावो ।
सर्वपुद्गलेषु इष्टानिष्टपरिहारेण समवृत्तिः ।

(परिशिष्ट-३६)

विवेकः - तत्त्वातत्त्वादि - यथार्थ विचारः ।

नाशकौ - निष्ठापकौ ।

व्यवहारस्य - प्रवृत्ति - निवृत्ति हेतोः ।

निश्चयात् - तात्पर्यालोचनात् ।

न कश्चित्पदार्थः सर्वथा इष्ट एव ।

विकल्पो मनसोऽभिप्रायः ।

विषयादिषु सुखत्वस्य ज्ञानरूपा -

भ्रान्तिस्तस्य श्रद्धाविनाशः ।

विषयाः शब्दादय - इच्छादयश्च ।

समता सर्वत्र तुल्यता । समदर्शिता ।

दीर्घजीवनस्थानं निःस्पृहत्वम् ।

भावजैनता शुद्धोपयोगतो जैनता ।

स्थाने स्याद्वाद - मर्यादया यथास्थित

वस्तुस्वरूपे योग्याराधकत्वे च ।

ज्ञानस्य श्रुताध्ययनस्य ।

कुग्रहेण एकान्तग्राहि - कुबोधेन ।

असमरसातुल्यमसारमिति ।

० सर्वोऽपि प्राणी सुखप्रियः, दुःखद्विट्, मरणभीरुः,
जीविताभिलाषी च वर्ततेऽतो मया सर्वेषां हितमेव

ह्रीँ

- कर्तव्यं स्वसमाधिमित्यादित्येवं

समत्वं भावनीयमित्यर्थः । (परिशिष्ट-३७)

अध्यात्म-प्रसादेन प्रसन्नमनसत्त्वेन ।

अनुभवोऽभ्रान्तं यथार्थवस्तु-

स्वरूपग्राहि प्रमाणजं ज्ञानं ।

प्रियमभीष्टं । रहस्यं मोहिजनेभ्यो गोप्यः । परमार्थः ।

अभ्यासः पुनः पुनरासेवनं ।

उत्तरलं समातुरं ।

योगो कुशलतानिष्पादनोपायो ।

क्षिप्तं विषयरागादिषु मग्नं ।

मूढमुग्धलोक - विवेकहीनं ।

विक्षिप्तं किंचिद्रक्तं, किंचिद्विरक्तं ।

एकाग्रं समाधौ स्थिरं ।

निरुद्धं त्यक्तबहिर्विषयमात्मन्येवागतं ।

सत्त्वगुणोत्कर्षात् आत्मवीर्यप्रोल्लासात् ।

विक्षिप्तं संसारभयात् त्रस्तं ।

सानन्दे धर्मप्रेमयुक्ते, धर्मप्रमोदयुक्ते ।

निरालंबं स्वात्मन्येव व्याप्तं, बहिर्विषयवर्जितं ।

शान्तं शमनिर्वेदस्थायित्वं । शान्ते निर्विकारे ।

(परिशिष्ट-३८)

श्रीं

सहजं स्वभाव - सिद्धं ।
शान्तं विभाव - विकारवर्जितं ।
ज्योतिः सर्वविभासि - चैतन्यं ।
परमात्मा शुद्धब्रह्मचैतन्यमूर्तिः ।
अधिकारः व्यापारः ।
उपाधिः कर्मजो विभावो ।
परमात्मा परब्रह्म ।
अज्ञानमबोधिता ।
ज्ञानमात्मस्वरूपे बोधः ।
अप्रमादः कर्तव्येष्वेव कर्तव्यबुद्धिः ।
परता उद्यमप्रकर्षता ।
मोहजयो मोहोदयस्य पराभवनं ।
कुशलानुबन्धः कुशलो योगः -
तस्य योऽनुबन्धोऽनुयायिता तेन समन्वितः ।
ब्रह्मभूयम् ब्रह्मत्वम् ब्रह्मभूमि मुक्तिमिति यावत् ।
ब्रह्म निर्विकारशुद्धचैतन्ये । आचाररूप ब्रह्म ।
योगो योगादि - हितप्राप्त्युपायः ।
इच्छायोगं तत्करण - श्रवणोपदेशाने -
प्रीतिविषयसंपादनं सैव योगः । (परिशिष्ट-३९)

ह्रीँ

<u>ज्ञाता</u> प्रकाशः ।

<u>अज्ञानं</u> विपर्ययबोधोऽबोधो वा ।

<u>परिचयो</u> ज्ञातस्य भूयोज्ञानं ।

अज्ञातस्य च संसर्गः ।

<u>प्रसिद्धा</u> अनाविर्भूताऽपि प्रकटा भवति ।

<u>वस्तुवेदिनो न स्युः</u> । आत्मशब्दस्यार्थ -

मुख्यार्थतोऽप्यात्मस्वरूपस्याज्ञानातः ।

<u>श्रद्धा</u> परिपक्वप्रतीतिः । सर्वज्ञोक्ते शुद्धात्मनिवस्तुं ।

<u>पापिष्ठेषु</u> पापप्रियेषु ।

<u>आढ्याः</u> पूर्णाः । <u>रागः</u> - प्रेम ।

<u>आत्मनिग्रहो</u> - मनोजयः ।

<u>शौचं</u> - व्रतपावित्र्यम् ।

<u>स्थैर्यं</u> - विपत्सु धैर्यम् ।

<u>ज्ञानवतां</u> - यथार्थज्ञानशालिनां ।

<u>दृश्या</u> - हृदयचक्षुषाविलोकनीया ।

<u>प्रकारः</u> - आत्मस्वरूप - स्वादैश्यप्रवर्त्तनं ।

<u>वैरूप्यं</u> - वैपरीत्यं अन्यथा - भवनमित्यर्थः ।

<u>हितकारी</u> - शुभेष्टसिद्धकारीमंगलकारीतिभावत् ।

(परिशिष्ट-४०)

## રોજ અવશ્ય પ્રાર્થના કરો કે:

'મારા ધર્મ વડે બધા સુખ પામો, બોધિબીજ પામો. અજ્ઞાન - દુઃખ ટળો, મોક્ષ રાજલક્ષ્મીમાં શાંતિ પામો.

ધર્મ કરનારનું ધ્યેય પોતાના એકલાનું શ્રેય સાધવાનું હોય, ત્યાં સુધી તે ધર્મમાં પ્રાણ આવતો નથી. જ્યારે સર્વના સુખનું, સર્વના મોક્ષનું ધ્યેય બને છે, ત્યારે ધર્મ પ્રાણવાન બને છે. એ ધ્યેય મિથ્યા નથી, કેમકે એવા ધ્યેયવાળા પુરુષોના પ્રભાવે જ પોતે ધર્મ પામ્યો છે. બીજાઓની સદ્ભાવનાઓથી આપણે આટલા ઊંચે આવ્યા છીએ. હવે ત્યાંથી ન પડવા માટે અને આથી હજુ ઊંચે ચઢવા માટે બીજા બધાના સુખનું ધ્યેય એ ફરજરૂપે થઈ પડે છે. જો એ ધ્યેય રાખવામાં ન આવે તો કર્તવ્યથી ચૂકાય છે. પારકાના પોતાની ઉપર થયેલા ઉપકારનું વિસ્મરણ થાય છે, કૃતઘ્નતાદીન સ્થિતિ આવે છે. તેનાથી બચવા સદ્ધર્મની સામગ્રી પામેલા પ્રત્યેક આત્માનું બીજા સર્વના કલ્યાણને ચાહવું, એ કર્તવ્ય થઈ પડે છે. જેમ કુટુંબનો નાયક કુટુંબ માટે, દેશનો નાયક દેશ માટે ઝઝુમે છે, તેમ ધર્મ કરનારે સર્વ માટે ઝઝુમવું જોઈએ. એથી પોતાને અવશ્ય ફાયદો થાય છે, સાથે

બાળકોને પણ લાભ થતો રહે છે, કેમકે તેઓ સદ્ભાવની લાગણી કેળવે તથા બાળકોને પરાર્થપરાયણતાનો આદર્શ મળે છે. જગ છાયાકાંતિ છે, પરમાત્મા એ પ્રકાશ છે.

ભગવાન ઊંચાઈ હૃદયમાં છે.

પ્રકાશકાયા અને પ્રકાશકાન્તિ હૃદયરૂપી ગુફામાં વસે છે.
દ્રવ્યથી ભાવ ઉપર તથા બાહ્યથી આંતર ઉપર અને

વ્યવહારથી નિશ્ચય ઉપર જવાનું છે.

નિશ્ચયનું લક્ષ્ય, વ્યવહારથી ક્રિયાભાવનું લક્ષ્ય, દ્રવ્યથી ક્રિયા બાહ્યનું આલંબન, આંતરનું લક્ષ્ય લેવાનું છે.
નયદૃષ્ટિ એ ભ્રાંતિ નહિ, નયની વાસના માર્ગાનુસારી છે.

'યતતામપિ સિદ્ધાનાં કશ્ચિત્ માં વેત્તિ તત્ત્વતઃ ।'

અર્થાત્: યત્ન કરતાં સિદ્ધોમાં કોઈક મને તત્ત્વથી જાણે છે.

## સંપનું માહાત્મ્ય

(૧) દરૂ - રૂદ (૨) અંધ - પંગુ (૩) સળી - સાવરણી
(૪) આંગળી - મુઠ્ઠી (૫) તાળું - કુંચી (૬) કમાડ - તાળું
(૭) દારૂ - દેવતા - રાખ - દેવતા
(૮) ગાંઠ - ગુંચ - આંટી કાઢે પણ તાણાને તોડે નહિ.
(૯) સ્વભાવભેદ તીખાં - કડવા - ગળ્યાં
(૧૦) વાંકા - સીધા - પૈડાં - પાંભલા.

સમતા = બુદ્ધિની કુશળતા = અત્યંત વિશુદ્ધિ.

કુબુદ્ધિવાળો, પરવશ મનવાળો અથવા તો
સ્વચ્છંદી ઇંદ્રિયોવાળો શુદ્ધ માર્ગે પ્રવાસ કરી શકતો નથી.

અવિવેકી બુદ્ધિ, પરવશ મન અને
સ્વચ્છંદી ઇંદ્રિયો - એ ત્રણ નાશના દ્વારો છે.

જે વિવેકી, મનોજીત અને જીતેન્દ્રિય છે, તે મુક્તિ મેળવે.

પરમપદની પ્રાપ્તિ મનુષ્યજીવનનો જન્મસિદ્ધ હક્ક છે.

મુક્તિના બે સાધનો : મતિવિવેક અને સ્વાધીન મન.

અહંકાર એ બુદ્ધિનું કાર્ય છે. પવિત્ર બુદ્ધિ અથવા
રાગ-દ્વેષાદિરહિત બુદ્ધિ એ જ સૂક્ષ્મ અને અગ્ર છે.

ગુહાહિતં = હૃદયનો પ્રકાશ, હૃદય દર્શનમય થવું.

પ્રત્યગ્ આત્મા = પ્રત્યેક પ્રાણીહૃદયમાં છુપાયેલ ગૂઢ આત્મા.

પ્રત્યેક પદાર્થમાં જીવનદાયિની અને
જીવનટકાવિણી શક્તિ ગૂઢ રીતે વસેલી છે.

અમૃતત્વ - સત્યાત્મા આત્મા સુલભ છે.

બાકી સર્વ દ્રોહી છે, ફક્ત આત્મા જ અદ્રોહી છે.

આત્મા સિવાય જાણવું તે જ્ઞાનનો મિથ્યા પરિગ્રહ છે.

'યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ'

અર્થાત્: જેને મેળવીને તેનાથી વધારે લાભ ઇચ્છતો નથી.

ક્રિયા અપેક્ષાએ 'નમો' એ નિષેધાત્મક (negative)
અને 'અરિહંત' એ વિધેયાત્મક (positive) છે.
ફળ અપેક્ષાએ 'નમો' એ વિધેયાત્મક (positive) છે
અને 'અરિહંત' એ નિષેધાત્મક (negative) છે.
ઉપાદાનમાં વિશુદ્ધિનું આધાન કરનાર નિમિત્ત બને,
ત્યારે તે વિધેયાત્મક બને છે.
ધર્મક્રિયાનું જે કોઈને કોઈ દેશક - પ્રેરકતત્ત્વ હોય છે,
તે અરિહંતરૂપ છે.
પ્રત્યેક ધર્મક્રિયાનું પ્રયોજન અવિનાશીપણાંની
પ્રાપ્તિરૂપ હોય છે, તે સિદ્ધરૂપ છે.
પ્રત્યેક ક્રિયા સદાચારાત્મક હોવાથી આચાર્યરૂપ છે.
પ્રત્યેક ક્રિયા શ્રુતજ્ઞાનપૂર્વકની હોવાથી ઉપાધ્યાયરૂપ છે.
પ્રત્યેક ક્રિયામાં બળની સહાય લેવાય છે તથા
બળને સહાય અપાય છે, તેથી સાધુરૂપ છે.
પ્રત્યેક ધર્મક્રિયાની પાછળ આ પાંચ પરમેષ્ઠિ ભગવંતો
પાંચ સમવાયની જેમ કાર્ય કરી રહ્યા છે.
અભેદનું જે એકીકરણ છે, તે ધર્મક્રિયા છે.
તે ધર્મક્રિયા આત્મામાં થાય છે,
તેથી પરમ ધ્યેય એવો મોક્ષ સિદ્ધ થાય છે.

ह्रीँ

અરિહંતો એ પ્રેરક તત્ત્વ છે, આચાર - શ્રુત - સ્વાધ્યાય એ સાધન તત્ત્વ છે અને અવિનાશિતા એ સિદ્ધ તત્ત્વ છે.

માર્ગદેશકતા એ અરિહંત તત્ત્વ છે.

અવિનાશિતા એ સિદ્ધ તત્ત્વ છે.

આચાર એ આચાર્ય તત્ત્વ છે.

શ્રુત એ ઉપાધ્યાય તત્ત્વ છે.

સ્વાધ્યાય એ સાધુ તત્ત્વ છે.

એ પાંચ ગુણો સર્વદા વિદ્યમાન હોવાથી એ પાંચ ગુણોને અનુસરીને શાશ્વત અરિહંત, શાશ્વત સિદ્ધ, શાશ્વત આચાર્ય, શાશ્વત ઉપાધ્યાય તથા શાશ્વત સાધુ કહી શકાય છે. માર્ગદેશક તરીકે અરિહંતતત્ત્વનું ધ્યાન કરતો અરિહંત સાથે, સિદ્ધપણાનું લક્ષ્ય રાખતો સિદ્ધતત્ત્વ સાથે, આચારનું પાલન કરતો આચાર્યતત્ત્વ સાથે, શ્રુતને જાણતો ઉપાધ્યાયતત્ત્વ સાથે અને સ્વાધ્યાય કરતો સાધુતત્ત્વ સાથે અભેદ અનુભવે છે.

<u>પ્રત્યેક ધર્મક્રિયા પાંચ વસ્તુની અપેક્ષા રાખે છે:</u>

<u>પ્રેરકતા</u> - અરિહંત, <u>પ્રયોજકતા</u> - સિદ્ધ,

<u>આચાર</u> - આચાર્ય,

<u>શ્રુત</u> - ઉપાધ્યાય, <u>સ્વાધ્યાય</u> - સાધુ.

જ્યાં સુધી વિશ્વમાં ધર્મની ખ્યાતિ છે,
ત્યાં સુધી પાંચ પરમેષ્ઠિ ભાવરૂપે કાયમ છે:
પ્રેરક તત્ત્વ - શાશ્વત અરિહંત.
પ્રયોજક તત્ત્વ - શાશ્વત સિદ્ધ.
આચાર તત્ત્વ - શાશ્વત આચાર્ય.
શ્રુતજ્ઞાન તત્ત્વ - શાશ્વત ઉપાધ્યાય.
સાધક તત્ત્વ - શાશ્વત સાધુ.
ધર્મક્રિયા કરવામાં એ પાંચેનો સમવાય એકત્ર થાય છે,
તેથી તે પોતે પંચ પરમેષ્ઠિ તત્ત્વના ઉપકાર વડે આપણે
જ ધર્મ સાધી શકે છે. એ રીતે નમસ્કાર શાશ્વત છે.
જ્યારે જ્ઞાનને સાધક કરીએ કે કરાવીએ,
ત્યારે આપણે સાધુ છીએ.
જ્યારે શ્રુતનો આશ્રય લઈએ, ભણીએ કે ભણાવીએ,
લખીએ કે લખાવીએ, વાંચીએ કે વંચાવીએ,
ત્યારે આપણે ઉપાધ્યાય છીએ.
જ્યારે આપણે આચાર પાળીએ છીએ,
ત્યારે એ આચાર જ્ઞાનનો હો કે દર્શનનો હો
કે ચારિત્રનો હો કે તપનો હો કે વીર્યનો હો,
તે પાળીએ કે પળાવીએ, ત્યારે આપણે આચાર્ય છીએ.

જ્યારે આપણે મોહનું છેદ રાખીએ કે રખાવીએ,
ત્યારે આપણે તે અંશમાં સિદ્ધ હોઈશું.
જ્યારે આપણે બાળકને ધર્મમાં પ્રેરક
બનીએ કે બનાવીએ, ધર્મદેશના આપીએ કે અપાવીએ,
શાસનોન્નતિના કાર્ય કરીએ કે કરાવીશું,
વિશ્વજંતુના કલ્યાણની ભાવના કરીએ કે કરાવીએ,
ત્યારે આપણે તે અંશમાં અરિહંત હોઈશું.
એ રીતે પંચ પરમેષ્ઠિ ભગવંતો સાથે અભેદ થવાથી
આપણને મુક્તિપદ મળે છે. નવકાર ગણતી વખતે જ
આપણે પંચ પરમેષ્ઠિને નમીશું હોઈએ,
એમ નહિ, પરન્તુ ધર્મની પ્રત્યેક ક્રિયા કરતી વખતે
આપણે પંચ પરમેષ્ઠિ નમસ્કાર કરીએ હોઈશું.
અન્યલિંગસિદ્ધમાં શરૂઆત પોતપોતાના ઇષ્ટથી ભલે થાઓ,
પછી અભ્યાસ વધતા બાદ તેનો આગ્રહ છૂટી જાય છે
અને ભાવથી પંચ પરમેષ્ઠિના પાંચ તત્ત્વો: સત્ય, જ્ઞાન,
આચાર, અવિનાશિતા અને તેની દેશકતાનું અવલંબન
આપોઆપ આવી જાય છે, તેથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.
આત્મજ્ઞાન વિશ્વપ્રેમમાં પરિણમે છે.
જ્યાં ભેદનું દર્શન છે, ત્યાં સ્વાર્થપ્રધાનતા આવે જ.
સ્વાર્થસાધનામાં જન્મ - મરણનાં બીજ છે.

## મન એજ બંધ અને મોક્ષનું કારણ

પવિત્ર મન આત્માભિમુખ થાય છે.

નિર્મળ મનવાળા પુરૂષનો આત્મા જ્ઞાનાનુભવ પામે છે.

શરીર જડૈકરસ છે, જ્યારે આત્મા ચિદૈકરસ છે.

શરીર ઉત્પાદ - વિનાશશીલ છે, આત્મા અજન્મા છે.

શરીર + આત્મા = અપૂર્ણતા.

શરીર − આત્મા = શૂન્ય.

સકામ કર્મનું બંધન આત્માનું અજ્ઞાન છે.

દેહભાવને છોડી, તેના ઉપર આત્મભાવની પ્રસ્થાપના કરવા કોઠો વાળવું ભેગું અને કેન્દ્રિત બળ જોઈએ છે.

સર્વનો અંતરાત્મા એટલે સૌનું અંતરસ્વરૂપ.

શ્રદ્ધા-ભક્તિથી ભરપૂર હૃદય આત્મજ્ઞાન માટે બસ છે. જ્ઞાનનિષ્ઠા હૃદયસાધ્ય છે, જ્યારે શ્રોત્રિયતા બુદ્ધિસાધ્ય છે. એ બંને એકાગ્ર મનથી સાધ્ય છે. મનને સમાધિમય, બુદ્ધિને સૂક્ષ્મ, હૃદયને ભાવભરપૂર બનાવવાથી દર્શન સુલભ બને છે. મન, મતિ, હૃદય એ ત્રિવેણીસંગમ છે.

આત્મનિષ્ઠાની વૃદ્ધિ + અનવરત નિષ્ઠાની હાનિ = યોગ.

o આવાપ, ઉદ્વાપ, વૃદ્ધિ, હ્રાસ, અજ્ઞાન, રાગ-દ્વેષ અહંકૃતિ પ્રિયાપ્રિય - એ સૌ ધુમાડો છે.

'પુરુષ પ્રકૃતિથી ભિન્ન છે' એ તત્ત્વજ્ઞાન છે. તેનું ફળ પ્રકૃતિનો પરિત્યાગ અને આત્મામાં નિષ્ઠા છે. શ્રદ્ધા કેળવવી મુશ્કેલ છે પણ પછી માયા તજવી પણ મુશ્કેલ છે. કામનાઓથી છોડવાના બદલામાં બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે.

કીર્તિ એ સત્કર્મનું અનિવાર્ય ફળ છે.

વાણી એ વ્યવહારનું એકમાત્ર સાધન છે.

બ્રહ્મપર અને બ્રહ્મનિષ્ઠને બ્રહ્મજિજ્ઞાસા થાય છે.

નમ્રતા એ શિષ્યત્વ છે.

તે જિજ્ઞાસાનો હેતુ બનીને તત્ત્વજ્ઞાનમાં કારણ થાય છે. પોતાની અલ્પજ્ઞતાનો સભાન સ્વીકાર એટલે શિષ્યતા. એમાં પરમાત્માની સ્તુતિ છે, નિરહંકારિતા રહેલી છે.

(૧) કાળ - સ્વકાળ

(૨) સ્વભાવ - નિત્ય ઉપાદાન

(3) નિયતિ - સમર્થ ઉપાદાન

(૪) પુરુષકાર - બળવીર્ય

(૫) કર્મ - નિમિત્ત, પરપદાર્થની અવસ્થા.

ભવિતવ્યતા - યોગ્યતા - સમર્થ ઉપાદાન શક્તિ.

વ્યવસાય - પુરુષાર્થ. સ્વકાળ ભવિતવ્યતામાં ગર્ભિત છે, કેમકે તે ઉપાદાનની વિશેષતારૂપ છે.

કાળ, સ્વભાવ અને ભવિતવ્યતા -
એ ઉપાદાનની યોગ્યતા શક્તિ છે.
કર્મ - અન્ય નિમિત્તો, પુરુષકાર - બળ વીર્ય - વ્યક્તિ.
દૃષ્ટાંતમાં દાષ્ટાન્તિકના બધા ગુણો હોતાં નથી,
તે તો મુખ્યાર્થનું સૂચન માત્ર કરે છે.
કાળાદિ લબ્ધિનો પરિપાક એ <u>આગમ ભાષા</u> છે અને
શુદ્ધ આત્માભિમુખ પરિણામરૂપ
સ્વસંવેદન જ્ઞાન એ <u>અધ્યાત્મ ભાષા</u> છે.
તિર્યક્ પ્રચય - અવસ્થિત પ્રદેશો.
ઊર્ધ્વ પ્રચય - અવસ્થિત પર્યાયો.
'તિર્યક્' શબ્દ દેશસૂચક છે, 'ઊર્ધ્વ' શબ્દ કાળસૂચક છે.
શુદ્ધાત્માભિમુખ પરિણામ અને સ્વસંવેદન જ્ઞાન-
એ બે એક જ છે.
'જ્ઞાનચિકીર્ષા, પ્રયત્નાધારતા હિ કર્તૃત્વમ્ ।'
<u>અર્થાત્</u>: જ્ઞાન કરવાની અર્થાત્ જાણવાની ઇચ્છા
અને પ્રયત્નની આધારતા તે કર્તૃત્વ છે.
અનંત અગુરુલઘુગુણ ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-હાનિરૂપ છે.
ઉપાદાનમાં વિશેષનું આધાન કરી કે અતિશયસંપન્ન
વિવક્ષિત પર્યાય કરી - એ બન્ને એક જ વાત છે.

यः परिणमति स कर्त्ता,
यः परिणामो भवेत्तु तत्कर्म ।
या परिणतिः क्रिया सा
त्रयमपि भिन्नं न वस्तुतया ॥
कर्तृत्वमपि साधारणम्।
क्रिया निष्पत्तौ सर्वेषां स्वातंत्र्यात् ।
'करोति = क्रियां निर्वर्त्तयतीतिकारकः ।' (પરિશિષ્ટ-૭૭)

(૧) ક્રિયા વ્યાપારમાં સ્વતંત્રરૂપથી
અર્થનો પ્રયોજક થાય છે, તે કર્તા કહેવાય છે.
(૨) ક્રિયા દ્વારા ગ્રહણ કરવા માટે
અત્યંત ઇષ્ટકારક છે, તે કર્મ કહેવાય છે.
(3) ક્રિયાની સિદ્ધિમાં પ્રકૃષ્ટરૂપથી ઉપકારકકારક, તે કરણ.
(૪) કર્મના દ્વારા જે અભિપ્રેત છે, તે સંપ્રદાનકારક છે.
(૫) અપાયની સિદ્ધિમાં મર્યાદાભૂતકારક, તે અપાદાન.
(૬) ક્રિયાનો આધાર, તે અધિકરણ.

સંબંધક્રિયા નિષ્પત્તિમાં પ્રયોજક નથી, તેથી
કારકસંજ્ઞા તેને નથી. વ્યવહારનય નિમિત્તને અને
નિશ્ચયનય ઉપાદાનને સ્વીકારે છે.
એવંભૂતનયની અપેક્ષાએ સર્વ દ્રવ્યો સ્વપ્રતિષ્ઠિત છે.

## <u>નિશ્ચય ષટ્કારક એટલે શું?</u>

ચૈતન્યભાવ એ કર્મ છે, આત્મા એ કર્તા છે અને
જાણનારૂપ પરિણતિ એ ક્રિયા છે.

પ્રત્યેક દ્રવ્ય પોતાની ક્રિયા પરિણતિનો સ્વયં કર્તા,
સ્વયં કર્મ, સ્વયં કરણ, સ્વયં સંપ્રદાન, સ્વયં અપાદાન
અને સ્વયં અધિકરણ છે. એ નિશ્ચય ષટ્કારક છે.

આકુળતા = પરતંત્રતા, નિરાકુળતા = સ્વતંત્રતા,
સંપ્રદાન = ફળ.

## <u>પ્રભુ પાસે શેની પ્રાર્થના કરવી?</u>

નામસ્મરણ અને પરમાત્મસ્મરણ એ
સૌથી સરળ અને સુલભ સાધન છે.

પરમાત્મા સિવાય જગતમાં બીજો કોઈ આધાર જ નથી.
આત્મલાભની પ્રાર્થના જ પ્રભુ પાસે સદાય કરવા યોગ્ય છે.

## <u>યોગ અને ઉપયોગમાં શું ફેર?</u>

<u>યોગ</u> એ આત્મપ્રદેશોના ચલનરૂપ વ્યાપાર છે,
<u>ઉપયોગ</u> આત્મચૈતન્યનો રાગાદિવિકલ્પરૂપ પરિણામ છે.

| | |
|---|---|
| સ્વસમય - સમ્યગ્દૃષ્ટિ | પરસમય - મિથ્યાદૃષ્ટિ |
| અંતરાત્મા - બહિરાત્મા | સ્વાત્મા - પરાત્મા |
| કૃત્રિમ - અન્યનું કાર્ય | કારક - ક્રિયાનો જનક. |

श्री

What is the meaning of Aum?
A stands for the waking state,
the gross body and creation.
U stands for the dream state,
the subtle body and preservation.
M stands for deep sleep,
the self in rest in sleep,
the causal body and disolution.
The half sound stands for the
fourth state, the true state of
the I or self. The state beyond
this is the state of pure bliss.
Om is the highest sacred symbol.
The word Om is so much powerful
that it can produce powerful and
positive vibrations, which allows
us all to feel the whole universe.
Heaven lies within us. Riches
have duties and poors have rights.

અહિંસા, કરુણા, ભૂતદયા અને વિશ્વાત્મૈક્યતા ઉપરાંત
સર્વહિતાય કે જીવમાત્ર પ્રત્યે સમાનભાવ એ ભાવાર્થ છે.
અહિંસા એ માનવ દિલમાંથી ઉદ્ભવેલો સ્વયંભૂ વિચાર છે.
એ કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓના આચાર ઉપર નિર્ભર નથી.
સનાતન સત્યમાં સદા સક્રિય શ્રદ્ધાવાળો અવિરત નૈતિક
અને આધ્યાત્મિક મૂલ્યોને જ સૌથી મોટી મૂડી ગણનારો.

અભ્યુદય - જગતની અને પોતાની પ્રગતિ.

નિઃશ્રેયસ - પોતાની આભ્યંતર શાંતિ.

'શ્રી' શબ્દ મંગલનો સૂચક છે, તેનું મૂળ ધર્મ છે.

અર્થ - ધન - દ્રવ્યનો વાચક પણ 'શ્રી' શબ્દ છે.

તે રમણીયતાનો દ્યોતક છે.

રમણીયતા, રતિ, કામ - એક જ સાંકળની કડીઓ છે.
સંસારની સમસ્ત કામનાઓથી પર અને શ્રેયઃસાધક
જીવનનિષ્ઠાની ભાવના પણ 'શ્રી' શબ્દનો પ્રયોગ થાય છે,
એથી તે અંતરના પ્રસાદનો પણ દ્યોતક છે.

આ પ્રસાદ નિઃશ્રેયસનો હેતુ છે.

આ રીતે શ્રી - મા - લક્ષ્મી સમગ્રરૂપે ચારે પુરુષાર્થોની
અધિષ્ઠાત્રી છે. માનવજીવનની સર્વાંગી પ્રગતિ અને
સાર્થકતા માટેની ભારતીય કલ્પનાનું પ્રતીક છે.

ह्रीँ

એ જ મંગલ 'શ્રી'ની પૂજા - ઉપાસના સામાન્યનાં
સમસ્ત યોગોને માટે અભ્યુદય અને નિઃશ્રેયસનું
પરમ સાધન માનવામાં આવેલ છે.

'આણા અને મજ્જિજ્જા ધમ્મિકાએ' સૂક્તિ:
છ એ કાયના જીવોને પોતાના આત્મા સમાન માને.
પ્રભુનું સમ્યક્ત્વ એટલે કરુણાભાવ.
પ્રભુનું ચારિત્ર એટલે યોગક્ષેમંકરભાવ.
પ્રભુનો રક્ષકભાવ એટલે જાતિગતએકતા.
જ્ઞાતા = જ્ઞેયભાવ, ધ્યાતા = ધ્યેયભાવ,
દ્રષ્ટા = દૃશ્ય - સંબંધભાવ.

ચાર નિક્ષેપ - આપણા શરીરમાં ક્યાં?

નામજિનનું સ્થાન આપણી જીભમાં છે,
સ્થાપનાજિનનું સ્થાન આપણા ચક્ષુમાં છે,
દ્રવ્યજિનનું સ્થાન આપણા મનોયોગમાં છે તથા
ભાવજિનનું સ્થાન આપણા હૃદયમાં છે.
શસ્ત્રમાં જે સ્થાન આગ્નેયનું, મંત્રમાં તે સ્થાન બિન્દુનું છે.
શ્રુતધર્મ સિદ્ધ છે, પ્રતિષ્ઠિત છે.
(૧) અવિસંવાદિ (૨) વ્યાપી (૩) પરસ્પર અબાધિત.
વિધિનિષેધ, અનુષ્ઠાન અને પદાર્થતત્ત્વ અવિરોધિ છે.

સમ્યક્શ્રુત વિવેકને લાવે છે અને વિવેકની કસોટી
પ્રવૃત્તિ, વિધિ, જય, સિદ્ધિ અને વિનિયોગ છે.

શરીરના પાંચ ધર્મો: જન્મ, વૃદ્ધિ, રૂપાંતર, હાનિ, નાશ.

પ્રમાદ એટલે અવશ્ય કર્તવ્યમાં અસાવધાની.

રાજસ અને તામસવૃત્તિ એટલે આર્તરૌદ્ર ધ્યાન.

વિવેક અને વૈરાગ્ય વડે તે જીતી શકાય છે.

સાત્વિક-શુદ્ધ સાત્વિક વૃત્તિઓ ધર્મ-શુક્લરૂપ છે.

જીવને વિશેષે કરીને જે બંધનમાં નાંખે, તે 'વિષય' છે.

શરીર અશુચિરૂપ હોવાં છતા નાવ સમાન છે.

શરીરમાં : (a) વિઘ્નોરૂપી ગર્તાઓ (b) રોગરૂપી વૃક્ષો
(c) કામરૂપી સિંહ (d) તૃષ્ણારૂપી નાગણી
(e) ઇંદ્રિયોરૂપી પશુ-પક્ષીઓ (f) મનરૂપી વાનરો રહે છે.

શરીર અતિ કૃતઘ્ન છે. વિદ્યુત, વાદળ, બુદબુદ અને ગંધર્વનગરની જેમ ક્ષણદૃષ્ટ-ક્ષણનષ્ટ છે. બાલ્યાવસ્થામાં કાલ્પનિક-વાસ્તવિક ભય, અવિવેક-અપવિત્રતા છે. યુવાવસ્થામાં અંતઃકરણરૂપી ગુફામાં રહેલો અને નાના પ્રકારની ભ્રાંતિઓને નિપજાવનારો કામપિશાચ પીડે છે.

સ્ત્રી એ ભગવાનની પ્રત્યક્ષ ઠગારી માયા છે,
તેને સત્પુરુષોના સંગથી તરી જવા જોઇએ.

## વિષયોમાં ૪ દોષ

(1) સાતિશયતા (2) ક્ષણભંગુરતા
(3) દુઃખદાયકતા (4) અપવિત્રતા.

### સંસાર અને સાગરની સરખામણીરૂપ ૧૦ લક્ષણો:

(૧) અપારતા (૨) દુઃખરૂપી ખારું જળ (૩) વાસનાનાં તરંગો
(૪) છીપ અને મુક્તાફળ અર્થાત્ સુભાષિત અને સત્પુરુષ
(૫) રોગરૂપી વંટોળ (૬) મત્સ્યગલાગલ - અરસાની જાતો
(૭) મગર તથા સર્પાદિરૂપ ખલ અર્થાત્ દુષ્ટ-ચોરી આદિ
(૮) અંજન - પરોપકારી (૯) વેશ્યા - કલાલ રૂપ ખડકો
(૧૦) સ્ત્રી શરીર અને વિષયોરૂપી પર્વતો.

### સંસાર અને અટવી (જંગલ)ની સરખામણીરૂપ ૮ લક્ષણો:

(૧) આમ્ર તથા બાવળ સમાન સત્પુરુષો અને ખલપુરુષો.
(૨) વ્યાઘ્ર-સિંહાદિ સમાન ક્ષુધા, તૃષા, શીતોષ્ણ, જરા, મૃત્યુ.
(૩) કાંટાઓરૂપી જ્વરાદિ રોગો. (૪) દાવાનળ સમા ક્રોધ.
(૫) શબ્દાદિ વિષયો તથા અવ્યાબાધ માર્ગની દુર્લભતા.
(૬) સ્ત્રી શરીરરૂપી બાવા - ઝાડાંઓ.
(૭) કડવા વૃક્ષો સમાન દુઃખ અને દુર્જનો.
(૮) કૌવચાદિની જેમ ઇંદ્રિયોના વિષયો
ચિત્ત અને આત્માને વ્યાકુળ કરે છે.

હ્રીં

વૈરાગ્ય ઉદાસીનતારૂપ છે.
શ્રવણ - મનન દ્વારા સિદ્ધ કરેલાં પદાર્થો જ્ઞાતતત્ત્વમાં
નિદિધ્યાસન કરવાથી સ્વરૂપનું ભાન થાય છે.
જેમ વેળુમાંથી તેલ અસંભવિત છે અને જેમ
શશશૃંગમાંથી ધનુષ, નરવિષાણથી દંડ, કૂર્મરોમથી કંબલ,
હાલાહલથી અમૃતતા અસંભવિત છે, તેમ
અસત્, જડ અને દુઃખરૂપ બધા જ વિષયોમાં
આનંદ આપવાનો સ્વભાવ જ નથી.
દુઃખ અને ત્રિવિધ તાપ સમાનાર્થક શબ્દો છે.
સ્થૂલ શરીરનાં દુઃખો જ્વરાદિ અને
સૂક્ષ્મ શરીરનાં દુઃખો એ ક્ષુધાદિ છે, તે આધ્યાત્મિક છે,
સિંહ, વ્યાઘ્ર, સર્પ, ચોરાદિનાં દુઃખો તે આધિભૌતિક છે
અને યક્ષ, રાક્ષસ, ભૂત, પ્રેત અને
ગ્રહાદિથી થતાં તાપો આધિદૈવિક દુઃખો છે.
એક દેખાય છે, ભાન સાદૃશ્ય છે,
પરન્તુ બંને સ્વાદ ભિન્ન છે.
કૂતરાનું ચામડું અને તેમાં ગધેડીનું દૂધ ત્યાજ્ય છે.
સુવર્ણનો કળશ અને તેમાં કપિલા રંગની
ગાયનું દૂધ શ્રેષ્ઠ છે, માટે ઉપાદેય છે.

હ્રીં

## ચિત્તવૃત્તિનિરોધથી સમાધિ તરફ...

સવિકલ્પ સમાધિમાં ચિત્તનું ધ્યેયાકાર પરિણમન થાય,
નિર્વિકલ્પ સમાધિમાં આત્માકાર પરિણમન થાય અને
સુષુપ્તિમાં અજ્ઞાનાકાર તથા સુખાકાર પરિણમન હોય છે.
જીવ-બ્રહ્મૈક્યના અનુભવની પ્રાપ્તિનો ઉપાય નિર્વિકલ્પ
સમાધિ, બ્રહ્મસાક્ષાત્કારનો અનન્ય ઉપાય ચિત્તનિરોધ છે.

ચિત્તવૃત્તિનિરોધના ઉપાયોનો અભ્યાસ અને
વિષયોમાં વૈરાગ્ય, એ બેનો એક સાથે અમલ કરવાથી
ચિત્તનિરોધ કષ્ટસાધ્ય છતાં અશક્ય નથી.

બંધ બાંધવો તે વૈરાગ્ય અને નહેર ખોદવી તે અભ્યાસ છે.
વિષયાકારે પરિણમતા ચિત્તને રોકવું અને આત્માકાર
પરિણામ કરવો, તે અનુક્રમે વૈરાગ્ય અને અભ્યાસ છે.
અભ્યાસ દીર્ઘકાળ, નિરંતર, શ્રદ્ધાસહિત હોવો જોઈએ.

ઉચ્ચબુદ્ધિ એટલે શાશ્વત પ્રત્યે ઉપાદેયબુદ્ધિ.

દેહાદિ અનાત્મામાં આત્મબુદ્ધિ,
પૃથ્વ્યાદિ અનિત્યમાં નિત્યબુદ્ધિ,
ધનાદિ દુઃખના સાધનોમાં સુખબુદ્ધિ અને સ્ત્રી-પુત્રાદિના
અપવિત્ર શરીરોમાં પવિત્રતાની બુદ્ધિ, તે અવિદ્યા છે.

ઉદાર દૃષ્ટિ એટલે સ્થૂળ વિષયોના ત્યાગની દૃષ્ટિ.

મહાન રાગ - અનુરાગ સર્વ દુઃખનું કારણ છે.

'મોક્ષ દુઃખસ્વરૂપ છે'

આવા સત્પુરુષો અને શાસ્ત્રોમાંથી જાણવામાં આવે,

તો તેને મોક્ષની ઇચ્છા પણ થાય છે.

<u>સંબંધ ૪ પ્રકારના છે:</u>

(a) પ્રતિપાદ્ય - પ્રતિપાદક : ગ્રન્થ અને યોગાભ્યાસ.

(b) પ્રાપ્ય - પ્રાપક : અધિકારી અને યોગ.

(c) જન્ય - જનક : ગ્રન્થ અને યોગાભ્યાસ.

(d) સાધ્ય - સાધક : અધિકારી અને યોગ.

नातितृप्तः क्षुधार्तो वा<br>
न विण्मूत्रादि बाधितः ।<br>
नाध्वखिन्नो न चिंतार्तो<br>
योगं युंजीत योगवित् ॥ - <u>स्कंदपुराण</u>

અતિતૃપ્ત કે ભૂખ્યો, લઘુનીતિ કે વડીનીતિની શંકાવાળો,

મુસાફરીથી થાકેલો કે ચિંતાથી પીડિત વ્યક્તિ

યોગનો જાણકાર હોય,

તો પણ યોગમાં જોડાઈ શકતો નથી.

0 विरक्तस्य तत्सिद्धिः ॥ - <u>सांख्य दर्शन</u>

<u>અર્થાત્</u>: વૈરાગીને તેની સિદ્ધિ થાય છે.

श्रीं

## Sympathy - a divine quality

you will get more strength, more joy, more Satisfaction by doing kind acts. your heartbeats will rest even when you are about to face death. you will be loved by all. All compassionate - charitable and merciful acts turn the heartlotus upwards and prepare the aspirant for the reception of divine light. A sympathetic man places himself in the position of the other man who is in difficulty or miserable state. He evinces true sympathy and tries to alleviate his sufferings. Sympathy is a divine quality. Sympathetic feels actually the suffering himself when he sees anyone in a bad plight.

श्री

This virtue should be developed
to its maximum degree.
He who has renounced selfishness
& is endowed with courage, patience,
mercy and Cosmic love is alone
fit for attaining immortality or
self - realisation.
Compassion means the melting of
the heart at the sight of suffering
of creature. It is also a Spirit of
service to be actively engaged
in doing good to all creatures.
It means constantly striving to
the best of one's ability through
mind, speech, body and
in a disinterested Spirit
to contribute to the happiness of
all creatures according to
their respective needs.

હ્રીં

## શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન

સાંવરી સુખદાયી, જાકી છબી વરણી ન જાઈ..... સાંવરી
અશ્વસેન વામાજી કે નંદન, કીરતી ત્રિભુવન છાઈ,
સમેતશિખર ગિરિમંડણ પ્રભુ કો, દેખ દરસ હરખાઈ.
હ્રદય મેરો અતિ હુલસાઈ..... સાંવરી
આજ હમારે સુરતરૂ પ્રગટ્યો, આજ આનંદ બધાઈ,
તીન ભુવન કો નાયક નિરખ્યો, પ્રગટી પુરવ પુણ્યાઈ.
સફલ મેરો જનમ કહાઈ..... સાંવરી
પ્રભુ કે દરસ સરસ જિનુ પાયો, લવલવ લટક્યો મૈં લાઈ,
આજ પ્રભુ કે ચરણુ ચિત લાયો, બાલ કહે ગુન ગાઈ.
પ્રભુ સંગ લગન લગાઈ.....સાંવરી સુખદાઈ

શ્રી સરસ્વતી સ્તુતિ

સિદ્ધારૂપી સાચી દેવા, સારે જકી નીકી સેવા,
રાગે આગે લાગે પાગે, જાગે મોટી માઈ હૈ.
ચંગી રંગી વીણા વાવે, રાગે સારે રાગે ગાવે;
હાવે ભાવે સોભા પાવે, માતા જાકું ગાઈ હૈ.
હંસા ઐસા ચાલી ચાલે, પૂજ વંદી પીડા ટાલે;
ભલા સેતી ભલી પાસે, શુદ્ધિ બુદ્ધિ દાઈ હૈ.
સોહે વાની નીકી બાની, જાકું ધ્યાની પ્રાણી માની;
ઐસી માતા શાતા દાની, ધર્મ સિંહે ધ્યાઈ હૈ.

ह्रीँ

## સામાયિક નયની સજ્ઝાય

ચતુર નર સામાયિક નય ધારો...

લોકપ્રવાહ છાંડકર અપની પરિણતિ શુદ્ધ વિચારો. - ૧

દ્રવ્યત અખય અભંગ આતમા, સામાયિક નિજ જાતે...

શુદ્ધ સ્વરૂપ સમતામય કહીયે, સંગ્રહ નય કી બાતે. - ૨

અબ વ્યવહાર કહે હું સબ જન, સામાયિક હુઈ જાવે,

તા તેં આચરણા સો માને, ઐસા નૈગમ ગાવે. - ૩

આચરણા ઋજુસૂત્ર શિથિલ કી, બિનુ ઉપયોગ ન માને,

આચારી ઉપયોગી આતમ, સો સામાયિક જાને. - ૪

શબ્દ કહે સંયત જો ઐસો, સો સામાયિક કહીયે...

ચોથે ગુણઠાણે આચરણા, ઉપયોગે ભિન્ન લહીયે. - ૫

અપ્રમત્ત ગુણઠાણે ઈરીયા કી, સમભિરૂઢ નય સાખી,

કેવલજ્ઞાન દશા થિતિ ઉનકી, એવંભૂતે ભાખી. - ૬

સામાયિક નય જો નહુ જાને, લોક કહે સો માને,

જ્ઞાનવંત કી સંગતિ નાહીં, રહીયો પ્રથમ ગુણઠાણે. - ૭

સામાયિક નર અંતર દૃષ્ટિ, જો દિન દિન અભ્યાસે...

જગ જશ વાદ લહે સો બૈઠો, જ્ઞાનવંત કે પાસે. - ૮

ચતુર નર સામાયિક નય ધારો...

|| ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ||

હ્રીઁ

# ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા વિધિ

ગુરુની મૂર્તિ અથવા ચરણપાદુકાને પંચામૃતથી પખાળીને
શુદ્ધ જળથી ધોઈ, લૂછી, ધૂપ ઉખેવવો અને
મુહૂર્ત સમય આવતાં ગુરુમૂર્તિ ઉપર
નીચેના મંત્રોથી ત્રણ વાર વાસક્ષેપથી પ્રતિષ્ઠા કરવી:

## આચાર્ય મૂર્તિ કે સ્તૂપ પ્રતિષ્ઠાનો મંત્ર:

'ૐ નમો આયરિયાણં ભગવંતાણં ણાણીણં
પંચવિહાયારસુટ્ઠિયાણં
ઇહ આયરિયા ભગવંતો અવતરંતુ
સાહુસાહુણી સાવયસાવિયાકયં
પૂઅં પડિચ્છન્તુ સવ્વસિદ્ધિં દિસન્તુ સ્વાહા ।'

## ઉપાધ્યાય મૂર્તિ કે સ્તૂપ પ્રતિષ્ઠા મંત્ર:

'ૐ નમો ઉવજ્ઝાયાણં ભગવંતાણં
બારસંગપઢગપાઢગાણં સુઅહરાણં
સજ્ઝાયજ્ઝાણસત્તાણં
ઇહ ઉવજ્ઝાયા ભગવંતો અવતરંતુ
સાહુસાહુણીસાવયસાવિયાકયં પૂઅં પડિચ્છન્તુ
સવ્વસિદ્ધિં દિસંતુ સ્વાહા ।'

ક્ષ્રીં ઐં ૐ અર્હં ૐ ૐ અર્હં ૐ ઐં ક્ષ્રીં

## સાધુની મૂર્તિ કે સ્તૂપ પ્રતિષ્ઠાનો મંત્ર:

'ૐ નમો સવ્વસાહૂણં ભગવંતાણં
પંચમહવ્વયધરાણં પંચસમિયાણં તિગુત્તાણં
તવનિયમનાણદંસણજુત્તાણં મુક્ખસાહગાણં
ઇહ સાહુણો ભગવંતો અવયરંતુ
સાહુસાહુણીસાવયસાવિયાકયં
પૂઅં પડિચ્છન્તુ સવ્વસિદ્ધિં દિસંતુ સ્વાહા ।'

આ મંત્રોથી ત્રણ વાર વાસક્ષેપ કરી પ્રતિષ્ઠા કરવી. ફૂલ - નૈવેદ્ય મૂકવા, ધૂપ - દીપ વિગેરે કરવા અને પ્રતિષ્ઠાકારક દંપતિએ ૧૦ દિવસ સુધી એકાસણા કરવા તથા શીલવ્રત પાળવું.

## 'ગુરુ' કોને કહે છે?

નિવર્તયત્યન્યજનં પ્રમાદતઃ
સ્વયં ચ નિષ્પાપપથે પ્રવર્તતે ।
ગુણાતિ તત્ત્વં હિતમિચ્છુરંગિનામ્
શિવાર્થિનાં યઃ સ ગુરુર્નિગદ્યતે ॥ અર્થાત્:

જે બીજાને પ્રમાદ કરવાથી રોકે છે, જે પોતે નિષ્પાપ રસ્તે ચાલે છે, જે હિત અને કલ્યાણની કામના રાખનારાને તત્ત્વબોધ કરે છે, તેને 'ગુરુ' કહે છે.

ह्रीँ

# પરિશિષ્ટ સૂચિ

પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૭૮):
અતિઆહાર, અતિશ્રમ, અતિવાતચીત, અનિયમપણું, લોકોની મધ્યે રહેવું અને લોલુપતા : આ છ વડે યોગસાધના નાશ પામે છે.

પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૭૮):
આકાશ જેમ કાદવથી લેપાતું નથી, તેમ આખા જગતને હણીને પણ જેની બુદ્ધિ લેપાતી નથી, તે (કદાચ કારણસર હિંસા કરી હોય તો પણ અંશમાત્ર દ્વેષભાવનાં અભાવથી) પાપ વડે જોડાતો અર્થાત્ લેપાતો નથી.

પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૮૨):
સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર - એમ ત્રણે મળીને મોક્ષનો માર્ગ બને છે. ૦ રૂચિ, જ્ઞાન અને અનુષ્ઠાન નામની જીવની જે શક્તિઓ છે, તે પુરૂષાર્થ વડે પ્રાપ્ત કરીને, તેને જ નામથી સમ્યગ્ દર્શન આદિ કહેવાય છે.

પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૮૮):
પૃથક્ત્વ-વિતર્ક-વિચાર નામનું ત્રણ યોગની યોનિવાળું અત્યંત નિર્મળ પહેલું શુકલ ધ્યાન સાધુને કહેલું છે. (૧) જેમાં એક અર્થથી બીજા અર્થમાં સંક્રમ, એક શબ્દથી બીજા શબ્દમાં સંક્રમ અને એક યોગથી બીજા યોગમાં સંક્રમ થાય છે, તે સવિચાર કહેવાય છે. (૨) એક દ્રવ્યથી બીજા દ્રવ્યમાં, એક ગુણથી બીજા ગુણમાં, એક પર્યાયથી બીજા પર્યાયમાં (ધ્યાન) જાય, આથી સપૃથક્ત્વ થાય છે. (૩)

પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૮૯):
પોતાના એક આત્મદ્રવ્ય, પર્યાય કે ગુણનું નિશ્ચલતાથી જેમાં ચિંતન કરાય છે, તેને પંડિત પુરુષો એકત્વ જાણે છે. (૧) વ્યંજન, અર્થ અને યોગોમાં પરાવર્તનરહિતનું ચિંતન તે પંડિતો વડે અવિચાર સદ્ધ્યાન કહેલું છે. (૨) ભાવશ્રુતના આલંબનથી શુદ્ધ સ્વાત્માની રમણતાસ્વરૂપ જે ચિંતન કરાય છે, તે સવિર્તક કહેવાય છે. (૩)

પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૯૦):
સત્-અસત્નો વિવેક ન હોવાથી, સંસારકારણ હોવાથી, ઈચ્છા પ્રમાણે બોધ કરવાથી અને (એવા) જ્ઞાનનું ફળ મળતું ન હોવાથી મિથ્યાદ્રષ્ટિનું જ્ઞાન એ 'અજ્ઞાન' છે.

ह्रीँ

પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૯૬):
જેમ મંત્ર આદિના સ્મરણ તથા અગ્નિ આદિના સેવનથી સ્મરણ અને સેવન કરનારને ઉપકાર થાય જ છે, તેમ પૂજ્ય વ્યક્તિઓ ઉપકાર ન કરે, તો પણ તેનાથી પૂજા કરનાર ઉપર ઉપકાર થઈ જ જાય છે.

પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૯૯):
પંચપરમેષ્ઠિનો નમસ્કારમંત્ર કલ્પવૃક્ષ જેવો છે. તેના દરેક અક્ષરે ૧૦૦૮ મહાવિદ્યાઓ રહેલી છે. (૭૬) પંચપરમેષ્ઠિ નમસ્કારના પ્રભાવથી ચોર એ મિત્ર, સર્પ એ ફૂલની માળા, અગ્નિ એ જલવાળું સ્થાન, જંગલ એ નગર અને સિંહ એ શિયાળ બની જાય છે. (૭૭) તે મંત્રનું માત્ર સ્મરણ જ કર્યું હોય તો તે લોકોને મોહ પમાડે છે, શત્રુને ઉખેડી નાંખે છે, પ્રિય વસ્તુનું આકર્ષણ કરે છે, વશ ન થયેલાને વશ કરવામાં કામણરૂપ થાય છે અને ઘાતકને સ્તંભન કરે છે. (૭૮) આ મંત્રનું ધ્યાન કરવાથી તે આ ભવમાં સર્વ આપત્તિઓને દૂર કરે છે, સર્વ મનોરથોને પૂર્ણ કરે છે તથા પરભવમાં રાજ્ય, સ્વર્ગ અને મોક્ષ પણ આપે છે. (૭૯) તેથી શરીર અને વસ્ત્રની શુદ્ધિ કરીને શ્રી પાર્શ્વનાથની પ્રતિમાની પૂજા તથા ધૂપોત્ક્ષેપ વગેરે કરવાપૂર્વક તે મંત્રનો એકાગ્ર મનથી નિરંતર જપ કરવો. (૮૦) - સુકૃતસાર, પંચમઃ તરંગઃ

પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૦૨):
જ્યાં રહસ્યાર્થ શુદ્ધ થાય તે સુપરિશુદ્ધ આગમ છે અને જો ઐદમ્પર્ય સુધી ન પહોંચે તો શુદ્ધ જ્ઞાનના અંશસ્વરૂપ બને છે, કેમકે તે યથાર્થ ગ્રહણ થયું નથી. (૧૨) તેમાં (અન્યના અપરિશુદ્ધ આગમમાં) પણ દ્વેષ ન કરવો, પરંતુ પ્રયત્નપૂર્વક તેનો વિષય શોધવો, કારણકે તેનું પણ સારૂં વચન ભગવાનના આગમથી અન્ય નથી. (૧૩)

પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૦૨):
અન્યના જે શાસ્ત્રવચનોનો અર્થ અસંગત હોય, તે પ્રયત્નપૂર્વક શોધીને તેનો ત્યાગ કરવો (તે સિવાયના સંગત થાય એવા વચનોનો સ્વીકાર કરવો), કારણકે ગુણનું જ ગ્રહણ કરવામાં રસિક એવા પુરૂષો અન્યના અસંગત વચનનો પરિહાર કરવામાં કુશળ સ્વભાવવાળા હોય છે. ખરેખર જે પરમાર્થથી સંગત અન્યનું વચન હોય, તે અન્ય શાસ્ત્રોનું છે એટલે અસંગત જ હોય એવી શંકા ન કરવી. સર્વથા અસંગત હોય તેનો જ ત્યાગ કરવો, એવો આ નિર્વિષયવાળો (મધ્યસ્થ ભાવનો) ઉપદેશ છે. (૧) વળી તે અન્યનું અસંગત વચન પણ પરમાર્થથી 'પ્રભુના આગમનું જ છે'

એમ તેનો સ્વીકાર કરવો. આ પ્રમાણે જ સમ્યગ્દ્રષ્ટિનું મિથ્યાશ્રુત પણ સમ્યક્શ્રુત થાય છે. અન્યના સંગત વચનની અરૂચિ એ તત્ત્વથી દ્રષ્ટિવાદની અરૂચિ જ થઈ કહેવાય. આ પ્રમાણે 'ઉપદેશ પદ' આદિમાં સુપ્રસિદ્ધ છે. (૨)

પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૦૩):
લોકમાં તે બુદ્ધ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અથવા જિનેશ્વર - એમ કાંઈ પણ કહેવાય, તો પણ તેમાં અર્થભેદ થતો નથી (વીતરાગ ભગવાન નથી એમ કહેવાતું નથી). (૧) જે તેમને આ પ્રમાણે (વીતરાગ) જાણીને ભજે, તેના જ તે પ્રભુ છે. 'મારા પ્રભુ એ જ પ્રભુ છે, તારા પ્રભુ તે પ્રભુ નથી' એ કલેશવાળું આચરણ છે. (૨)

પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૦૭):
સુધર્મિષ્ઠ, સૌભાગ્યશાળી, નિરોગી, સુસ્વપ્ન આવતા હોય એવો, સારા ન્યાયવાળો, કવિ-આવા ગુણવાળો મનુષ્ય પોતાનો આત્મા સ્વર્ગથી આવેલો અને સ્વર્ગમાં જનારો છે, એમ સૂચવે છે. (૧) નિર્દંભી, દયાવાન, દાનવીર, ઈન્દ્રિયોનું દમન કરનાર, હોંશિયાર, હંમેશા સરળ - આવા ગુણવાળો આત્મા મનુષ્ય યોનિમાંથી આવેલો તથા ફરી ત્યાં જ જનારો હોય છે. (૨) માયા, લોભ, ભૂખ, આળસ, વધુ પડતો આહાર વગેરે ચેષ્ટાઓ વડે માણસ પોતાને તિર્યંચ યોનિમાંથી આવેલો અને તેમાં જ ઉત્પન્ન થનારો સૂચવે છે. (૩) રાગવાળો, સ્વજનોનો દ્વેષી, દુર્ભાગી, મૂર્ખનો સંગ કરનાર મનુષ્ય પોતાને નરકમાંથી આવેલો અને નરકમાં જનારો સૂચવે છે. (૪)

પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૦૮-૧૦૯):
સત્ત્વગુણનું વર્ણન : ગતિ કરતાં વધારે સારો વર્ણ, વર્ણ કરતાં વધારે સારો સ્વર, સ્વર કરતાં વધારે સારું સત્ત્વ છે, કારણકે જેવું સત્ત્વ તેવા ગુણો હોય છે. (૧) આ જ જન્મમાં સત્ત્વની વૃદ્ધિ કરવાના ઉપાયો છે અને તે આ પ્રમાણે છે : જ્ઞાન, વિજ્ઞાન, ધૈર્ય, સ્મૃતિ અને સમાધિ. (૨) બ્રહ્મચર્ય, દયા, દાન, નિઃસ્પૃહતા, અમૃત, તપ અને સર્વત્ર ઉદાસીનતા : એ ૭ સત્ત્વશુદ્ધિના ઉપાયો છે. (૩) જેમ ક્ષાર (સાબુ), હાથ, વસ્ત્રાદિ વડે શુદ્ધ કરાતું દર્પણ શુદ્ધ થાય, તેમ શુદ્ધિના ઉપાયો વડે મલીન એવું સત્ત્વ પણ વિશુદ્ધ થાય છે. (૪) વારંવાર સેવાતા આ ભાવો ભાવસ્નેહ (રાગ-દ્વેષ)નું નિરાકરણ કરીને અંતરાત્માને શુદ્ધ કરે છે, એમાં કોઈ સંશય નથી. (૫) શુદ્ધ થયેલા આ આત્મામાંથી મલનો સંચય નીકળી જાય છે, તેથી લેશ્યા શુદ્ધ થાય છે અને તેને જ અહીં 'સત્ત્વ' કહેવાય છે. (૬) સત્ત્વ શુદ્ધ થયે છતે લક્ષણો બહારથી પણ ગુણ કરે છે અને અપલક્ષણો કે દોષો બાધક બનતા નથી. (૭)

મનુષ્યની શોભા એ રૂપ છે. રૂપની શોભા એ ગુણ છે. ગુણની શોભા એ જ્ઞાન છે. જ્ઞાનની શોભા એ ક્ષમા છે. (૮)

પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૧૦):
મહાવ્યાધિથી પીડાયેલાને કુપથ્ય ભોજનનો અભિલાષ જેમ દુઃખ આપનારો થાય છે, તેમ સંપાદન થતો રાગ પણ દુઃખ આપનારો અને દુષ્ટ વિષયવાળો થાય છે. (૧) બખોલમાં રહેલો દાવાનલ જેમ વૃક્ષને તરત બાળે છે, તેમ ઉત્પન્ન થતો દ્વેષ પણ જીવોને બાળે છે. (૨) ક્રોધ વગેરે સર્વ પાપો કરતાં વધારે કષ્ટરૂપ અજ્ઞાન છે, કારણકે તેનાથી ઢંકાઈ ગયેલા લોકો અર્થને, હિતને કે અહિતને જાણતા નથી.(૩)

પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૧૦):
મદ-માન-કામદેવ-ક્રોધ-લોભ-વિષયરસ વડે અત્યંત પરાભવ પામેલા બીજા દેવોમાં સામ્રાજ્યનું તેજ ફોગટ જ છે, તો ય જો બ્રહ્માદિદેવો રાગાદિ દોષની કાળાશ વિનાના, સતત જ્ઞાનાનંદ સ્વરૂપવાળા છે, તો તેઓનો પણ અમે અસ્વીકાર કરતા નથી.

પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૧૧):
પ્રભુને કરેલો નમસ્કાર 'પરમાત્મા'ના વિષયવાળો હોવાથી ઉપમાતીત છે. જે શ્રેષ્ઠ કલ્પવૃક્ષ - પવિત્ર ચિંતામણિરત્ન છે, તે નવકારમંત્ર છે. પંડિતો તે પ્રમાણે કહે છે. (૧) કલ્પવૃક્ષ સમાન મહાન ફલવાળો આ મહામંત્ર માત્ર કલ્પનાતીત ફલ આપે છે એટલું જ નહીં, સર્વ દુઃખ રૂપી વિષને પણ દૂર કરે છે. (૨) પુન્ય મોક્ષ માટે થતું નથી અને ચિંતામણિ રત્ન પણ મોક્ષ આપી શકતું નથી, તો પછી (હે પ્રભુ!) તમને કરાયેલો નમસ્કાર એ પુન્ય અને ચિંતામણિ સમાન કેમ કહેવાય છે? (૩)

પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૧૧-૧૧૨):
સર્વજ્ઞનો અપલાપ કરવાના પાપવાળા હે દુર્વાદી! મનુષ્ય હોવાથી નિંદાના બહાને દેવાધિદેવનો તું અપલાપ કરે છે તે... આ...! ખેદની વાત છે. પૂર્વભવમાં અત્યંત પુન્ય ઉપાર્જન કરેલા, દેવના ભવમાં મળેલા અનુપમ સુખને અનુભવીને દુઃખરૂપી કાદવમાં ખૂંપેલા, અખિલ જીવલોકનો ઉદ્ધાર કરવાની ઈચ્છાવાળા, નરકમાં પણ ક્ષણવાર માટે સુખદાયી અમૃતની વર્ષા કરનારા પ્રભુ, મનુષ્યલોકમાં અવતર્યા. જન્મ સમયે જ આસન ચલાયમાન થતાં બધા ઈન્દ્રોએ જન્મ મહોત્સવ કર્યો. 'હું પહેલો, હું પહેલો' એ રીતે પોતાને સેવક માનતા દેવો વડે સેવા કરાતા, સ્વયં સામેથી આવેલી વિશાળ સામ્રાજ્યલક્ષ્મીને તૃણની જેમ છોડીને, તૃણ-મણિ, શત્રુ-મિત્ર પ્રત્યે

શ્રીँ

સમાન વૃત્તિવાળા પ્રભુના પોતાના પ્રભાવથી ઈતિ - મરકી વગેરે ઉપદ્રવો શાંત થયા. શુકલધ્યાનના અગ્નિમાં ઘાતિકર્મો બળવાથી જડ-ચેતન (સત્-અસત્) સર્વ પદાર્થોનું સ્વરૂપ પ્રકાશનારૂં કેવળજ્ઞાન પ્રગટ થયું. તેના બળથી સકલ જીવલોકના મોહ પ્રસરને દળી નાંખનારા પ્રભુએ દેવ-દાનવો દ્વારા બનાવાયેલા સમોવસરણમાં બેસીને, પોતપોતાની ભાષામાં સૌને સમજાય એવી વાણી વડે ધર્મતીર્થને પ્રવર્તાવ્યું. ચોત્રીશ અતિશય રૂપ તીર્થનાથપણાની લક્ષ્મીને ભોગવીને સકલ કર્મના ક્ષયથી પરંબ્રહ્મના સતત આનંદમય મોક્ષને પામ્યા. ૦ 'મનુષ્યપણાના કારણે' સામાન્ય મનુષ્યની સાથે આવા સર્વજ્ઞ ભગવંતોની સરખાવી અપલાપ કરતો તું, મેરુ પર્વતને પૃથ્વિત્વના કારણે માટીના ઢેફાની સાથે સરખામણી કરવા દ્વારા અપલાભ કરે છે અને વળી, સદા સ્ત્રીને અંગમાં રાખવાથી સંભોગના દુષ્ટાચરણવાળા, વિવિધ શસ્ત્રોના સમૂહને ધારણ કરનારા, રૂદ્રાક્ષાદિ ધારણ દ્વારા ચંચળ મન અને સંયમવાળા, રાગ-દ્વેષ-મોહયુકત મલિનતાવાળા બ્રહ્માદિમાં સર્વજ્ઞપણાનું સામ્રાજ્ય (કયાંથી સંભવે)?

પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૧૩):
જે તે (કોઈપણ) સમયે, જે તે (કોઈપણ) રીતે, જે તે (કોઈપણ) નામ વડે, જે કોઈ દોષની કાળાશ વિનાના છે, તે ભગવાન આપ એક જ છો. હે ભગવન્! આપને નમસ્કાર હો. આ પ્રમાણે ફકત બ્રહ્માદિ દેવોના વિષયવાળી શ્રુતિ-સ્મૃતિ-પુરાણ અને ઈતિહાસ કથાઓ અસત્ય કરવાનો પ્રસંગ આવશે.

પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૧૩):
ધર્મહેતુ સિદ્ધ કરવો અર્થાત્ હિંસાદિમાંથી પાછા ફરવાનું સિદ્ધ કરવું. ૦ 'પ્રસાધનમ્' શબ્દમાં એકવચન કરવાનું કારણ એ કે સંપૂર્ણ સાધનો આમાં કહેવાઈ જાય છે એમ જણાવવું છે (પ્રકૃષ્ટફલનો અયોગ નહીં જ થાય, એમ સિદ્ધ કરે છે). ૦ ભાવ ઉદકાત્ = પરમાર્થથી પાણી હોય તેનાથી ૦ દ્વેષાગ્નિ = મત્સર - ઈર્ષ્યા - અસૂયારૂપી હિંસા, જૂઠ, અજ્ઞાનાદિ વડે ધમધમતો, ઉપશમ વગેરે ગુણને નાશ કરનાર.

પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૧૪):
પરમ = ઘાતીકર્મ ક્ષય થયા હોય એવા આત્માને પરમાત્માને, પ્રણામ કરીને = અતિશય શ્રદ્ધાથી નમીને, ભકિત = આરાધ્યનું જે જ્ઞાન, શ્રદ્ધા = ફલ અવશ્ય મળશે અથવા આ આમ જ છે એવો નિશ્ચય. શ્રુત્વા = તાત્પર્યથી જાણીને, તત્ત્વ વિનિશ્ચય = પ્રમાણ કે અપ્રમાણનો વિવેક પ્રામાણ્ય નિશ્ચય = ઉપાદેય (આચરવા યોગ્ય)માં

ह्रीँ

સ્થિરતાપૂર્વક પ્રવૃત્તિ કરાવવા વડે ઉપયોગ થાય જ અને બીજી બાજુ અપ્રમાણતાનો નિશ્ચય કરીને તે માટેની પ્રવૃત્તિથી વિપરિત પ્રવૃત્તિ કરાવે. સંસ્થિતિ = યોગ્ય, સત્ય વિષયવાળી સ્થિતિમર્યાદા.

પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૧૧૪-૧૧૫):
ધર્મથી અવિરુદ્ધ વચન તે અનૃત કે સત્ય કહેવાય. ધર્મના અવિરોધ વડે બીજાનું દ્રવ્ય લેવું તે અદત્તાદાન કહેવાય. સ્ત્રી-પુરૂષનો સંભોગ તે અબ્રહ્મ કહેવાય. તત્ત્વની અશ્રદ્ધા તે મિથ્યાત્વ કહેવાય. શુદ્ધ આશયરૂપ ધર્મના એ લક્ષણો છે. ૦ સુખના ઉપાયમાં પ્રવૃત્તિથી જ સુખની ઉત્પત્તિ થાય છે. સ્વભાવથી જ સુખની ઈચ્છા અને દુઃખના દ્વેષવાળા પ્રાણીઓને સુખના ઉપાય રૂપ ધર્મમાં અનિચ્છા અને દુઃખના ઉપાય રૂપ અધર્મમાં જ ઈચ્છા થાય, એ ખરેખર મોહ મહારાજાની આજ્ઞાનો વિલાસ છે. ૦ સુખ-કલ્યાણ ઈચ્છનારે હિતની ઈચ્છા અર્થાત્ અનુગ્રહ બુદ્ધિથી શ્રદ્ધાનો પરિગ્રહ કરવો. માનવો ધર્મના ફળને ઈચ્છે છે પણ ધર્મને ઈચ્છતા નથી. પાપના ફળને (દુઃખને) ઈચ્છતા નથી, તો પણ પાપને આદરપૂર્વક કરે છે.

પરિશિષ્ટ - ૨૨ (પૃષ્ઠ ૧૧૫):
અહિંસા-ક્ષમા વડે ક્રોધ, બ્રહ્મચર્ય-વસ્તુની વિચારણા વડે કામ, અચૌર્ય-અપરિગ્રહરૂપ સંતોષ વડે લોભ, યથાર્થ જ્ઞાનરૂપ સત્ય અને વિવેક વડે મોહ, (આ રીતે) હિંસાદિના મૂલભૂત સર્વ કષાયોની નિવૃત્તિ થાય છે. ૦ અહિંસા વડે મૂલગુણનો ઘાત કરનાર (અનંતાનુબંધી આદિ) કષાયો દૂર થવા છતાં સંજ્વલન ક્રોધાદિની નિવૃત્તિ તો ક્ષમાદિ ઉત્તરગુણના સામ્રાજ્યથી જ થાય. પરિષહાદિ આવે ત્યારે સંયમીને પણ કંઈક બાળે છે. આવી વ્યુત્પત્તિથી યુકત ક્રોધાદિ એ સંજ્વલન ક્રોધાદિ કહેવાય છે.

પરિશિષ્ટ - ૨૩ (પૃષ્ઠ ૧૧૬):
ઉપદેશ એટલે ભગવાનનું વચન. તે સંસારસમુદ્રમાં વહાણ જેવું છે. તે સાંભળવા માત્રથી પણ ઈચ્છિત સિદ્ધ થાય છે, તો તેના અર્થજ્ઞાનથી તો નક્કી ઈચ્છિત સિદ્ધિ થાય. ૦ ઉદ્યત વિહારમાં તત્પર આદિ ધર્મ આચરનારાના મુખકમળનું દર્શન કરવું એ પણ પરમ બોધિલાભનું કારણ છે, કારણકે તેનાથી ગાઢ કર્મો પણ ક્ષય થાય. આ ભાવ પણ નિશ્ચયથી દુઃખક્ષયનું કારણ છે. ૦ વિઘ્નધ્વંસ જ મંગલનું કારણ છે. સ્વાધ્યાય, પ્રાયશ્ચિત્ત વગેરે પણ મંગલસ્વરૂપ છે. શાસ્ત્રમાં કહેલા સ્થળે વિનય હાથ-મસ્તકાદિના વિશેષ સંયોગ દ્વારા પ્રગટ થતું મનનું પરિણામ ધર્મનું મોટું સાધન છે.

ઉપદેશાદિ વડે ચારિત્રમાં પ્રતિબંધક કર્મના ક્ષયોપશથી ચારિત્રધર્મ પ્રાપ્ત થાય છે. ભાવ એટલે સામ્ય સ્વરૂપ, જેને બીજા દર્શનકારો પ્રશાંતવાહિતા કહે છે. ૦ સામ્ય એટલે કે દ્વેષના ઉપશમ દ્વારા શુદ્ધ ઉપયોગસ્વરૂપ ધર્મમાં મૈત્રીભાવ જોડાય છે. તૃષ્ણા હોય તો હિંસા - અસત્યાદિ દોષો અવશ્ય હોય જ છે.

પરિશિષ્ટ - ૨૪ (પૃષ્ઠ ૧૪૪):
માતા એટલે જનની, પિતા એટલે જનક. તેઓને ત્રણે સંધ્યાએ પ્રણામ કરવા વડે, પરલોકે હિત થાય એવા ધર્મમાં જોડાવા વડે, સૌ કાર્યોમાં તેમની આજ્ઞા માંગવા વડે, સારા રંગીન સુગંધી પુષ્પો, ફળો વગેરે વસ્તુઓ તેમને આપવા વડે, તેઓ જમે પછી જ જમવું અને બીજી પણ તેમની ચિંતા કરવા વડે તેઓની પૂજા કરનાર હોય.

પરિશિષ્ટ - ૨૫ (પૃષ્ઠ ૧૪૫):
૧૦ ઉપાધ્યાય બરાબર એક આચાર્ય, ૧૦૦ આચાર્ય બરાબર એક પિતા, ૧૦૦૦ પિતા બરાબર એક માતા છે, એમ ગૌરવપૂર્વક કહેવાય છે (માતા સૌથી ચડિયાતી છે).

પરિશિષ્ટ - ૨૬ (પૃષ્ઠ ૧૪૫):
દૂર કર્યા છે પ્રાણિવધ અર્થાત્ હિંસાદિ સર્વ દોષો તથા વસ્તુના સ્વભાવને જોવાના સ્વભાવવાળા એવા આ મુનિઓને ક્ષયોપશમભાવથી મળેલા સમતા, ઈન્દ્રિયદમન, ઔચિત્ય, ગંભીરતા, ધૈર્ય વગેરે ગુણોમાં જે પક્ષપાત, વિનય, વંદન, સ્તુતિ, પ્રશંસા, વૈયાવચ્ચ વગેરે કરવા વડે પોતે અને બીજાએ કરેલી પૂજાથી ઉત્પન્ન થયેલ બધી ઈન્દ્રિયો દ્વારા વ્યકત થતો મનનો આનંદ, તે પ્રમોદ કહેવાય છે.

પરિશિષ્ટ - ૨૭ (પૃષ્ઠ ૧૪૫-૧૪૬):
ગુણ પક્ષપાતી એટલે કે સૌજન્ય, ઉદારતા, દાક્ષિણ્ય, સ્થિરતા, પ્રિય, પહેલાં પોતે બોલાવે (નમ્રતા), જેવા ગુણોમાં સ્વપરને ઉપકારક આત્મધર્મોમાં પક્ષપાતવાળો. પક્ષપાત એટલે બહુમાન, તેની પ્રશંસા કરવી, તેમને સહાયાદિ અનુકૂળ પ્રવૃત્તિ. ગુણમાં પક્ષપાતવાળા જીવો જ નક્કી ફળ આપે એવા પુન્યબીજને સ્થાપન કરીને આલોક-પરલોકમાં ગુણસમૂહની સંપત્તિ પામે છે. ૦ તથા વૃત્ત એટલે અનાચારનો ત્યાગ અને સમ્યગ્ આચારનું પાલન. તેમાં રહે તે વૃત્તસ્થ કહેવાય. જ્ઞાનવૃદ્ધ એટલે કે હેયોપાદેય વસ્તુના નિશ્ચય વડે મહાન હોય તે. વૃત્તસ્થા અને જ્ઞાનવૃદ્ધોનો પૂજક હોય. પૂજા એટલે સેવા, અંજલિબદ્ધ પ્રણામ, આસન આપવું, ઉભા થવું વગેરે. પૂજ્ય પુરૂષોની પૂજા કલ્પવૃક્ષની જેમ સદુપદેશાદિ ફળો વડે હિતમાં નક્કી ફળે છે અર્થાત્

પૂજ્ય પુરૂષોની પૂજાથી નક્કી હિત થાય છે.

પરિશિષ્ટ - ૨૮ (પૃષ્ઠ ૧૫૬):
મોક્ષ પામવાની ઈચ્છાવાળા જીવે સ્વ અને પરમાં સમાન મનવાળા થઈને સ્વ-પર ઉપકાર માટે પ્રયત્ન કરવો જોઈએ.

પરિશિષ્ટ - ૨૯ (પૃષ્ઠ ૧૫૬):
ઔષધના સામર્થ્યથી પારાના ૧ કર્ષમાં ૧૦૦ કર્ષ સોનું સમાઈ જાય છે અને તોલવામાં એક કર્ષથી અધિક થતું નથી. (૧) વળી ઔષધના સામર્થ્યથી ૧૦૦ કર્ષ સોનું અને ૧ કર્ષ પારો - એમ બંને છૂટા પણ પડે છે. (૨)

- દ્રવ્યલોકપ્રકાશ, સર્ગ-૨, ૪૭-૪૮

પરિશિષ્ટ - ૩૦ (પૃષ્ઠ ૧૬૧):
આકિંચન્ય ધર્મ મુખ્ય હોય બ્રહ્મમાં તત્પર, હંમેશા આગમ વિશુદ્ધ સંયમ પાળતા હોય અને ખરેખર બધા આચારો ઉજ્જવલ રીતે પાળતા હોય, તેનું સંયમ જીવન એક વર્ષમાં અનુત્તર વિમાનના દેવોના સુખથી ચડિયાતું સુખી હોય છે.

પરિશિષ્ટ - ૩૧ (પૃષ્ઠ ૧૬૪):
વિદ્યા-વિનયથી યુકત બ્રાહ્મણ હોય કે ગાય હોય, હાથી હોય, કૂતરી હોય કે ચંડાલ પુરૂષ હોય, પંડિત પુરૂષો આ બધા ઉપર સમદ્રષ્ટિવાળા હોય છે. ૦ જેઓનું મન સામ્યભાવમાં રહેલું છે, તેઓ વડે અહીં જ સંસાર જીતાયો છે. બધા જ જીવોનું આત્મતત્ત્વ - બ્રહ્મ એકસરખું અને નિર્દોષ છે, તેથી તે જીવો બુદ્ધ એટલે આત્મતત્ત્વમાં રહેલા છે. - ભગવદ્ ગીતા, અધ્યાય ૫, ૧૮-૧૯

પરિશિષ્ટ - ૩૨ (પૃષ્ઠ ૧૬૭):
માત્ર ચિતરેલી અથવા અલંકારાદિથી સાજ સજેલી નારીને જોવી નહિં. કદાચ દષ્ટિ પડી જાય તો સૂર્ય તરફ દષ્ટિ પડવાથી જેમ તુરંત પાછી ફરે છે, એમ નારી તરફથી દષ્ટિ પાછી ખેંચી લેવી. - દશવૈકાલિક, ૮-૫૫

પરિશિષ્ટ - ૩૩ (પૃષ્ઠ ૧૬૯):
જેનાથી ભૌતિક આબાદી અને મોક્ષની સિદ્ધિ થાય, તે ધર્મ છે. જેનાથી સર્વ પ્રયોજનની સિદ્ધિ થાય તે ધન છે. જેનાથી અભિમાનવાળા રસથી યુકત સર્વ ઈન્દ્રિયો ખુશ થાય, તે કામ છે.

પરિશિષ્ટ - ૩૪ (પૃષ્ઠ ૧૬૯):
વસ્તુ-અવસ્તુ, કૃત્ય-અકૃત્ય, સ્વ-પરનું અંતર અથવા ભેદ જે નિશ્ચય કરે છે, તે અથવા વિશેષ એટલે કે આત્માના જ ગુણ-દોષવાળું સ્વરૂપ જે જાણે, તે વિશેષજ્ઞ છે. અવિશેષજ્ઞ પુરૂષ પશુ સમાન છે. ૦ પોતાની ઉપર બીજાએ કરેલા પરોપકારને જે જાણે છે પણ છુપાવતો નથી, તે કૃતજ્ઞ છે. આ પ્રમાણે જ તેને ધર્મનો લાભ થાય છે, કારણકે તે ઉપકારીને બહુમાન આપે છે. ૦ દયા સાથે અર્થાત્ દુઃખી જીવોના દુઃખ દૂર કરવાની અભિલાષા વડે વર્તે, તે સહૃદય કહેવાય. 'ધર્મનું મૂળ દયા છે' એમ જ્ઞાની પુરૂષો કહે છે, તેથી અવશ્ય દયા કરવી જોઈએ.

પરિશિષ્ટ - ૩૫ (પૃષ્ઠ ૧૭૩):
પત્ની = જેના વડે વશીકરણ કરાયેલ પ્રાણી દુઃસહ એવા દુર્ગતિના કષ્ટમાં પડે છે તે. રાક્ષસી = લોહી શોષનારી - માંસ ખાનારી. જ્ઞાન = વસ્તુનો મૂળથી માંડીને અંત સુધીનો યથાર્થ સ્વરૂપ દેખાડનાર બોધ. કાલ = દિવસનો બીજો પ્રહર વગેરે અથવા યુવાવસ્થાદિ. અકાલ = રાત્રી વગેરે રૂપ અથવા બાલ-વૃદ્ધ અવસ્થાદિ રૂપ. धावति = મોટા જંગલ, સમુદ્ર વગેરેને ઓળંગીને જાય છે. त्राणाय = કોઈક ભાગ્યયોગથી આવેલી વિપત્તિઓથી રક્ષણ કરવા માટે. शरणाय = સ્વસ્થતા મેળવવા માટે. મમત્વને = 'આ પુત્ર વગેરે મારા છે' એવી પરિણતિમાત્રનાં કારણ વડે આત્મા સિવાયની વસ્તુમાં મમત્વ વગેરેનો સંબંધ, અવસ્તુરૂપ અર્થાત્ ત્રણે ભુવનમાં ન હોય એને જુએ છે. ૦ પ્રાણો = ભાવથી ધર્મજીવનસ્વરૂપ વ્રત વગેરે, દ્રવ્યથી આયુષ્ય-ઈન્દ્રિય વગેરે, મમતાથી આંધળો એટલે કે ન હોય તેવું જોનારો.

પરિશિષ્ટ - ૩૬ (પૃષ્ઠ ૧૭૪):
વર્તન = પ્રવૃત્તિ. રાગી = પ્રેમયુકત. મમત્વ વડે = મારાપણાથી. આંધળો = વિવેકચક્ષુરહિત. મુગ્ધા = સરળ પરિણામવાળી સ્ત્રી. અમેધ્ય = અપવિત્ર.
ભિન્ના = જુદું અસ્તિત્વ ધરાવનાર હોવાથી ભેદ એટલે કે પરસ્પર સંબંધનો અભાવ.
સ્વત્વ = સ્વામીપણું વિચારવું. સ્વીયત્વ = મારાપણું વિચારવું, મિથ્યાજ્ઞાનમાં અહંભાવ એટલે અહંતા અર્થાત્ 'હું આ ધન વગેરેનો સ્વામી છું' એવી બુદ્ધિ.
જીજ્ઞાસા = જાણવાની ઈચ્છા - તત્ત્વવિચારણા. વ્યાસંગ = વ્યામોહપણું અર્થાત્ આસક્તિ. તત્ત્વપ્રાપ્તિ = વસ્તુના સારાંશનું જ્ઞાન. સંભ્રાન્ત = ભયવાળો.
સમતા = બધા જીવો પ્રત્યે સમભાવ, સર્વ પુદ્ગલો પ્રત્યે ગમા-અણગમાના ભાવને દૂર કરવા વડે સમાનવૃત્તિ.

ह्रीँ

પરિશિષ્ટ - ૩૭ (પૃષ્ઠ ૧૭૫-૧૭૬):

વિવેક = તત્ત્વ - અતત્ત્વ વગેરે યથાર્થ વિચાર. नाशकौ = અંત કરનાર. વ્યવહારથી = પ્રવૃત્તિ-નિવૃત્તિના કારણનું. નિશ્ચયથી = તાત્પર્ય વિચારવાથી કોઈ પદાર્થ સર્વથા ગમતો નથી જ. વિકલ્પ = મનનો અભિપ્રાય, વિષયોમાં સુખના જ્ઞાનસ્વરૂપ ભ્રમ છે, તેનો ક્ષય. વિષયો = શબ્દાદિ અને ઈચ્છાદિ, સમતા = સર્વત્ર તુલ્યતા, સમદ્રષ્ટિપણું. ધર્મજીવન સ્થાન = નિઃસ્પૃહતા. भावजैनता = શુદ્ધ ઉપયોગથી જૈનપણું. स्थाने स्याद्वाद = મર્યાદા વડે યથાર્થ વસ્તુસ્વરૂપમાં અને મોક્ષ આરાધનાપણામાં. ज्ञानस्य = શ્રુત અધ્યયનનું. कुग्रहेण = દુષ્ટ જ્ઞાન વડે એકાન્ત ગ્રહણ કરનાર. ભસ્મ = રાખ જેવું અસાર. ૦ 'બધા પ્રાણી સુખને પ્રિય માનનારા, દુઃખના દ્વેષવાળા, મૃત્યુના ભયવાળા અને જીવનની ઈચ્છાવાળા હોય છે, આથી મારે બધા જીવોનું હિત જ કરવું જોઈએ, કારણકે બધા મારા જેવા જ ધર્મવાળા છે' આ પ્રમાણે સમત્વ ભાવવું.

પરિશિષ્ટ - ૩૮ (પૃષ્ઠ ૧૭૬):

અધ્યાત્મ પ્રસાદથી = પ્રસન્ન મનથી. અનુભવ = ભ્રમ વગરનું, યથાર્થ વસ્તુસ્વરૂપને ગ્રહણ કરનાર, પ્રમાણથી ઉત્પન્ન થયેલ જ્ઞાન. પ્રિય = ગમતું. રહસ્ય = મોહવાળા જીવોથી છુપાવવા યોગ્ય, પરમાર્થ. અભ્યાસ = ફરી ફરી સેવવું. उत्तरलं = ઉત્સુક. યોગ = આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવાનો ઉપાય. ક્ષિપ્ત = વિષય - રાગાદિમાં મગ્ન. મૂઢ = ઉભયલોકમાં વિવેક વગરનો. વિક્ષિપ્ત = થોડોક રાગી, થોડોક વૈરાગી. એકાગ્ર = સમાધિમાં સ્થિર. નિરૂદ્ધ = બાહ્યવિષયનો ત્યાગ કરીને સ્વરૂપમાં જ આવેલો. સત્ત્વગુણોત્કર્ષથી = આત્મવીર્ય ઉલ્લસીત થવાથી. વિક્ષિપ્ત = સંસારભયથી ત્રાસેલો. સાનન્દ = ધર્મપ્રેમી, ધર્મમાં ખુશીવાળો. નિરાલંબ = પોતાના આત્મામાં જ વ્યાપીને રહેલો, બાહ્યવિષયોરહિત. શાન્ત = સમતા અને નિર્વેદવાળો. શાન્ત = નિર્વિકાર.

પરિશિષ્ટ - ૩૯ (પૃષ્ઠ ૧૭૭):


સહજ = સ્વભાવસિદ્ધ. શાન્ત = વિભાવના વિકારથી રહિત, જ્યોતિ = સર્વ પદાર્થોનો બોધ કરાવનાર ચેતનાશકિત. પરમાત્મા = શુદ્ધ-આત્મચૈતન્યની મૂર્તિ. અધિકાર = વ્યાપાર. ઉપાધિ = કર્મથી ઉત્પન્ન થયેલ વિભાવ. પરમાત્મા = પરબ્રહ્મ. અજ્ઞાન = અણસમજ. જ્ઞાન = આત્મસ્વરૂપ બોધ, અપ્રમાદ = કરવા યોગ્યમાં જ કરવાની બુદ્ધિ. પરતા = ઉદ્યમપ્રકર્ષતા. મોહજય = મોહોદયનો પરાભવ.

ह्रीं

કુશલ અનુબંધ = કુશલ એટલે કે મોક્ષ, તેનાં અનુયાયીપણાથી યુક્ત. બ્રહ્મભૂય = બ્રહ્મપણું, બ્રહ્મભૂમિ મુક્તિ. બ્રહ્મ = નિર્વિકાર શુદ્ધ ચૈતન્ય આચારરૂપ. યોગ = મોક્ષાદિ હિતની પ્રાપ્તિનો ઉપાય. ઇચ્છાયોગ = તેને કરવું - સાંભળવું અને ઉપદેશમાં ખુશી પ્રગટ કરવી.

પરિશિષ્ટ - ૪૦ (પૃષ્ઠ ૧૭૮):
યત્ન = પ્રયત્ન, અજ્ઞાન = વિપરીત બોધ અથવા અબોધ. પરિચય = જાણેલાનું ફરી જ્ઞાન થવું અને નહીં જાણેલાનો સંબંધ થવો. પ્રસિદ્ધ = ન પ્રગટ હોય, તે પ્રગટ થાય, વસ્તુને જાણનારા ન થાય અર્થાત્ આત્મશબ્દાર્થ ઉચ્ચારવા છતાં પણ આત્મસ્વરૂપથી અજાણ. શ્રદ્ધા = પરિપકવ અનુભૂતિ, સર્વજ્ઞ ભગવાને કહેલા વચનમાં શુદ્ધ વિશ્વાસ. પાપિષ્ઠ = પાપપ્રિય. આઢય = પૂર્ણ. રાગ = પ્રેમ. આત્મનિગ્રહ = મનનો જય. શૌચ = વ્રતની પવિત્રતા. સ્થૈર્ય = આપત્તિમાં ધીરતા. જ્ઞાનવતાં = યથાર્થ જ્ઞાનવાળાને. દ્રશ્યા = હૃદયરૂપી આંખ વડે જોવા યોગ્ય. પ્રકાર = આત્મસ્વરૂપ અર્થાત્ સરખાપણાથી પ્રવૃત્તિ કરવી. વૈરૂપ્ય = વિપરીતપણે અર્થાત્ અન્યરૂપે થવું. હિતકારી = સારી અને ગમતી વસ્તુ સિદ્ધ કરનાર, મંગલ કરનાર.



ઉપર દર્શાવેલ ૨ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૪૭-૧૯૫૩-૧૯૫૭-૧૯૫૯નાં સમયગાળામાં લખાયેલ છે, જે અહીં સંકલિત કરેલ છે.

ૐ હ્રીં નમઃ

| | | | | |
|---|---|---|---|---|
| ૐ | ૬ | ૧ | ૮ | ૐ |
| હ્રીં | ૭ | ૫ | ૩ | હ્રીં |
| નમઃ | ૨ | ૯ | ૪ | નમઃ |

૪૫ ૐ હ્રીં નમઃ

ૐ
હ્રીં
સિદ્ધચક્રાય
નમઃ

## श्री सिद्धचक्र मंत्र

ॐ ह्रीं श्रीं विमलेश्वर चक्रेश्वरी पूजिताय
(श्री) सिद्धचक्राय नमः ॥

ૐ હ્રીં શ્રીં અરહંત નવપદ સિદ્ધચક્રાય નમઃ ।

ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લીં ऐं अर्हं શ્રી સિદ્ધચક્રાય નમઃ ।

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in